ચેગેમ્બર કહેછે—તેમજ દુનીયા વર્જુના પયગામબરોની એ જન્મભુમિ છે. ત્યાંના વતનીઓ પ્રાચીન કાળમાં મહા જ્ઞાની હતા, પરંતુ જ્યાં સુધી સર્વે આર્યનમાં ખપતા અને એકલા એકજ ખોદાને માનતા હતા ત્યાંસુધી તે મુલક કિરતારને પ્યારો રહયો; પછીથી જ્યારે આદમીઓએ ધર્મ ઉપરથી ધ્યાન ઉઠાડી મુકવા માંડયું અને લોભ લાલચ તેમજ મહારૂં ત્હારૂં કરવા માંડયું ત્યારે ધરતીના તે પવિત્ર ભાગ ઉપરથી અશોઇ અને ઐકયતા ઓછી થવા માંડી કે બધી વાતે પડતી શરૂ થઈ અને અજ્ઞાનતાના અંધકારમાં ત્યાંની પ્રજા ડુબવા લાગી. તે વખતે યુરપમાં એકજ ધર્મની માન્યતાથી આપણા લોકોની ચઢતી થવા માંડી, આપણે કેળવણીમાં ઘણા આગળ વધી ગયા. અને જે જબરો મતાંતર આપણાં ક્રીશચનો રોમન કેથોલીકો અને પ્રૉટેસ્ટંટ વચ્ચે અગાઉ રહેતો હતો તે આપણે આપણી કેળવણીના જોરે તરતજ દૂર કીધો. આવી ઐકયતાથી આપણી નવીનવી શોધખોલો ઘણી વધી ગઈ અને આપણે હિન્દુસ્થાનમાં પગપેસારો કર્યો. ઇંગ્રેજોના સમાગમમાં આવવાથી ઇનડીયનો હવે પાછા કેળવણીની ખુબીઓ સમજવા લાગીયાછે; પરંતુ આપણે યુરપ્યનો જે એમ બડાઈ લેતા હતા કે સાયન્સની શોધ પ્રથમ આપણેજ કરી હતી, તે આપણી ભૂલ હતી. આપણા ઘણા વખત આગળ

સદીઓ પહેલાં સાયન્સની જાતજાતનાં કળા કૌશલ્ય અને હુન્નરો એ આર્યજનોએ તેમજ ઇરાનના વતનીઓએ શોધી કાઢીયાં હતાં અને તેની નિશાનો આજેબી કોઇ વાર મલી આવેછે."

"ખરેખર!" રોબર્ટે તાજુબીથી પુછીયું.

"હા, તમામ જાતના સુધારા, નવી શોધો અને કેળવણીનો પાયો પહેલાં એશીયામાં નખાયો હતો; આપણે તેને સીવીલાઇઝેશન કહીએછે. જેમ ધરતી ગોળ ફરેછે તેજ પ્રમાણે કુદરતનાં કાર્યો પણ ગોળાકારમાં ચક્કર લેછે, અને એશીઆથી ફરતો સીવીલાઇઝેશન યુરપમાં આવ્યો. ત્યાંથી જાપાન ગયો અને હાલમાં પાછો એશીયા જાએછે. સદીઓ સુધી અંધકારમાં ગબડીયા પછી પાછી એક વાર એશીયામાં જાગૃતી થવા માંડીછે, અને યાદ રાખજે, રોબર્ટ, કે એ પોતાની ચઢતીના વખતમાં ઇન્ડીયનો અને એશીયનોએ સહેજ પણ અહંકાર રાખીયા વગર તમામ સલાહસંપજ જાળવીને, પોતા ઉપર સ્થપાએલાં રાજ્ય તરફની તમામ વફાદારીથી જો આગળ રસતો લેવા માંડીયોછ તો એશીયાની ખરેખરી ચઢતી થશે; પરંતુ જે રાજ્યે તેઓને, સદીઓ સુધી અંધકારમાં સબડતાં પડેલાં બચાવી લઇ કેળવણીનું અજવાળું બતાવીયું તેઓ તરફ નગુણાપણું દેખાડવાનુ અવળું સુજ પડીયું તો એશીયાની ભયંકર પડતી આવશે."

"હું આજે આ બધું નવુંજ સાંભળુંછ. હું તો ત્યાનાં આસામીઓને તદન ગમાર જાણતો હતો, અને તે મુલકમાં અગ્નિ જેવી ગરમી બારે માસ રહેછે તેનાથી ત્યાંનાં આસામીઓમાં કશો ઉત્સાહ કે ઉદ્યમ આવતો નથી એમ ધારતો હતો." રોબર્ટ બોલીયો. "એટલું તો ખરૂં કેની કે ત્યાં ઠારેઠાર વગર અર્થનાં દેહરાંઓ અને દેવની મૂર્તિઓ ઉભાઈ જાએછે ?"

"રોબર્ટ, તારે એમ બોલવું જોઈએ નહી. હું એ મુલકને ખોદાનો પ્યારો કહુંછ તેનું કારણ શું કે એની ચારે દીશાએ ચાર મોટાં દેવાલયો આવેલાંછે, એટલે એ જગીયાએ ચોખંડ ઇશ્વર રક્ષા થાએછે. વળી એમ અસલના એ મહાત્માઓએ ચાર ખુણે દુનીયા વર્ણનાં દેવલો બંધાવીયાં તેમાં તેઓનો હેતુ કેવો પવિત્ર અને દાનેશમંદ હોવો જોઈએ ! જે કોઇ એ ચાર દેવાલયોની જાત્રાએ જાએ તેને આખું હિન્દુસ્થાન ફરી વળવુંજ પડે."

"અને તમે શું એ ચારે દેવલો જોયાં ?" રોબર્ટે ઉલટથી પુછીયું.

"કમનસીબે એક દહેરૂં રહી ગયું. ઉત્તરમાં બદરીનાથ આવ્યું, દક્ષિણમાં જગન્નાથપુરી, પૂર્વમાં શ્વેતબિંદુ રામેશ્વર અને પાશ્ચમમાં દવારકાં. બદરીનાથ

કે જે તરફ હિન્દુઓની શ્રધ્ધા અતિશય છે, તેજ તરફ હું જવા પામીયો નહી. ત્યાંનો રસ્તો અતિ ઘણો વિકટ છે પહેલાં હિમાલયના પહાડ ઉપર જવું પડેછે અને પછી તે કીનચનજંગાને નામે ઓળખાતા બરફના ડુંગરોની તળેટીએ છેક એ દેવલ આવેલું છે. જે લોકો ઉંઘાડે પગે જાએ તે લોકોથીજ તે પહાડ ઉતરી શકાય; બુટ સાથે અજમાએશ કરવી એ જીવનો સોદો જાણવો. બ્રાહમણો જેઓ વરસો સુધી ત્યાં રહેછ, તેઓબી ઘણી મુસીબતે પહાડ ઉતરેછે. બદરીનાથની જાત્રાએ જવાની પ્રતિજ્ઞા કોઇ સહેલા-ઈથી લેતું નથી. વળી ત્યાંના બદરીનાથ દેવનો મોજેજો કાંઇ અજબ કહેવાએછ. એમ છે કે એ દેવલ છ માસ સુધી બરફથી ઢંકાએલું રહેછ અને તેવી વખતે ત્યાં આદમીની હસતી રહી શકતી નથી, અને દેવલના ગુરૂઓ અને ચેલાઓ ત્યાંથી છ માસ જતા રહેછે; પરંતુ દેવને માટે છ માસ ચાલે એટલું સીધું યાને ખોરાકી તેઓ દેવલમાં ભરીને જાએછે. જયારે બરફ પીગળી જાએછે અને ચરંદાં પરંદાંઓ તરફ જવા માંડે છે, ત્યારે, માનવીજાતને વસવા લાયક થયું એમ જાણીને બદરીનાથના પુજારીઓ ત્યાં પાછા જાએછે. તેવી વખતે પેલી છ માસ ચાલી રહે તેટલી ખોરાકી આપ મેળે પુરી થએલી જણાએછે અને બરાબર એક દિવસ ચાલે એટલું સીધું ત્યાં બાકી રહેછે."

નાહાન રોબર્ટ મુછમાં હસીયો પણ શેપરને તદ્દન ગંભીર જોઈ તેણે પુછીયું. "અને એજ પ્રમાણેની દંતકથાઓ ત્યારે બીજાં દેવલો માટે પણ બોલાતી હશે?"

"જગન્નાથપુરી દેવાલય તરફ હું જાતે ગયો હતો." શેપરે ચલાવીયું "ત્યાં જાત્રાએ જનાર બ્રાહ્મણ હોય ઢેડ હોય કે ચમાર હોય પણ તેઓ બધા એક પંગતે બેસીને સાથે ભોજન લઇ શકે?"

"એટલે? કોઈ ઉંચ હોય અને કોઇ નીચ હોય તેઓ સાથે બેસીને ખાએ એમાં તે શું મોટી વાત—"

"માફ કરજે, રોબર્ટ, પણ એમાં તારૂં અજ્ઞાનપણું દેખાએછે. એ હીસાબે તું હિન્દુ ધર્મ સમજતો નથી. એ લોકોમાં બ્રાહ્મણ વર્ગ સર્વેથી ચઢીયાતો કહેવાએછે. અને તેઓ કોઇને હાથનું પકાવેલું ધાન ખાતા નથી. આપણા જેવાબી જો તેમના ખોરાકને ઠાલી સહેજ હાથ લગાડીએ તો તે અપવિત્ર થયો એમ સમજી તેઓ પોતાનું ભોજન ફેંકી દેશે, અને ઢેડ મ્હાર કે ચમાર જેઓ હિન્દુસ્થાનમાં સર્વેથી નીચ જાતો કહેવાએછે, તે લોકોનો તો ઓળોબી પોતા ઉપર પડવા દે નહી; છતાં જગન્નાથ મહાદેવનું ફરમાન એવું છે કે તેની યાત્રાએ આવનાર રાજા કે રંક, બ્રાહ્મણ કે ક્ષુદ્ર એ બધાંએ એક પંગતે બેસીને જમવું,

અને તેથી ત્યાં એમજ કરવામાં આવેછે. મેં તે મારી આંખોએ જોયું હતું," શેપર અટકયોજ નહી.

"દવારકામાં શ્રી કૃષ્ણની રાજ્યધાની હતી, અને આ મહાત્મા, હિન્દુઓને ઘણો પ્રીય હોવાથી ત્યાંની યાત્રાએ દર વર્ષ લાખો હીન્દુઓ જાએછે." અહિં શેપર જરા થોભીયો.

"તમારો હિન્દુસ્થાનનો અનુભવ ઘણોજ સાંભળવા લાયક છે." રોબર્ટ બોલીયો. અને તેની આતુરતા જોઈ શેપરે ચલાવીયું.

"એક બીજાં અતિ પ્રખ્યાત દેવલની મુલાકાત લેવાનો મને બહુજ હાંકરો હતો, પણ કમનસીબે હું તેમાં ફાવીઓ નહી. ઇન્ડીયાની બ્હાર નેપાલ નામનો દેશ છે કે જે આર્યવંશની પહેલી રાજ્યધાની કહેવાએછ અને ત્યાંના રાજયકર્તાઓ સૂર્યવંશી કહેવાએછે, એટલે કે સીધા સૂર્ય સાથનું સગપણ ધરાવતા દેવતાઓમાંથી આ કુળ ઉતરી આવીયુંછે. આજે આખી પૃથવી ઉપર નેપાલના રાજયકર્તા અને ઉદેપુરના રાણા પોતાનાં ખાનદાનમાં ચઢીયાતા કહેવાએછે. રોબર્ટ, તારાં ભવાં ચઢેલાં દેખાએછે! પરંતુ એવું કેહવાએછે કે ૧૯૧૧ની સાલમાં જયારે આપણા જ્યોર્જ રાજા, દરીયાપારની પોતાની હકુમતના

મુલકમાં ગયા, ત્યારે ઉદેપુર રાણાને પોતાના દેવતાઈ કુળના કાયદા મુજબ પોતાનો મુલક મુકી બીજા રાજ્યકર્તાની દરબારમાં હાજરી આપી શકાય નહિ એમ હોવાથી આપણા રાજા જ્યોર્જે ખાનગી મુલાકાતનું માન ઉદેપુરના રાણાને આપ્યું હતું અને તે રાણા દીલ્હી પધારીને એકલા આપણા શાહાનશાહને મળ્યા હતા.

રોબર્ટ તો દંગ થઈ ગયો.

"નેપાલ શહેરની સત્તા માટે હું જયારે તુંને કહેશ ત્યારે તું વધુ અજબ થશે. હું ત્યાં એક આખું વરસ રહયો અને મેં હિન્દુ ધર્મનું જે જ્ઞાન મેળવ્યું તે ત્યાંના ભણેલા પંડીતોના સમાગમમાં આવવાથી છે. પણ હાલમાં હું જે કહેવા માંગું છું તે ત્યાંનું પ્રખ્યાત દેહરૂં છે. તે પશુપતિ મહાદેવનું દેવાલય કહેવાએછે. ત્યાંનો રસતો પણ અતિ ઘણો વિકટ છે. ઇજીપ્ટનાં રણનાં રણો તો અહિં બીસાદમાં નહી જાણવાં; જોકે નેપાલમાં કાંઇ ઉજ્જડ રણ નથી, મગર એવાં તો ગીચ્ચ બીયાબાન જંગલો સેંકડોને સેંકડો માઇલનાં વિસ્તારનાં લંબાએલાંછે કે તેમાંથી થઈને જવું ઘણુંજ મુશકેલ છે. હું એ જંગલોના જંગલી હાથીઓ જોવા ગએલો; ખાસ કરીને ત્યાંનો પ્રાઇમ મીનીસ્ટર હાથીનાં મસ્તકમાંથી મોતી કાઢીને બતાવવા માટે મને સાથે લઈ ગયો હતો—"

"શું? હાથીના ભેજાંમાંથી મોતી?" રોબર્ટે પુકાર ઉઠાવીયો.

"હા, તુને એ વાત નવાઈ જેવી લાગેછ, મગર મેં તે મારી નજરોનજર જોયુંછે. હાથી ચોકકસ ઉમરનો થાએછ ત્યારે તેને એક જાતની કાંઈ બીમારી લાગુ પડેછ કે કેમ, મગર તે, તે વખતે પોતાનું માથું સખત દુખાવો કરતું હોય તેમ અફાળજીક કરેછ, અને તેવી વખતે તેનાં મસ્તકમાં મોતી પાકેલાં માનવામાં આવેછે. એ મોતીઓ શુધ્ધ સફેદ રંગનાં હોતાં નથી. તે લાલ, ગોલાબી, આતશીયા, આસમાની વગેરે રંગનાં હોએછ અને તે કિમતી મોતીની માફક વેચાએછે અને ખાસ કરીને રાજા મહારાજા પોતાનાં આભુષણ દાખલ લાખ્ખોની કિંમતે તે ખરીદેછે."

"ઘણી નવાઈ જેવી વાત પણ તમે જે દેવલ માટે કહેતા હતા તે શું?"

"હા. હું પશુપતિ મહાદેવનું દેવાલય નહી જોવાથી કમનસીબ રહી ગયો. એ દેવલમાં શીવની મૂર્તિછે જે તમામ પારસમણીની બનાવેલીછે અને—"

"ઓહ! ફીલોસોફર્સ–સ્ટોન!" રોબર્ટ ચમકીને બેઠો.

"હા, તેજ. જો મને તે મલે તો હું મારો સંગ્રહ

સંપૂર્ણ થએલો માનું. પણ તે જો આબુના દેલવાડા નામના દેવતાને અર્પણ થએલોજ હોય તો હું નહી ધારતો કે મારો એજંટ મોકલી શકે, કારણ આર્ય પ્રજા ઘણીજ ધર્મી હોએછે અને પોતાની માન્યતા પ્રમાણેના દેવતાઓ પાછળ તેઓ અગણિત પૈસો ખરચી અમૂલ્ય રત્નો મેળવેછે અને દેહરાંનાં મહાત્મ્યમાં તે પુંજા માટે જાળવી રાખવા ઘણીજ તત્પર હોએછે. ”

“ પણ પારસમણી મેળવનાર નેપાલનો રાજ્યકર્તા ખચિત દુનીયામાં સર્વથી માતબર થઇ શકીયો હોય તેમાં નવાઈ નથી. હવે હું એની સત્તા જોઇ શકું છ—”

“ થોભ, થોભ, રોબર્ટ, હું તુને કહી ચુકો તેમ એ નેપાલવંશીઓ અર્ધ દેવતાઈ અવતારના સત્પુરૂષોછે અને જોકે તેઓ ચાહે તો આ પારસમણીની મૂર્તિથી ગાડેગાડાં સોનું એકઠું કરે, પરંતુ તેઓએ પ્રતિજ્ઞા લીધીછે કે આ પારસમણીને અડકાવી જેટલું સોનું બનાવવામાં આવે તે માત્ર ગરીબ ભિક્ષુકો અને બ્રાહમણોનેજ આપી દેવું. આવી પ્રતિજ્ઞા આપણી પાશ્ચમની પ્રજાઓ કદી હાલમાં લઈ શકે નહી કારણ તેઓ ધર્મનું રહસ્ય પોતાના મનમાં ઉમંગથી ઉતારતી નથી અને આ પ્રમાણે વરસનો એકજ દહાડો, લોખંડ, તે પારસ- મણીના દેવને લગાડી, તેનું સોનું બનાવી, એક બાળકની

ન્હાની મુઠી ભરાય તેટલું દરેક રંકને વહેંચવામાં આવેછે. મહાશીવરાત્રિના દિવસે રાતે બાર વાગતે આ દેવનો જન્મ થએલો કહેવાએછે તે વખતે આમ કરવામાં આવેછે."

"તમે તે તમારી નજરો નજરે જોયું હતે તોજ હું એ વાત માનતે." રોબર્ટ બોલીયો. "એવી એવી રસીલી દંતકથાઓ જોડી કાઢતાં તો સર્વને આવડે."

"ખામોશ, હું તારે મોંઢે કોઈના દેવ દેવતાઓને મારી હાજરીમાં અપમાન થવા દેનાર નથી. તારે નહી માનવું હોય તો ખેર. હું ઘણા વખતથી જોતો આવેલો-છું કે આપણા ઇંગ્રેજ લોકોમાં હાલમાં ગર્વ ઘણો વધતો જાએછે. આપણે જે નવી નવી શોધો કરીએછ, તેથી આપણે પોતે પોતાને અજીત ગણવા લાગીયાછ. આપણા જેવા બીજા કોઇ નહી એવું અભિમાન આપણામાં ઘણું ઉત્પન્ન થઇ રહયુંછ. યાદ રાખ, રોબર્ટ, કે અહંકારે કદી કોઇને ચઢાવીયા નથી; એ એક મોટી પડતીની નિશા-ની છે, અને જ્યારથી નેપાલમાં મેં એક બાબદ સાંભળીછ, ત્યારથી હું આપણા યુરપના ભવિષ્ય માટે ડરી રહયોછું."

અત્રે શેપર થોભીયો તેનો સદાનો ગંભીર ચહેરો, હાલ, તદન શોકાતુર લાગતો હતો. તેની ઝીણી આંખો પુષ્કળ વિચારવંત જણાતી હતી. રોબર્ટ ચુપ બેસી રહયો.

"તું જાણેછ રોબર્ટ," અંતે શેપર ગમગીન ધીમે અવાજે બોલ્યો. "એક દહાડો યુરપમાં એક ઘણીજ ત્રાસદાયક નાશકારક લડાઇ થનાર છે, જેમાં લગભગ તમામ દુનીયાને સીધ્ધી કે આડકતરી રીતે ઉતરવું પડશે અને તેથી પૃથવીની ઘણી ખરાબી થશે; કુદરતની મહાન ચીજોનો નાશ થશે; મોટા મોટા રાજા બાદશાહનાં બેમૂળ ાશર-છત્ર ઉડી જશે; અરે, ધરતી ધ્રુજી રહે અને અકકલ કબુલ ના કરે તેવા બનાવો બનશે--"

"એ તમે શું બોલોછ, મી. શેપર ? " તે જવાન આર્ટીસ્ટે ડોળા ફાડીને પુછીયું.

"તે બધાંની તૈયારી એક છુપો હાથ કરી રહયોછે, અને અફસોસ તે દિવસ ઘણો દૂર હોએ એમ મને લાગતું નથી. છ હઝાર પૂર્વે, ઇરાની પયગામબર ઝરાથુશ્તે જ્યારે પોતાની ખુદાઈ બસારતથી મેળવેલાં શીક્ષણનું કુદરતી ફરમાન ઇરાનના શાહની દરબારમાં ફેલાવવા માંડીયું ત્યારે ત્યાં જામાસ્પ નામનો વઝીર હતો. એવું કહેવાએછે કે આ મર્દ ઘણોજ દાના હતો અને સર્વેથી પહેલાં તેણે ઝરથુસ્તની અશોઈ અને પયગામબરી ઉપર યકીન બેઠું હતું અને તેણે પોતાના શાહ ગુસ્તાસ્પનું ધ્યાન ખેંચીયું. પાછ-ળથી જ્યારે તે ઇરાની શાહે તે પયગામબર દાખલ આવેલા અતિ સ્વરૂપવાન જવાન પાસથી કાંઇ મોજેજાઓ

એવા માંગીયા ત્યારે તેણે એક ધર્મક્રીયા કરી બતાવી કે જેને જશન કરીને કહેવામાં આવેછે. તે વાત તો લાંબી છે અને મેં તે ફીરદોશીનાં શાહનામામાં ઘણા રસથી વાંચીછે મગર હું તુંને જે ટુંકમાં કહેવા માગુંછું તે એજ કે તે મોજેજાઓમાં એક એ હતો કે જામાસ્પને તેણે એવી ગેબી શક્તિ બક્ષી કે ભવિષ્યમાં શું શું બનનાર હતું તે બધું જાણી શકે. પાછળથી એજ વઝીરે એક નસિયતની કેતાબ રચી જેને ઈરાની લોકો "જામાસ્પી" કહેછ. તેમાં લખીયુંછે કે છ હઝાર વરસો પછી અડધી દુનીયા ફના થાએ એવું મહા પાપી યુધ્ધ થશે. તે વખતે પૃથવી ઉપર કળીયુગ પોતાના પુર દોરમાં હશે; એક વૃધ્ધ પિતા પોતાના સાત જવાન બેટાઓનું પુરૂં કરી શકશે, પણ સાત પઠઠા જેવા છોકરાઓ એક પોતાના અશકત બુઢા બાપનું ગુજરાન ચલાવશે નહી. પોતાની બેટીઓને સદગુણનું શીક્ષણ એક માતા આપશે નહિ, પરંતુ છોકરીની અનીતિ ઉપર તે માતાના મીઠાં નામને લ્યાનત બક્ષનાર માતા, પોતાનો નિર્વાહ કરશે; ઉંચલોકો અફસોસીમાં વખત કાઢશે, નીચનો ડંકો વાગશે; તેચો તે કળીયુગનો જમાનો આવે ત્યારે જાણવું કે આ પાપથી કુદરત કંપી રહીછ, ધરતી ધ્રુજી ઉઠીછ અને ગેબનો ફટકો પડવાનો. તે વખતે એક નાશ-

કારક લડાઈ જાગશે. હવે રોબર્ટ, તું આપણું બાઈબલ વાંચી જશે તો તેમાં પણ એમજ લખાએલુંછે. તેવી એક મોટી લડાઈનો વખત હમણાજ આવેલો બાઈબલ પ્રમાણે જણાએછે. મહાન જગપ્રસિધ્ધ સેતારાશનાસો ઝેડકીલ, એલન લીઓ, રાફેલ, એ લોકોની પણ એવીજ ગણત્રીઓછે. અને હવે એકાદ બે વરસમાં અડધી દુનીયા ઉખડી જાએ તેવી લડાઈ જાગવી જોઈએ. અને યાદ રાખજે, રોબર્ટ, તેમાં આપણું યુરપ ફના થઈ જશે. ચઢતીના વખતમાં જે ગર્વ રાખીયો તો પછી પડતી આવવીજ જોઇએ; અને અફસોસ કે આજે જયારે યુરપ છેક ચઢતીની ટોચે છે, ત્યારે તેમાં એક મોટો ફાંકાબાજ શખસ હસ્તી ધરાવે છે જે પોતાને અજીત માને છે અને તેનાથી આપણાં આખાં યુરપને ખમવું પડશે."

"ઓ મી. બેરૂચ, તમુને આવું સખત બોલવાનું આવું કાળું ભવિષ્ય ચીતરવાનું કેમ સુજ પડેછે?" રોબર્ટ દહેશત ખાઇ ગયો. "આપણા યુરોપ્યનોએ તો ધરતીની આખંડમાં કેવા સુધારા વધારા ફેલાવ્યાછે, આપણી અગણિત સોધથી તો આપણો જાણે માત્ર આકાશ ઉપર ઉડીને તે નવી દુનીયાની મુલાકાત લઈ પાછું આવવાનુંજ બાકી રાખીયુંછે, અને આવી આપણી બાહોશ શોધન માટે તમે એમ બોલી—"

"જોયું, મારા જવાન દોસ્ત, એ સમુનોખી ગત બનાવેછે. એજ યુરપમાં એક એવો મહાન શખસ છે, કે જેના જેવો બળવાન બેજાંનો નર આ સદીમાં ભાગ્યેજ બીજો પેદા પડીયો હોય. તે હાલમાં કરોડો આસામીઓ ઉપર રાજ્ય કરેછ, મગર તેને અમજો ઉપર રાજ્ય કરવું છે. તેણે પોતાના દેશમાં હુન્નરો ખીલાવી ઢગના ઢગ ધન ભેગું કીધુંછે, મગર તેને કુલ પૃથવીનો ગંજ એક હાથ કરવોછે. તેણે પંદર વરસના જવાનને લડવૈયો અને અઢાર વરસના યુવાનને બાપ બનાવી પોતાની પ્રજામાં બહાદુર સીપાહીનો અસાધારણ વધારો કર્યોછે; તેની સત્તા, તેની બાહોશી, તેનો તમામ ભલાભલાઓને છક્ક કરી નાખેછે. અફસોસ, કે આ સત્તાવાન મર્દ દરીયાનું પાણી બધું પોતાનુંજ કરવા ઉપર મથીયોછે અને તે માટે છુપીથી વરસો થયાં તમામ તૈયારીઓ કરી રહયોછે, અને આપણે કેળવણીથી આપણને અજીત ગણુતા અંગ્રેજો, મોજ શોખમાં લીન થએલા ફ્રેન્ચ લોકો, અને પ્રજાને પોતાના પગની રજ બરાબર ગણુતા રશીયનો, તે કાંઈ જોઇ કે જાણી શકતા નથી. અરેરે, આપણે તો એટલાબી તે સત્તાવાન પ્રતાપી પુરૂષથી થાપ ખાઇ ગએલા છૈયે કે ખુદ તેના પાટવીકુંવરને આપણા રાજાની હકુમત હેઠળનાં હિન્દુસ્થાનમાં છુટથી ફરવા હરવાની પરવાનગી આપી, બલકે બાદશાહી ઠાઠમાઠની

સામગ્રીઓ તેને માટે હારેહાર તૈયાર રખાઈ; અને જેમ પેલો લોભીયો પુરૂષ, આપણા ઈંગલંડના રાજાની પરોણાગત ચાખવા અહિં આવી તરેહવાર છુપી બાતમીઓ પોતાના જાસુસો મારફત મેળવી ગયોછે તેમ તેના પાટવીકુંવરે દરીયા પારના અદભુત દેશોમાંથી ખજાના કરતાંભી જયાદા ઉત્તમ ચીજો—"

"તમે આ બધું કોણ માટે બોલોછો? ખોદાને ખાતર ખુલ્લા બોલોમાં કહો. પણ મને લાગેછ કે આજે તમારી તબીયત ઠીક નથી. મી. બેરૂચ, તમારાં મગજ ઉપર કાંઈ ઘણું દબાણ લાગેછે." રોબર્ટ આ બધી દીલ ધુજાવનારી આગાહીઓથી ઘણો ડરી ગયો હતો. તેને લાગતું કે યાતો શેપર બેરૂચ એક મોટો ભવિષ્ય ભાખનાર હતો કે યાતો મગજ ઉપરનાં દબાણથી તે ખરાબ સ્વપનાં જોતી હાલતમાં આવી ગયો હોય!

"મારી નજદિક આવીને બેસ, હું તુંને કાંઈ ઘણું ભયંકર કહેવા માંગુંછ. જોકે એ બધી મારી અટકળ છે, મારી જાગૃતાવસ્થાના ખયાલો છે, મગર એ D.y Dreams છતાં પણ તે ખોટા નથી એવી મને બશારત થાએછે. હું જયારે નેપાલમાં હતો, ત્યારે એક દિવસ મારા રાહબર સાથે હું એકલોજ ફરવા નિકલ્યો; હું વિચારોમાં લીન હતો તેટલાં અચબુચ મારી સામે એક ઓળો પડી-

યો અને મેં મારી નીચી નમેલી નજર ઉઠાવી તો એક સદીની લગોલગ આવી ચુકીયો હોય તેવો અતિ ઘણો ઝઈફ મર્દ મારી નજરે પડીયો. વનનાં પાંદડાંથી તેણે પોતાનું અર્ધ શરીર ઢાંકીયું હતું અને તેનું ઉપલું ખુલ્લું વદન એકે એક પાંસળાં ગણી શકાય એવું, તન ઉપર મહા કષ્ટ વેઠી ચુકેલું ગવાહી પુરતું હતું. તેની આંખો જોતાં મને દહેશત લાગી આવી. જો હું એમ કહું કે ભઠ્ઠીમાં તપતા બે અંગારા જેવી તે ધગધગતી ચશમો હતી તો તેમાં અતિશયોક્તિ માનવાની નથી. શામાટે તે મારા તરફ ખફગીથી જોતો હતો તેની મને સમજ પડી નહી, પણ મેં હિંમત ધરી તે મુલકના રિવાજ મુજબ મારા બન્ને હાથો જોડી, મારાં આંગલાં મારાં કપાળે લગાડતાં ‘ રામ રામ ’ કહયું."

મારાં અંગમાંનું લોહી ઠંડું મારી જાએ તેવા ઘોંઘાટ અને ધિક્કારભરીયા અવાજે તેણે ગમડાટ કર્યો: ‘તુંજ તે પ્રપચી જાતનો છે જે અમારા મહા ગુહ્ય ગ્રંથો ઉઠાવી અહિંથી ઠાણું કરી ગયોછ ?"

મને કશીજ સમજ પડી નહી. મેં ડોકીયું ફેરવી મારા રાહબર તરફ જોયું પરંતુ તે શખસ તો આ યોગીની હજુરમાં પોતાનું સર ખાકમાં પટકી ઉંધે મસ્તકે તેનાં ચરણમાં પડીયો હતો. હું વધતો ગભરાયો, પણ મેં

હિંમત ધરી નરમીથી કહ્યું: 'મહારાજ, તમે કાંઇ ભૂલ કરોછો. હું, અથવા તો મારા જાતિલાઓ તમારા ચોર નથી—'

'તું મૂર્ખ છે યા ઠગ છે. તારા ઇંગ્રેજ રાજાના પિત્રાઈ કહેવાતા કયસરનો લુચ્ચાં શીયાળવાંના જેવા ચહેરાનો પાટવીકુંવર, પોતાના મળતિયાઓને અહિં છોડી ગયો અને તેઓ અમારી અસલ આર્યન ઝબાનમાં લખાએલાં છસો પુસ્તકો ઉઠાવી ગયા તે દિવસથી હું તારા જાતિલાઓને ધિક્કારૂંછ—'

"પણ, મહારાજ, પુસ્તકો વેચાતાં લેવાં એમાં કાંઈ ચોરી નથી, વળી આર્યન ભાષા, એટલે જરમનીમાં તે કેમ ઉકેલાવી શકાવાની હતી?' હું બોલવા ગયો પણ તેટલાં તે વચ્ચે પડીયો:

"અમારા નેપાલમાં જેવા ભણેલા પંડીતો છે, તેવા કુલ પૃથવી ઉપર નથી, અને એ જરમન જાસુસો, માત્ર અમારાં હુન્નરમંદીભર્યાં પુસ્તકોજ નથી ઉઠાવી ગયા, પરંતુ અડધી ડજન જેટલા મહાન પંડીતોને પણ સાથે લેતા ગયાછે, અને તેઓ પાસેથી તે કેતાબો ઉકેલાવી તેમાં દુનીયાની ઉત્પત્તિ વખતથી થઇ ગએલાં કાબેલ ભેજાઓએ જે જાતના પ્રાચીન હુન્નરો સ્થાપીયા હતા તે સમાવેલા છે, તેના મર્મો શીખી લઇ, તે આસામીઓ પોતાના દેશમાં

જાતજાતની કળા કૌશલ્યથી અખૂટ ખઝાનો પેદા કરશે. તું જાતનો ઈંગ્રેજ જણ્યાએછે, જરમન જાસુસ જેવો લાગતો નથી, તેથી તુંને કહું છ કે જોજે એજ તમારો પિત્રાઈ ભાઈ જેવો કહેવાતો ફાંકાબાજ કયસર એક દહાડો તમોને પરાગંદે કરશે. "

" મને તેની આ વાતમાં અતિ ઘણો રસ મલીયો અને ત્યાં ઝાડનાં થડ ઉપર તે વૃધ્ધ પુરૂષને હાથ આપી બેસાડવાની મેં તજવીજ કરી પણ મને અડકવા ના પાડીતે આપમેળે બેઠો અને મને સામે બેસવા ઇસારત કરી. એ રોબર્ટ, હું તુંને તે યોગીની કાબેલીયતનો કેમ ખ્યાલ આપી શકશ ? જો એમ કહું કે દુનીયાની શરૂઆતથી તે આખેર સુધીનું, અરે, રૂઝે અવલથી તે કયામતે આખર સુધીનું તે બધું જાણતો હતો, તો તે મારૂં બોલવું તું ખરૂંજ માનજે. તેની આવી અદભુત બાહોશીથી હું દંગ થઈ ગયો. સંસાર ત્યાગ કરી ચુકેલો એક રણમાં વસતો સન્યાસી, દેશ પ્રદેશના રાજા બાદશાહો, તેઓનાં સૈન્યનું બળ, તેઓનો ખઝાનો, તેઓની સત્તા, એ બધું જાણે, એ શું અજાએબી ની હદ નથી ? વળી સ્પીરીચ્યુઅલ જીન્દગી ઉપર જ્યારે તેણે બોલવા માંડીયું, ત્યારે મારા વિસ્મયનો પાર રહયો. નહી. તેણે મને કહયું કે ચંદ રોજમાં દુન્યા-માં એક ધાર્મીક ઉપદેશકની આમદ થશે, તે સઘળા

ધર્મોનું એકત્ર આપણને શીખવશે, યાને કે જુદાજુદા ધર્મોમાંથી જે કાંઇ ઉત્તમ શીક્ષણ હશે તે ભેગું કરીને એક કરશે. હિન્દુ ધર્મમાંથી ઈશ્વરની મોટાઇનો ખ્યાલ લેવામાં આવશે, જરથોસ્તી ધર્મમાંથી અશોઈ અને સચ્ચાઇનો, રોમ ધર્મમાંથી કાયદાનો, હીબ્રુ ધર્મમાંથી પ્રમાણિકપણાનો, ઇજીપશન ધર્મમાંથી જ્ઞાનનો, બોદ્ધ ધર્મમાંથી કર્મનો, ક્રીશચીયન ધર્મમાંથી સ્વાર્થ ત્યાગ અને ભાઇબંધીનો, અને ઇસલામ ધર્મમાંથી એકજ ખુદાનો, ખ્યાલ આપશે. તે ઉપદેશક તે ખુદા તરફનો છેલ્લો પયગામ લાવનાર કહેવાશે. મારા માનવામાં તે આવ્યું કારણ તું જાણેછ કે આપણાં બાઇબલમાં પણ કહેલુંછે કે જયારે કળી યુગનાં કષ્ટથી દુનીયા ફના થવા ઉપર આવશે ત્યારે ક્રાઇસ્ટ પાછો જન્મ લેશે; તેજ પ્રમાણે ઝરથુસ્તી ધર્મમાંબી છે કે સત્ય યુગ સ્થાપવા સોશીયંત નામનો પયગામબર આવશે જે સર્વેથી છેલ્લો ખુદાઇ કાસદ કહેવાશે. વળી તે વૃધ્ધ યોગીએ મને કહયું,—

'હવે તે વખત દૂર નથી, અને તે છતાં ગર્વથી આંધળો બનેલો કુરતાજીખોર કયસર આખી દુનીયા પોતાને હાથ કરવા મથીયોછ. તે બાહોશ છે, ધર્મી છે દમામદાર છે, અને ઈશ્વરને પ્યારોબી હતો; પરંતુ જેમ રૂજે અવલથી બનતું આવેછે તેમ પોતાની આટલી

સત્તાથી તે અહંકારી બનીયોછ, પોતાના હુન્નરોથી પોતાની કાબેલીયતથી તે હવે ગર્વિષ્ટ બનીયોછ; અને જે એકાદ સદીમાં એક એવો મહાન નર ( Superman ) પેદા પડેછે, પણ તમામ પૃથ્વી ઉપર સત્તા મેળવવાનાં અભિમાનમાં ખુદ તે પોતે પોતાની ઉપરની સત્તા ખોઇ દેછે, યાને અભિમાનના પાપી ધુંવાથી કુરતાજીખોર બની પોતાને અજીત માનેછે, ત્યારે તેની અચઘુચ પડતી આવે છે. જેમકે, ઇરાનનો શાહ જમશીદ, બેબીલોનનો નેબુશદનઝર, સીપાહ ઉપરથી શાહાનશાહ થએલો નેપોલીયન, અને હાલ નો જરમનીનો કયસર, આ બધા એકએકના પૂર્વજન્મના અવતારો માનવા. એજ કિસમના સાત અવતારોમાં એક પછી એક એમ એકજ જીવને અહિં આવવું જોઇએ, અને તેમજ થતું આવ્યુંછે. હાલમાં કયસર પૃથવી ઉપરના બધાં રાજયકર્તાઓમાં સર્વેથી બાહોશ અને હુન્નરમંદ છે, પરંતુ દુનીયા જીતવી એવા લોભી ફાંફાથી જો આખર એની જબરજસ્ત હાર ન થાએ તો મેં મારી ઝીન્દગીનાં એકસોને પંદર વરસ ફોકટ ગુજારીયાં એમ કહું.'

" આ બધું તે હવે સ્પષ્ટ ઇંગ્રેજીમાં બોલતો હતો. જાણે પોતાની માદર ઝબાન હોય તેમ તેને જરમન અને ફ્રેન્ચ વગેરે બોલતાં સાંભળી મારી અજાએબી ફેટલી વધી હશે તેનો તું ખ્યાલ કરી લે. જંગલમાં ભટકતો

કોઇ એક માણુસ આટલું બધું જ્ઞાન ધરાવે એ શું કહેવાય ! પણ મારી તે મોટી અજાએબી પામી ગયો અને કાંઇક નરમ અવાજે તેણે મને કહયું:—

'ઇંગ્રેજ બચ્ચા, હું નેપાલનો પંડીત સચિદાનન્દ ધર્મોત્તર છું. હું મારા રાજાની દરબારનો વડો સલાહકાર હતો–હજુર પણ કામ પડવે છું.સુધરેલી દુનીયામાં વંચાતી અને લખાતી દરેક ભાષા હું ભણેલોછું અને પેઢી દર પેઢી હમારા વંશવેલાએ તે શીખવી જોઇએ; પૃથવી ચોખંડ ફરી આવીએ, દરેક ઝબાન શીખી રહીએ, કુદરતના કાયદા સમજતાં શીખીએ, તારા અને આકાશી ગ્રહમંડળોની ગતિમાં પ્રવીણ બનીએ, ત્યારે અમારા નેપાલના સૂર્યવંશી રાજાધિરાજના પગ આગળ ઉભા રહેવાને અમે લાયક કહેવાઇએ. મારા પિતાશ્રી પછીથી મેં રાજાની સેવા પોણોસો વરસો સુધી બજાવી અને હવે ગૃહસ્થાશ્રમ છોડી હું વાનપ્રસ્થ થયોછું. ઈશ્વરભજન સાથની નિયમિત જીન્દગીથી અમારો વંશવેલો સવાસો વરસોથી ઓછે કદી મરવા પામીયો નથી.'

"હવે મારી અજાએબી ભાગી. રોબર્ટ, હું એક વરસ સુધી નેપાલમાં રહ્યો; મેં જે કાંઈ જુદા જુદા ધર્મોનું શીક્ષણ મેળવ્યુંછે, તે મોટે ભાગે આ યોગી મહારાજને આભારી છે. તેણે મને કહ્યું કે આપણે ઈંગ્રેજો એકજ વાતમાં

આર્યનો કરતાં ચઢતા હતા, અને તે આપણી રેલવે ટ્રેઈનની શોધ હતી, બાકી બીજી બધી આપણી હાલની સાયન્સની શોધખોળ અગાઉના જમાનામાં બએજ હતી, હાલમાં આપણે તેને નવું સ્વરૂપ આપીયું હોય એટલુંજ "

" ત્યારે અગાઉનાં લોકો ટ્રેઇન વગર મુસાફરીની કેટલી બધી અગવડો વેઠી ગએલાં હોવાં જોઇએ ?" રોબર્ટ જે ચકિત થઈને બધું સાંભળતો હતો તે બોલીયો.

" તેવું ખરૂં, પણ તે વખતે એરોપ્લેનની શોધ થઇ હતી અને તેને તેઓ પવનપાવડી કહેતા હતા. એની શોધ ઈરાનના શાહ જમશીદે કીધી હતી એમ કહેવાએછે. વળી ધરતીની સપાટી ઉપર તેઓ ટ્રેઈન કરી શકીયાં નથી, તો પૃથવીનું પેટું ફોડી તેઓએ રસતા કોતરીયાછ, અને ભુમિ-તિની ગણત્રી પ્રમાણે જેટલો વખત જમીનની ઉપરની જગીયા ફરી વળવા માટે લાગે, તેના કરતાં પચીસમે દરજ્જે કમતી વખત માંહેલા ભાગમાં થઇને લાગે. મેં તુંને હમણાંજ તે માટે સમજાવ્યું. જે નવી દુનીયા ઉત્પન્ન કરવા હું માંગુંછું, તે આ મહાન નેપાલવાસી પંડીત ધર્મધુરંધર સાથેનાં મારા સહવાસ પછી હું ગણત્રી કરવા શીખ્યોછું તે ઉપરથી છે. અહમદનગરના એક સલાવતખાન નામના સુલતાને તેમજ કર્યું હતું. તેણે પોતાના રાજમહાલની હેઠે ભોંયરાં કોતરાવ્યાં ત્યાંથી 'ફરાબાગ' નામના પોતાના રીસ-

ખુશ બગીચા સુધી રસતો કરાવ્યો હતો, ત્યાંથી 'બડેશ્ત બાગ' સુધી, ત્યાંથી 'હેપી વેલી' સુધી અને ત્યાંથી ફરી પોતાના રાજમહાલ સુધી આવી પુગાય. ધરતીની ઉપરથી પોતાની સલતનતનું આખું અહમદનગર શહેર ફરી વળતાં તેને ઘોડાની પીઠ ઉપર દિવસો લાગે, ત્યારે આ માંહેલા બાગમાં કોતરેલાં ભોંયરાં વાટે તે ઘણુંજ ટુંક વખતમાં ફરી વળી શકતો. આપણે ટ્રેઈન મારફત અબજોના વેપાર કરી શકીએછ અને આપણા રાજ્યની સર્વેથી મોટી સંપત્તિ જોઈશું તો તે એજ અગ્નિરથને આભારી છે. પરંતુ જરમની જેટલું રેલવેના વહેવારથી કમાએછે, તેટલું બીજો કોઇબી દેશ કમાતો નહી હોય. ત્યાંના લોભીયા રાજ્યકર્તાને પોતાની છુપી તૈયારીઓમાં ફાવવા નહી દેવો એ ઇરાદો મારો છે, પણ આપણાં ઇંગ્રેજોને હું એટલા માટેજ ગર્વિષ્ટ થઇ ગએલા કહુંછું કે તેઓની ખુલ્લી આંખો સામે તેઓનો નાશ કરી નાખે એવો દૈત્ય ઉભોછે તે તેઓ જોઇ શકતા નથી. ખોદા આપણો અને કુલ પૃથવીનો નીગેહબાન થાઓ. આવી કોઇ ભયંકર લડાઇ નહી ઉભી થાએ એવી રાતોદિન હું દુવા ગુજારૂંછ અને દુનીયા ઉપરથી લોભ લાલચ દુર કરવા હું એક સુખવાસી નવી દુનીયા ઉભી કરવા માંગુછું. હાલ તરત તો હું મારા બધા પ્લાનો અને યોજનાઓ તુંને ઉપરટપકેથી કહી ગયોછ; કેટલેક ભાગે હું તે કામ

કરતોબી થયોછ, પણ જ્યારે તે તમામ સંપુર્ણં થશે અને ખોદાતાલાએ બનાવેલી આ અનુપમ સુંદરતા ભરેલી ધરતીને હું વધારે ખુબસુરત અને ત્યાં વસતી આદમી જાતને વધારે સુખી થએલી જોઈશ, ત્યારેજ મને કરાર મલશે; ત્યારેજ આ દુઃખી, દરદી, પાપી, હેવાન્યત, મતલબી, અધર્મી કળીયુગ પછીથી સુખી તનદરૂસ્ત, આબાદીભર્યો, ખોદાપરસ્ત સત્યયુગ આવશે. રોબર્ટ, એક સત્યયુગ ઉભો કરવાની અભિલાષા રાખવી એ અહંકાર કહેવાય કે ?"

"હું નહી ધારતો," રોબર્ટે ગંભીરાઇથી કહ્યું.

"જગકર્તાએ તમામ પૃથવીની સત્તા માનવના હાથમાં મુકેલીછે, જ્યારે હવાઇ વાતાવરણ કુદરતને તાબે છે, પરંતુ માનવીજાતની પેદાયશ અને મૃત્યુ એ બન્ને તે મહાનામીએ પોતાને હાથ રાખીયાંછે. આપણે તુચ્છ આદમીજાત તેની સત્તા આપણા હાથ લઇ શકીએ નહી. મેં હિન્દુઓનાં 'ભાગવત'માં એક વાર વાંચીયું હતું કે રાવણ નામનો એક મહા પરાક્રમી દસ માથાંનો રાજા જે લંકા—યાને સીલોન-ઉપર રાજ્ય કરતો હતો તેનામાં એક રાક્ષસ જેટલું બળ હતું, એટલે આદમજાત કરતાં વધતી સત્તા તે પોતાનાં અસાધારણ બળને પ્રતાપે ભોગવતો હતો. તે જયારે રામ રાજાના હાથે હારીને હેઠે પડીયો અને મરવા સુતો ત્યારે પણ તેનો અહંકાર કમી થયો નહી અને તેણે ચાર ઉમેદો

દર્શાવી. તે બોલીયો કે જો પરમેશ્વર મને વધતો વખત જીવાડતે તો હું તેની પૃથવીમાં ચાર મોટા સુધારા કરતે. પહેલું તો દરીયાનું પાણી ખારૂં છે તેને મીઠું કરતે; યમ-રાજ જીવ લેછ પણ હું મૃત્યુનો નાશ કરી માનવીની કાયા અમર કરતે; સૂર્યને રાત્રિએ અને ચંદ્રને દિવસે આથમતા બંધ કરી દેતે; અને જગતમાં રંક અને રાયને એક પંક્તિએ મુકતે! રોબર્ટ, આ કેવું મોટું અભિમાન કહેવાય! ખુદ ખોદાતાલાની પેદાયશમાં ફેરફાર કરવા નીકળવું એ અહંકારની હદ આવી રહેલી કહેવાય. તેજ પ્રમાણે કયસર માફક એકલે હાથે કુલ પૃથવીની સત્તા છીનવી લઇ અખૂટ દ્રવ્ય ભંડાર હાથ કરવા મથવું એ પણ ઈશ્વરી કાયદાની હરીફાઇ કરવા બરાબરનો ગર્વ છે. મગર કળીયુગ-માં સત્યયુગ કરવા મથવું એ તો ખોદાપસંદ કહેવાય."

"બેશક, બેશક," તે જવાન બબડીયો. શેપર બેરૂચની અસાધારણ કાબેલીયતથી તે છકક થઈ ગયો હતો, તેટલાં ખાણાનો ટાઇમ થવાથી તેઓ ત્યાંથી છુટા પડીયા.

## પ્રકરણ દસમું.

પરંતુ જેમ શેપર બેરૂચની અગણિત દોલતે ઘણું સંહું કીધું હતું, તેમ, અફસોસ, પૈસાની ચાઈચાઈથી લક્ર-

ચાનારાંઓમાં ઘણું બુરૂં પરિણામ બી આવ્યું હતું. દાખલા તરીકે રોબર્ટનો પિતા બુઢો મેકીનટાયર હવે હવે છેકજ ઓતરી ગયો હતો. પહેલાં તો તે પૈસા માટે બબડતો ફફડતો અને અસંતોષી રહેતો હતો, પણ હવે તો તે ઝેરી અદેખા વૈરીલા સ્વભાવનો બનતો. ગયો હતો પાડો-સીની પાસે ખાતાં ન ખૂટે એટલું ધન ભરેલું અને એના હાથ ખાલી ! એ સીતમ તે સમજી શકતો નહી અને ઘણી વાર પહાડની ટોચે ઉભો રહી તે ઝનુની મુકકીઓ મહાલનાં ભવ્ય મકાન તરફ હવામાં ફેંકી બબડતોઃ

“ તું ઉભો તો રહે, એકલપેટા શેપર બેરૂચ, હું તારી એવીબી વલે કરૂંછ ! દરીયાનું પાણી બસ બધું તારૂં ને તારા બાપનુંજ, નહી ! જો વાત લાયોછ તે ! ”

તેણે હવે હવે શેપરની દરેક હીલચાલ ઉપર ધ્યાન આપવા માંડીયું હતું. તે દરેક ઠેકાણે સુંધારા લેતો અને ખુદ તેનાં ફરઝંદો જેઓ શેપર સાથે તો તેના કરતાં ઘણા વધારે ઘાડા પરીચયમાં આવ્યાં હતાં તેઓ જાણે તે કરતાં વધુ તે મહાલના માલેક માટે જાણવા પામીયો હતો.

“ કદાચ તું જાણતો નહી હોય કે તારો મિત્ર આ બધી દૌલત કયાંથી લાવેછ. ” એક સવારે બાપ બેટા બન્ને ગામડાંમાં ફરવા નિકળ્યા હતા તે વખતે બુઢાજીએ પુછીયું.

"નહી, પપા, મને સહેજ તેવો ખ્યાલ પણ નથી; હું એટલુંજ જાણુંછું કે તે ઘણી સારી રીતે વાપરી જાણેછે."

"ધુલને ધુમાસો, ઉસાના ભાઇ મુસાએ ટેકો આપીયો. રસતે સેરીએ આખાખાઉઓ ઉભાઇ જાએ તે બધાને મદદ કરી હરામખોરીને ઉત્તેજન આપીયા કીધું અને મારા જેવો આબરૂદાર ગૃહસ્થ જે ધીકતો ધંધો કરવા અને પોતાની કમનસીબીને દૂર કરવા માંગે તેને એક પાઉન્ડનીબી મદદ આપવા સાફ અખાડા કરે !"

"મારા વ્હાલા પિતાજી, હું તમારી સાથે એ બાબદ ઉપર વાદવિવાદ કરવા માંગતો નથી. હું તમુને સેંકડો વખત કહી ચુકો કે મી. શેપર બેરૂચની મતલબ તદન નિરાધારોને મદદ કરવાની છે. આપણી તરફ તો તે પોતાનાં બરોબરીયાં માફક જુવેછે અને આપણુને મદદ આપવામાં તે શેખી સમજેછ. તમુને એમ નહી લાગતું કે તેવણુની મદદ સ્વીકારવી એ આપણુને નીચું જોવાડનારૂં થઇ પડે ?"

"ફીડલસ્ટીકસ !" બુઢાજી ફફડી પડીયા. "કોણ કહેછ એને કે મદદ આપે. હું તો વ્યાજે માગુંછ અને ધંધામાં તો લેણદારી દેણદારીનો કાયદોજ છે એટલીબી સમજ તારામાં નથી, રોબર્ટ, અને વળી મોટાં મોંહડે શીખામણ

આપવા આવ્યોછ! જારે, તેં જેટલો વાઇન જોયો નહશે તેટલો મેં ગળે ઉતારીયો હશે, સમજીયો. ”

જોકે તે સવારનો વહેલો વખત હતો પરંતુ બુઢાજીના હાવભાવ ઉપરથી રોબર્ટ પામી ગયો કે તેવણુ હાલમાંબી ગળે ઉતારીનેજ આવ્યા હતા. હવે તે કવચિતજ સાવચેત જણાતો અને આ તેની કમનસીબ ટેવ ઉપર તે ડાહયા બેટાએ અફસોસની હાય ભરી.

“ પોતાના પૈસાના માલેક મી. બેરૂચ છે અને તે આહોશ ધર્મીં નર કેમ ખરચવું તે બરાબર જાણેછ, ” તે જવાન બોલીયો.

“ અને લાલાજી, તમે જાણોછ કે એ તમારો આહોશ ધર્મીં નર કેમ નાણું કમાએછ તે? ” હવે ડોસા ઉખડીયા. “તું જાણુતો નથી કે કેવી રીતે એ પૈસો ભેગો કરેછ અને તોબી તું તેને પૈસા ખરચવામાં મદદ લાગેછ! અરે, તું જાણેછ કે એ પૈસો પ્રમાણિક પણે મેળવેછ કે નહી? આટલી બધી દૌલતનો દરંગ કદીબી પ્રમાણિક રસતે મલે નહી એટલો તુંને વિચાર નહિ સુજતો! જેને મનસે સોનાના લાડા અને કોલસાના થેલા સરખા તે આદમીની પ્રમાણિકતા માટે તારૂં દીલ દગદગતું નથી? ”

" હું જાણુંછ, પપા, કે તે બેહદ તવંગર છે, મેં તેને પોતાની દોલતથી આખી દુનીયાનું કલ્યાણ કરી નાખનારા વિચારો દર્શાવતાં સાંભલ્યોછે પણ મને લાગેછ કે ગમે એવો અખૂટ ભંડાર ધરાવનારો પુરૂષબી એટલું તો નહી કરી શકે."

" છોકરા, તુંને તારા બાપના બોલ ઉપર વિશ્વાસ હોય તો માનજે કે આ શેપર બેરૂચ આખાં જગતમાં સર્વેથી વધુ તવંગર છે" મેકીનટાયર ગંભીર ડાચું કરી બોલીયો. " પણ એ ધુતારો ઠગ છે, અને મારી ચમટીમાં હું એની આબરૂ લઈને ફરૂંછું. એને કહીએ કે જો મારી સાથે ઉદાર દિલે નથી વર્ત્યો તો એજ ચમટી હું ધુળમાં ભભરાવી દેવસ! હા, આ તરફ હું છેઉં."

" પણ તમે શા ઉપરથી એમ કહી શકોછ પપા, જરા મને સમજાવો તો ખરા."

" હં, ત્યારે અંતે તમે તમારા બુઢા બાપનીજ સલાહ પુછતા આવ્યા કેની! વારૂં, ચાલ, બોબ દીકરા, હું તુને બધું કહુંછ તે તું ધ્યાન દઇને સાંભળ; જયાં પૈસા હોય ત્યાંનો સુંધારો મને તરત જવાનો. તેં પેલું અઠવાડીક ગાડું જોયુંછ કે!"

" અઠવાડીક ગાડું ?" દીકરાએ અજાએબીથી હુંકાર્યું

"હા, જોયું, તારે માટે હું કેવી કેવી નવી ખબર ધરાવું છું તે ? રોજ શનીવારે અહિં એક નવી ઢબનું ગાડું આવેછે; આજેબી શનીવાર છે તેથીજ તો હું અહિં સુંધારા લઈ રહયોછું; હમણાં આવતું હશે. આપણે લંડનનાં 'ઝુ' માં પેલા સુફેદ હાથી જોએલા, યાદ છેની, તેવા બે મોટા જબરદસ્ત બળદીયાઓ આ ગાડું ખેંચી લાવેછે. અરે, જો, બોલ બોલતામાં તેજ આવી પુગીયું!"

આ વખતે સામા રસતેથી એક ભારી ગાડું સીધ્ધું હંકાતું આવતું જણાયું. તેને જોડેલાં જાનવરો જોરેમંદ હતાં, છતાં, તે ઘણુંજ ધીમે કદમે આવતું હતું જે બતાવી આપતું કે માંહે ઘણોજ ભારી માલ હતો.

"જરા તું મારી સાથે બાજુમાં આવીને ઉભો રહે, બોબ," બુઢાજી પોતાના બેટાને બાંહેમાંથી ખેંચી બાજુ લઈ ગયા. "અહિં ઉભા રહીને આપણે તમાશો જોઇએ."

તેઓ બન્ને રસતાની બાજુએ ઉતરીને ઉભા; ગાડું તેઓની નજદિકમાંથી પસાર થયું ત્યારે રોબર્ટે જોયું કે તેના ઉપર ટારપોલીન ઢંકાએલાં હતાં, પરંતુ, કીનારીએથી તે જવાન જે કાંઈ જોઈ શકીયો તે એટલુંજ, કે બે ફીટ લાંબાં અને છ ઈન્ચની જાડાઈનાં ગુણપાટ જેવાં કપડાંમાં લપેટાયેલાં પાકીટો એકએકની ઉપર ઠીચી ઠીચીને મુકાયાં હતાં.

"એ માટે તેં શું ધાર્યું ?" બાપે બેટાને પુછીયું.

"એનાથી શું સમજાઇ શકાય, બાવા! મને તો કાંઈબી સમજ પડતી નથી."

"અરે ગાંડારે ગાંડા ! મેં તો એવુંબી મારૂં નાખ અંદર ખોસીયુંછ કે બધી હકિકત મેળવી ચુકીયોછું. તુંને યાદ છે તે દહાડો કે જ્યારે પેલાં જબરદસ્ત તુફાનની સાંજે પેલું ત્રણુસો વરસનું પુરાણું ઝાડ જમીનથી અધ્ધર ઉખડીને જમીનદોસ્ત થઇ ગયું હતું, તે દહાડે હું આ તરફ ફરતો હતો અને પવન તુફાનમાંથી બચવા ક્યાં જવું તેના અંદેશામાં હતો, તેટલાં આવુંજ એક અડવાડીક ગાડું આવી લાગીયું. હવાથી ઉપરતું ઢાંકણ ઉડી ગએલું એટલે મેં મારી ચતુરાઇ વાપરી; મેં તે પાકીટો ઉપર મારાં આંગળાં દબાવી જોયાં, તો નક્કર ધાતુ જેવી ચીજ લાગી. દેખાવમાં ન્હાનાં છે, પણ દીકરા, આ એક પાકીટને ઉંચકવા એક પઠ્ઠા જેવો આદમી જોઇએછ. તું જાનતો હોય તો માનજે, બેટા, પણ આ આખું ગાડું નક્કર સોનાના લાડા ધરાવેછ." બુઢાજીએ ચમકતી આંખોએ કહયું.

"સોનું !"

"હા, સોનું ! ચાલ આવ જરા ઉંચાણમાં ચઢીને ઉભા રહીએ અને તું જોવા પામશે કે એ બધો માલ ક્યાં જાએછે."

રોબર્ટ ગુપચુપ પોતાના બાપની સાથે જરા ઉંચાણુમાં જઈને ઉભો. સીલ્વર બોકસ ઝાડોની વચ્ચેથી તેઓએ તે ગાડાંને શેપર બેરૂચની લેબોરેટરી આગળ જઈને ઉભું રહેતાં જોયું. તરતજ સોએક નોકરો અને હજુરીયાઓ દોડી આવ્યા અને પેલાં દેખીતાં ભારી પાકીટો ચાર હાથો વચ્ચે એક એક ઝાલી તેઓએ ગાડું ખાલી કરી નાખીયું અને બધાં તે પાકીટો લેબોરેટરીની અંદર લઈ જઈને મુકીયાં. પેલો પરાધેપતિ ત્યાં દીસતો હતો નહી, અને રોબર્ટે પહેલીજ વાર જોયું તેમ તેના નોકરોએ લેબોરેટરીમાં પગલાં મુકીયાં હતાં. અડધાએક કલાકમાં તો તે બધો બોજો ખાલી થઇ ગયો અને છુટકારાના દમ સાથ બળદીયાઓએ ઠુમક પગલે અને નચિંત પીડે હવે પોતાની વળતી મુસાફરી શરૂ કરી.

“ મને કશી સમજ પડતી નથી, ” રોબર્ટ બોલીયો. “શેપર બેરૂચ પોતાનાં મકાનમાંથી નાણું ઓછું થએલું જોવાને ઉલટો આતુર રહેછે તે શું કામ દર અઠવાડીયે આટલું બધું સોનું પોતાને ત્યાં લાધે! ”

“ તે દાઢાબલ્યાએ કહયું તે તેં માનીયું કે! નાણું ઓછું કરવુંછ તેથીજ એણે મને કોથળો ભરીને કાઢી આપીયું, કેમ ? જા, જા, નાહાન છોકરા, એ તો કોઈ કાહરૂનનો કાહરૂન છે. મોંહડે મોટી વાતો કરવાના કાંઈ પૈસા થોડા

બેસેછ? પણ હું કાંઈ વધારે જાણુંછ તે તુંને નથી કહેવા-નો." અને એક ન્હાનાં થોબડા ચઢેલાં બાળક માફક ડાસાજીએ છતરી ખસે મારી ચાલતી પકડવાની તજવીજ કરી. તેણે વકકી રાખેલી કે રોબર્ટ પુઠે દોડીયો આવશે, પણ ડોક ફેરવીયા વગર આંખના ડાબા છેડા સુધી લઈ જઈ તેણે બાડી નજર કરી પાછળ જોવાની તજવીજ કરી કે બેટો આવતો હતો કે નહી, પણ તેની કશી નિશાન નજોઈ તે વીલલે મોંહડે થોભી ગયો.

"ચાલ વારૂં, રોબર્ટ, જવા દે; આપણા વચ્ચે શું કામ તકરાર થવી જોઈએ ? મને તો હજુર બીજુંબી તુંને કહેવું છ."

"તે શું છે વારૂં ?"

"જોની, મેં વધારે જુસ્તેજુ કીધેલીછે. આ ભેદભ-રમનાં કામમાં બે જણાં સામેલ છે. એક જણ સોનું મેળવેછ અને અહિં મોકલી આપેછે. કેમ મેળવેછે તે તો મારી અટકળ છે કે એઓના હાથમાં સોનાની ખાણ આવેલી હોવી જોઇએ અને તેમાંથી પાવડા ભરી ભરીને એક જણ ગાડાંમાં હર અઠવાડીયે મોકલી આપેછે, અને ઉપર કાકા પોતાની ભઠ્ઠીમાં ઉકાળી રસાયણોમાં મેળવી તેને કીમીયાગરો માફક ચોખ્ખાં સોનામાં ફેરવી નાખેછે.

હવે જ્યારે કુચો ભરીને સોનું હાથ આવે અને જરા તેની પાછળ કલાક બે કલાક લેબોરેટરીમાં કાઢતાં તે તદ્દન વેચવા લાયક નક્કર સોનું થઈ શકતું હોય તો પછી તે આદમી થોડાં માણુસો પછવાડે ખરચે તો તેમાં શું તેણુ પોતે મોટો વાઘ મારીયોજે ! એમ તો હુંબી કરૂં !"

"પણુ તમારી બધી અટકળો જો ખરીજ હોય, પપા, તો અહિં ચોખ્ખું થતું સોનું પાછું અહિંથી બ્હારબી જતું જોઇએ," રોબર્ટ બોલીયો.

"હાજ તો, તેમજ થાએછ તેનાબી સુંધારા મેં લીધેલાછે. આવેછે જથ્થાબંધ અને જાએછે થોડું; લાવેછે ગાડાંમાં અને પાછું ફરેછે લોખંડી પેટીઓમાં. જોયું, હું કેવી મારી આંખો ખુલ્લી રાખુંછું તે ? તુંબી છેની, સૌ કશાંમાં પીંછી ને કેનવાસ! આડોસી પાડોસીની ભલા પરવા ! બોલ, હવે મારી હુશીયારી માટે તુને શું કહેવુંછ?"

"એટલુંજ, પિતાજી, કે શેપર બેરૂચ ઘણો નેકબખ્ત અને ભલા હેતુનો ખોદાને પ્યારો નર છે અને તે જે કાંઈ કરતો હશે તેમાં આદમજાતનું ભલુંજ જોતો હશે. ખોદા એને ઘણું સુખ બક્ષે." અને રોબર્ટ, બાપને ટોપી ઉતારી બીજે રસ્તે ચાલતો થયો.

"ખાધું પેટ ભરીને! એના શું દહાડા વળતાતા! અંતે મનેજ હિંમત પકડવી પડશે. કયા ફીલસુફે કહયું કે એક જણ પાસે અગ્નિ હોય અને તેના પાડોસી પાસે સો પેનીઓ નહી હોય! રોબર્ટ, હું હવે કાંઈઓ પગલાં ભરૂં તો મને જોખમદાર ગણતો ના."

તે બાપડો ડોસો જયારે આ ઉપલું બબડીયો, ત્યારે જવાન રોબર્ટે તેની આંખો માંહેલો પ્રકાશ જોયો હતે તો ખચિત પોતાના ઘસેલા બાપને વધનો વખત એકલો છોડવા પહેલાં બે વાર વિચાર કરતે.

---

# પ્રકરણ અગીઆરમું.

જયારે આ તરફ બાપ બેટો પેલા પરાધોપતિના અઠવાડીક ખટારા ઉપર વાદવિવાદ ચલાવતા હતા, ત્યારે ચેપર બેરૂચને તેઓનાં ન્હાનાં મકાન એલમડીન તરફ જતાં આપણે જોઇએ છીએ.

લીલી સગડી આગળ બેસીને વાંચતી હતી. તેણી આ પ્રતાપશાળી પુરૂષને તેણીનો ઉંબર ઓળંગી અંદર ચાલી આવતો જોઈ ચોંકી અને ઉડીને ઉભી થઇ.

"ઓ તમે કેટલા નાસીપાસ થશો, મી. બેરૂચ! મારો ભાઈ અને પપા બન્ને બહાર ગએલાછે," તેણીએ મીઠા-

શ્રી હસતાં જાળ પાથરવી શરૂ કરી. "પણુ એઓને ઘણી વાર નહી લાગશે, તેમાં રોબર્ટ તો હમણા આવવામાંજ હોવો જોઇએ."

"હું ખુશી છું કે તેઓ બન્ને બ્હાર ગયાછે, કારણ—" શેપર અચકયો; તેનો ચહેરો અતિ ઘણો ગંભીર તથા ફીકકો જણાતો હતો, "કારણ હું તમારાં એકલાંની સાથે વાત કરવા માગુંછું. મેહેરબાની કરીને બેસો, મીસ લીલી, હું તમુને કાંઇ કહેવા માગુંછું."

લીલીનો દમ ઝટ ઉંચકાવા લાગીયો; અંતે તે બખ્તાવર ઘડી નઝદીક આવી હતી. તેણીના ચહેરા ઉપરની ગુલાબ જેવી મનોહર સુરખી અને તેણીની આંખોમાંના ફતેહભરેલા ઝળકાટથી તેણી હતી તે કરતાં વધુ દીપી રહી; અને ગરીબ શેપર બેરૂચ આ ગુલેગુલાબ જેવી સુંદરી આગળ લાચાર જેવો બની ગયો.

"આપણે પહેલાં કએ ઠેકાણે અને કેવા સંજોગોમાં મળીયાં હતાં તે તમોને યાદછે, મીસ મેકીનટાયર ?" તેણીના કાળા બાલનાં ઝુલફાં દુધ જેવી પેશાની ઉપર લટકતાં હતાં તે તરફ વખાણથી જોતાં તેણે કહયું.

"હા, જાણે ગઇ કાલેજ મળીયાં હોઇએની !" તેણી સ્વપ્ના જેવી હાલતમાં બોલતી હોય તેમ સગડી તરફજ તાકીને જોતાં બોલી.

"ત્યારે તો છુટાં પડતી વખતે જે જંગલી સુખનો હું બોલી પડીયો હતો તેથી તમોને યાદ હોવા જોઇએ ? મેં જો તમોને બીહવડાવ્યાં હોય તો હું ખચિત દલગીર છું, અને તે માટે છેક હમણા માફી માગુંછ; મગર લાંબો વખત થયાં હું એકલા અદુલ્લાની ઝીન્દગી ગાળુંછું અને તેથી મારા વિચારો મોટેથી બોલી પડવાની મને આદત પડી ગઇછે. તમારો અવાજ, તમારો ચહેરો, તમારી રીતભાત, એ બધાં, મારાં જીગરમાં રમી રહેલી એક સાચી સ્ત્રી કેવી હોય, તેને એટલાં બધાં મળતાં આવતાં હતાં કે મારાં દિલના ખયાલો મારાથી મોટેથી બોલાઈ જવાયા. કારણ, વફાની મૂર્તિ, સદગુણની સુંદરી, દિલસોજીની દેવી, અને સાચા હેતુની એક સ્ત્રીને હું મારા માટે સરજાએલી માનુંછું, અને તે સિવાય બીજી કોઈ પણ નહીજ; તેવી એક બાનુ હોય તોજ મારા પૈસાને ખાતર નહી પણ મારા પોતાના માટે તેણી મારી દરકાર કરે. તમે એમ ધારોછ કે હું એક ગરીબ આસામી હતે તો એક ખરેખરી સુંદર જવાન ભલી બાનુ મને પસંદ કરતે ?" તે અદબ વાળીને ઉભો હતો, અને તેનો ચહેરો ગમખ્વાર તથા અવાજ ગંભીર હતો.

"તમે એટલા ભલા અને નેક છેઓ કે તમારા પોતાના ખાતરજ તમોને ચાહનારી ઘણી બાનુઓ મળી આવે," લીલી શરમાવાનો ડોળ ઘાલી બોલી.

"મેં જ્યારથી તમુને જોયાં છે ત્યારથી મને લાગી-ચુંછ કે એક ખરી સાચી બાનુ કેવી હોવી જોઇએ. મારાં માતાજી! ઓ મારાં બહેસ્ત મુકામ પુગેલાં માતાજી! તમારી રાતોદિનની દુવા મને ફળીછે. તમે ચાલતાં અને હાલતાં તમારા એકના એક બેટાને ઘણીજ નેકબખ્તી ઇચ્છતાં હતાં! અને હું માનુંછ કે મારાં માતાજી જેવીજ એક પવિત્ર દિલની, દયાવાન, અને હેત ભરેલી બાનુ મને મળે તો મારા જેવો બખ્તાવર બીજો કોઇજ નહી. હું તેવીજ એક બાનુની રૂબરૂમાં છું. લીલી, હું વકકી રાખું કે તું મારી ધણીયાણી થવાને કબુલ કરશે?" તે મર્દનો અવાજ લાગણીથી ધ્રુજતો હતો. એકાદ પળ સખત દીલની લીલી પણ ખંચાઈ. ભલાભલા રાજવંશીઓને તેઓના મુલકો સાથે એકકે તડાકે ખરીદી લઈ શકે એટલી સત્તા ધરાવનારો તે પરાધીપતિ કેટલાં સાચાં જીગરથી પોતાની લાગણીઓનો એકરાર કરતો હતો! તેણી એક પળ ખામુશ બેસી રહી.

શેપરે ચલાવ્યું: "હું તુંને જવાબ આપવાની ઉતા-વળ કરાવવા માંગતો નથી, તું મને કબુલ કરે ત્યાર પહેલાં તારે મારી બધી હકિકત સાંભળવી જોઇએ. મારે ઘણુંજ થોડું કહેવાનું છે. હું મા બાપ વગરનો છું; અને હું જાણુંછું ત્યાં સુધી મારૂં કોઈ ખેશ ખેશાવંદ નથી; મારા

પિતા વૈદ્યસમાં એક ડૉકટર હતા અને ગૃહસ્થાઇ તથા પ્રમાણિકપણાં માટે પોતાના વખતમાં પંકાઇ ગયા હતા. અને મારાં માતા ! ઓ, પવિત્રાઇની પ્રતિમા બતાવનારી તેમની સ્વચ્છ આંખો માંહેલી મીઠાશ હું મરતી ઘડી સુધી ભૂલીશ નહી; તેવણ ખાનદાની બાનુ હતાં, મગર મારા પિતાને, તેમની માંથાંથી તે પગ સુધીની ગૃહસ્થાઈ તરફની ફીદાગીરીને લીધે પરણ્યાં હતાં. મારાં માતાનું કુટુંબ તેમની વિરૂધ્ધ થયું, પણ તેવણ પોતાના મતને દ્રઢ વળગી રહયાં. લીલી, મારાં માતા પિતા જેવું સુખી જોડું લાખમાં એક કવચિતજ જોવામાં આવે, અને હું તેઓની અખંડ પ્રીતિમાં ભાગ પાડનાર એકજ તેઓનું ફરઝંદ હતો. બચપણથી હું મારા પિતાજીની વૈદક શાળામાં ભરાતો અને રસાયણ શાસ્ત્રો વાંચતો હતો તે એટલે સુધી કે નવ વરસની નાદાન વયમાં તો હું રમકડાંઓને અને ગીદ્દી ઢીંગલીઓને સલામ કરીને ચોપડીઓનો કીડો બની ગયો. જેમ હું મોટો થતો ગયો તેમ કેમીસ્ટ્રી અને ઇલેક્ટ્રીસીટીમાં મારૂં ભેજું પ્રવીણ થતું ગયું અને આખરે મેં મારા માટે મારી યોજના મુજબની એક લેબોરેટરી બાંધી, જયાં મારી સમજ પ્રમાણેની શોધખોળો મેં કરવા માંડી. એકજ અઠવાડીયાંના ટુંક અરસામાં મારાં મુરબ્બીઓ એકાએક ગુજરી ગયાં." અહિં

તેનો અવાજ ઘાડો બંધાઈ ગયો, પણ તેણે સહેજ ગળું ખોંખારી આગળ ચલાવીયું: ! "મારા પિતાજી તાવથી હેરાન થઈને હક થયા, અને મારાં માતા, પોતાના જાનોજીગર જેવા સાથી વગર જીવી નહી શકવાથી, આઠ દિવસમાં તેવણની પાછળ ગયાં. આ કમનસીબ બનાવથી હું મારી લેબોરેટરીમાં વધારે અને વધારે ભરાઈ રહેવા લાગીયો. મને બહારની દુનીયામાં કાંઈ સુખ જેવું લાગીયું નહી; અને પરિણામમાં મારી શોધખોળો મેં વકકી રાખી હતી તે કરતાં ઘણા ગંજાવર પાયા ઉપર વધી ગઈ. અંતે મારા હાથમાં એટલી તો મોટી દૌલત એકાએક આવી પડી કે મને લાગીયું કે ખોદાવંદતાલાની તે નવાઝેશ કાંઈ પણ તેના પોતાના ઈરાદા અને હેતુ વગર મારા એકલાને હાથ આવે નહી. મને લાગીયું કે તે માલીકે આ હદપાર દૌલત મને બક્ષતાં એક મોટી જવાબદારી મારાં શિર મુકીછે; અને ત્યાર બાદ હું કુલ પૃથવીની મુસાફરીએ નીકળ્યો. પંદર વરસ સુધીમાં લગભગ આખી દુનિયા જોઈ રહયા પછી અહિં આવીને મેં આ મકાન ઉઠાવ્યું. મોટાં શહેરોની ધમાલથી અલગ છતાં હું શહેરની વસતીથી કાંઇ ઘણો દૂર નહી કહેવાવું, અને અહિં ઠરીઠામ થયા બાદ જે કાંઈ મોટા મોટા વિચારો મારાં મનમાં આવેછે તે આરંભવાને હવે હું મથીયોછું. મારાં તે

સઘળાં કામોમાં મને ઉતેજન આપવા, મારા થાકેલા જીવને રાહત આપવા, અને મને સારી સલાહો મળતી રહે, તે માટે, એક મારા જીવનો સાથી મને જોઈએછે; અને, લીલી, તારા સિવાય મને કોઈ ઉતેજન, રાહત કે સલાહ આપી શકનાર નથી. મેં તારામાં મારી દુનીયા ભરી મુકીછે; મને જવાબ આપ, તું મારી સાથે તારૂં નસીબ જોડશે?"

છેક હવેજ લીલીએ તેની તરફ જોયું. તેનું ન્હાનું કદ, જબરદસ્ત માથું, પાતળી ગરદન, ભારી ભવાંની અંદર જડાએલી ઝીણી આંખો, અને ગંભીર ડાચું જોતાં તેણીની આંખો સન્મુખ હેકટર સ્પરલીંગનો તનદુરૂસ્ત, જોરમંદ, મર્દાનગી ભરેલો દેખાવ આવીને ઉભો. શું તેનો ખુશ મીઝાજ, કોઇ રડતાને પણ હસાવે તેવી તેની બટક બોલી, બેફીકર ઢબછબ, પોતાનાં દિલનો રાજા, અને મનમોજી હાવભાવ, એ સવળાં આકર્ષણની તેણીને યાદ થતાં તે સખત દીલની છોકરીનાં જીગરમાં ચમટો તુટીગયો. જયારે તેણીના પિતા ઉપર અણુધારેલી આફત આવી પડી અને જયારે સઘળા કહેવાતા મિત્રો ખસી ગયા હતા, ત્યારે ફકત આ વફાદાર જવાન તેઓને વળગી રહ્યો હતો. આ આઇનની ઘડીએ એ સઘળી યાદો જાણે તેણીની બેવફાઈની શહાદત પુરતી આવીને ઉભી રહી અને તેણીએ ખંચાઇને જવાબ વાળ્યોઃ

" હું, હું, દલગીર છું મી. બેરૂચ, આ બધું એટલું એકાએક છે કે હું તમુને કાંઈ જવાબ આપી શકતી નથી."

"ફીકર નહી, હું તમુને ઉતાવળ કરવા કહેતો નથી," તે ભોળો શખસ ખરાં દીલથી બોલીયો. "તમે જવાબ આપવા પહેલાં વખત લેવા માંગોછ તેથી તો તમારા માટેના મારા સારા મતમાં ઓરબી વધારો થયોછે. હું આજ રાતે પાછો આવું તેટલા અરસામાં તમે છેત્રટ ઉપર આવી શકશો ?"

" હા, આજ રાત્રે આવશો તો હું તમોને જવાબ આપશ, " તેણી બોલી.

"આઠ વાગતાનો ટાઈમ બંધ બેસશે ?" શેપરે પુછીયું.

તેણીએ હામાં ડોકીયું હલાવીયું.

" સલામ ત્યારે. ખાતરીથી માનજો કે તમારા તરફથી એકદમ મને જવાબ મલીયો નથી તેથી તો તમારા માટેનાં માનમાં ઘણો વધારો થયોછે, હું આજ સાંજ સુધી આશાઓ ઉપર જીવશ, લીલી." તેણે લાયકીથી તેણીનો ચાંદી જેવો રૂપાળો હાથ ઉઠાવી તેણીનાં આંગળાં ઉપર નરમીથી પોતાના હોઠ દાબીયા અને સર નમાવી ત્યાંથી બહાર નીકળી ગયો.

પરંતુ આ તરફ પૈસાની પરસ્તાર લીલી હતી. થોડાજ વખતમાં હેકટરનો શોભીતો દેખાવ ખ્યાલી નજરથી

દૂર ને દૂર જતો ગયો અને પેલો દબદબાભરીયો મહાલ વધારે અને વધારે નઝદિક આવતો ગયો. તેણીએ મનથી તોલ કરવા માંડીયું. દરીયા કીનારે એક કોટેજ જેવું મકાન-એક ન્હાની થેલીમાં સમાઈ જાએ એટલી માસીક કમાણી, એકાદ દાસી ઘરકામનો ઘસડબોરો ઉઠાવતી હોય, અને તેણી પોતે પોતાનાં ફરઝંદોની દાયા થઈને જીવવાની, એ હેકટરની પરણેતર દાખલની જીન્દગી હતી; જ્યારે શેપર બેરૂચને પરણવાથી એક રાણી જેવો દમામ, આવા બેનમુન મહાલની શેઠાણી, હીરા મોતીના ઢગના ઢગ, અને પડેલો બોલ ઝીલી લે એવો ખાવીન્દ! કેવો ગંજાવર તફાવત! અને ત્યારે શું એકના દેખાવની સાદાઈ અને બીજાની ખુબ-સુરતી, એ સહેજમી ધ્યાન ઉપર લેવામાં ડહાપણ હતું? તેણીએ પોતાનાં મનથી ઉપલું વિચારતાં ધાર્યું કે આટલીબી ઢીલ કરવામાં તેણીએ મૂર્ખાઈ કરી હતી. વળી હેકટરનું જ્ઞાન ક્યાં અને આ આખી દુનીયાનાં પુસ્તકો ઉથલાવી ચુકેલો અજબ કીસમનો બાહોશ શખસ ક્યાં!

તેણી તરતજ ઉઠી અને લખવાની સામગ્રી ગોઠવી ટેબલ આગળ બેઠી. પહેલાં તેણીએ સરનામું લખીયું:

લેફટનન્ટ સ્પરલીંગ,<br>
એચ. એમ. એસ એકટીવ<br>
જીબ્રાલટર.

લખતી વખતે તેણીનો હાથ લગાર ધ્રુજીયો ખરો, લેખું કાંઈક કસવું પડીયું, પણ અંતે સહેજબી દીલગીરી કે નાસીપાસી વગર તેણીએ નીચે પ્રમાણે ચીતરી કાઢીયું.

"ડીયર હેકટર,

મારી પાકકી ખાત્રી થઈ છે કે તારા પિતાજીની ખાહેશ નથી કે આપણે જોડાઈએ, નહીતો આજ સુધી આપણાં લગ્ન માટે તેવણ આટલાં આટલાં હીલ્લાં બ્હાનાં કાઢીયા કરતે નહી. મને બીજું એમ પણ લાગેછે કે જયારથી મારા ગરીબ પપાની પડતી આવીછ ત્યારથી કાંઇ નહીતો ફક્ત ફરજને ખાતર તું મને સાબુત નીવડવા માટે સાચો રહેવા માંગેછે; પણ તેં મને કદી જોઇજ નહતે તો અત્યારે તું કોઈ મોટી વારસની સાથે ગોઠવાયો હતે અને તારા પિતાએ તે વાતની ઝટ બ્હાલી આપી હતે. મારે ખાતર તારૂં ભવિષ્ય બગડે તેનો ખ્યાલબી કરવા મને ગમતો નથી, હેકટર, અને તેથીજ મેં નક્કી કસદ કરીયોછ કે આપણું આ જોડાણ વધુ વખત ચાલુ રાખવું નહી, અને તુંને સદંતર મોકલો કરવો. કદાચ તુંને શરૂઆતમાં આ મારૂં પગલું સખત લાગશે, પણ હેકટર, જયારે તું કોઇ દહાડો નૌકાનો મોટો એડમીરલ થવા પામસે, ત્યારે તું સમજશે કે તુંને વહેલો છુટો કરી દેવામાં મેં કેટલું ડહાપણ વાપરીયુંછે. મારા માટે

શું ફીકર કરતો ના. હું પરણું કે નહીંઓ પરણું, પણ લોકોનાં ભલાં માટે વખત કાઢવાનો મારો વિચાર છે, અને હાલમાં છે તે કરતાં વધારે સુખી દુનીયા કરવાને હું મથીશ. તારા પિતા સારીકાની છે અને ગયા આતવારે અમોને ઘણી સરસ વાયઝ કહી સંભળાવી હતી. જે બેન્ક નોટ તેં મને રાખવા આપી હતી તે હું આ શાથે પાછી મોકલુંછું. ગુડ બાય, હેંકટર, ડીયર બોય, એટલું ખાતરીથી માનજે કે જે થાએ તે ખરૂં પણ હું તો સદાની તારી સાચી મિત્ર રહેવસ, ગુડ બાય.

લીલી એસ. મેકીનટાયર."

તેણી જેવી તે કાગળ સીલ કરી રહી કે તેણીનો પિતા અને રોબર્ટ મકાનમાં પાછા ફર્યાં. તેઓને જોઈ તેણીએ શહાનશાહ બાનુના તોરથી સહેજ ડોક નમાવી નાટકી અદાએ કહયું: "મારાં કુટુંબની મુબારકબાદીની હું વકકી-માં છું. મી. શોર બેદ્દ્ચ આહું હમણાં આવી ગયા અને તેવણે મારા હાથની માંગણી કરીછે."

"અંતે! અંતે! અને મારી માય કરૂં, તેં શું જવાબ આપીયો?" બુઢાજીએ હરખમાં આવી જઈને પુછીયું.

"આજે રાતે મેં એવણુને જવાબ માટે પાછા બોલાવીયાછે," તેણી તોરથી બોલી.

" અને તું શું જવાબ આપશે ? " ઇંતેજારીથી બ્હાર નીકળી પડતા ડોળાથી મેકીનટાયરે પુછીયું.

" હું કબુલ રાખસ. "

" જોયું, મેં શું કહયું હતું કે તું હમેશાની મારી ડાહી અને કહયાગરી દીકરી છે ! " બુઢાજીએ તેણીને પાસાંમાં લઇ તેણીના બાલ પસવારીયા. " અને મકું જે હવે પેલી પચાસ પાઉન્ડની નોટની તુંને કાંઈ ગરજ રહી નહી, એટલે–"

" પણ, લીલી, ડૅકટરનું કેમ ?" અજાએબીથી દંગ થઈ ગએલા રોબર્ટે પુછીયું.

" ઓ, મેં તેને કાગળ લખી પણ કાઢીયો," તેની એને બેદરકારીથી કહયું. " જરા મારો તે કાગળ તુંજ હાથોહાથ જઇને પોસ્ટ કરી આવજે, રોબર્ટ. " અને તેણી પોતાનું સર દમામથી ઉઠાવી ત્યાંથી ચાલી ગઇ.

---

## પ્રકરણ બારમું.

અને આ પ્રમાણે લીલી મેકીનટાયર શેપર બેરૂચ સાથે અદરાવા પામી, પણ તેમ થવાથી હઝુરબી બુઢાજીને એક દમડીની પણ વધારે છુટ પેલા પરાધીપતિ જમાઇરાજા તરફથી થતી નહી જોઇ તે હતો તે કરતાં વધતોજ સોના માટે ભુખીયો થતો ગયો.

શેપર્ડે પોતાનું ચિત્ર કામ હવે તો છેકજ અભરાઈએ મુક્યું હતું! હવે તેને સહેજબી હાડકાં રગડવાની કે ભેજું કસવાની શી જરૂર હતી ? શેપરે એક સોપારી જેવા મોટા કદના હીરાની વીંટી લીલીને પહેરાવી હતી. તે ગંભીર શખસનો વિચાર હતો કે હાલમાં એ વાત ખાનગી રાખવી અને એકાદ માસ પછી લગ્ન પણ તદન શાન્તીમાં કરવાં. લીલીને પણ તેવુંજ જોઈતું હતું, કારણ હૅકટરનો પિતા આ તેણીનું સગપણ કદી જાણવા ન પામે તે માટે તેણીને દરેક સાવચેતી લેવાની હતી; જોકે તેણીનાં દિલમાં તો ઘણુંબી ઉભરા થતા કે આખું ટેમફીલ્ડ ખળભળી રહે, બલકે તમામ ઇંગલંડ ચક ચઢે એવા ઠોરદમામ અને જાહો-જલાલીથી લગ્ન કરવાં, અને બને તો ખુદ રાજા રાણીને નો-તરવાં. હજુરતો હૅકટર દરીયા ડોહવતો હતો એટલે તેને કાંઇ એ વાતની ખબર પડનાર નહતી, મગર બુઢા સ્પરલીંગનો મોટો સવાલ હતો. વળી તેણી શેપરની ગંભીરાઇથી ડરતી હતી. એક વાર પરણી ચુકીયા પછીથી પોતાનું ખરૂં રૂપ રંગ બતાવવાનો વખત હતો, હાલ તો તેણીએ હજુરબી પોતાનો ધર્મી સકર્મા સાહયો ઓઢી રાખવાનો હતો.

હવે શેપર દર સાંજે એલમડીન આવતો અને તેઓ બન્ને બેસીને, શું શું સખાવતી કામો કરવાં તેનાં ટીપણાં બનાવતાં. એક મોટો, આખી દુનીયાનો નકસો પોતાની

સામેની ટેબલ ઉપર પાંથરી, કુલ જગતની હાડમારી કેમ ટાળવી, તેની અનેક હાજતોને કેમ પુગી વળવુ, અને આ મબલગ દોલતને પ્રતાપે કળીયુગને સત્યયુગમાં કેમ ફેરવવો, તે ઉપર તે બન્ને અદરાએલાંઓ પોતાના વિચારો એક કરતાં.

“ બાપરે ! જાણે લીલી તો કાંઇ કરોડોમાં જન્મી હોય અને અબજોમાં ઉછરી હોય તેમ હવે હવે બધી વાતો કરેછ! ” ડોસાજીએ પોતાના બેટાને કહ્યું. “પણ જોજે, મારો બોલ યાદ રાખજે, બોબ, કે એક વાર પરણીયા પછીથી એ પોતાના ધણીની દીવાની યોજનાઓ પાછળ પોતાનો પૈસો વેરી દેવાની નથી. ”

“ લીલીમાં બેશક ઘણો ફરક પડી ગયોછ, ” બેટાએ જવાબ કર્યો. “સોબત તેવી અસર, તેમ શેપરની ફરેસ્તાઈ સંગતમાં એ સુધરતી જાએ તેમાં નવાઈ નથી. વળી શેપરની અસાધારણ બાહોશીથી લીલી ઘણું ઘણું નવું શીખવા પણ પામીછે, જેમ એ અદભુત ચબરાકી ધરાવનાર શખસના સમાગમમાં હું જાતજાતનું જાણવા પામીયોછ તેમ. ”

“ તું થોભ તો ખરો, એ મારી દીકરીને પૈસાની બરાબર કદર છે, અને એક વાર એ તેની શેઠાણી થઇ કે પછી બધી દોલત હાથ આવવે વરને કેમ રમાડી લેવો અને ખુશ

આપને કેમ નેહાલ કરવો તે એ બધું કરી બતાવસે. પણ કેમણાં સુધી મારી હાલત કેવી છે !" આહં બુઢાજીએ મોટી જેવી હાય દેંકી. "મારી દીકરી એક પરાધીપાતને પરણનાર છે, જેને મનસે ખર્વ, નીખર્વ, જલદી, મહાપંદમ અને પંજોપાધીયા બધા સરખા ! અને તોબી તેના બુઢા બાપ પાસે એક બ્રાન્ડીની બાટલી ખરીદવા જેટલા પૈસા નથી! છોકરા, છોકરા, તુંબી શું કામનો ? રોજ થેલા ભરીને સોના ચાંદીના સીકકા મારા જમાઇને ઘેરથી લઇ આવેછ અને જે કોઇ આખાખાયા મલેછ તેને કાઢી આપેછ, તો એક પણ વખત તેં મારો વિચાર કીધો ? "

" બાવા, તમે જે કાંઇ માંગોછ તે અમે હાજર કરીએછ," રોબર્ટ બોલીયો.

" ખાધું પેટ ભરીને ! પણ મારાં બંદુકનાં કારખાનાનું કેમ ? જોની, એમ તો તું પેલા ચકમ ડોસા ત્રેસીડીને એકકે તડાકે વીસ લાખની મદદ કરી આવ્યો. તેનો હટટો કટટો જેવો જુવાન દુકતો ઠીક જીવેછ, તો તે હાડકાં રગડીને કમાતે અને નહી કમાતે તો જતે જહાનમમાં, તેનું તુંને શું રે, કે એમ તારી બેનના પૈસા બગાડી તું તેને લુટેછ ? "

" પપા, હું તમુને કેમ સમજ પાડું ! તમે, જે ખ્યાજબી છે તે સમજવાને નાજ પાડોછો. ત્રેસીડી જેવો

ખાનદાન ઉમરાવ પોતાના બુરા ભાગીયાઓની હું દગલબાજીથી હાથ ધોરવા જેટલી ગીરદેશીમાં આવી પડીયો તેનો ધંધો પાછો ખીલતો કરવા અને તેના જવાન બેટાનું ભવિષ્ય સુધારવા, શેપરની ખાસ ફરમાસથી મેં મોટી રકમ આપી; પણ તમે જાણોછ કે ડીક ત્રેસીડી એક અમેરીકન કરોડપતિ બાનુને પરણીયો અને પોતાના પાપી ભાગીયાઓની ફેંટ ધરી એક વાર પાછો, પોતાનો, લોખંડી રાજામાં ખપવા જેવો બોહળો ધંધો પગભર કર્યો, અને ટુંક વખતમાં તેણે શેપરનું તમામ નાણું પાછું અમને સોંપ્યું. એવા પ્રમાણિક ઉમરાવને સહાય નહી થઈએ તો પછી એ બધી દોલત શું ખપની ?"

"વાહરે, જાણે બાપ લાખ ચાલીસના !" બુઢાજીએ ખીચ પાડીને કહ્યું. "જાણે દોઢીયાં તો તારે ત્યાં ઝાડ ઉપર ઉગતાં હોયની તેવી શેખી ! મોટાં મોંહડે કહેછ કે હું જે માગુંછું તે તું હાજર કરેછે, પણ, ગાંડારે, હું તે કાંઇ પાંચ વરસનું બચ્ચું છેવું અથવા તું શું મને કાંઇ ઘસેલો સમજેછ ! જો, અહિં આવ, કાંઈ તુને કહું. મારૂં બંદુકનું કારખાનું પાછું ખોલવા તું મને દસ હજાર પાઉન્ડ આપેછ કે નહી ?"

"માફ કરો, પપા, મારાથી તેમ થાય નહી. હું એમ કરૂં તો, મી. શેપરની ખુશી પ્રમાણે હું વર્તતો હોવું

એમ કહેવાશે નહી," રોબર્ટ ગમખ્વાર અવાજથી બોલ્યો. "અરે, પપા, તમને એ શું સુજેછ, કાંય નકામા સેહતા જીવને સંતાપ કરાવોછો !"

"ત્યારે, સાંભળી લે, છોકરા, કે તું સીધો ઠેકાણે નથી આવતો તો હું બીજો રસતો લેવસ. હું હવે તુને અત્યારથી કહી મુકુંછ કે પછીથી મને ગળે પડતો ના. બસ, હવે એ તે એજ. નામ ત્યારે પરાધીપતિનો સસરો અને ગજવામાં તો પુટી બદામ નહી ? જો, વાત લાયોછ તે!"

"પપા, તમે કહેવા શું માંગોછ—?"

"એટલુંજ કે આ આદમી મારો જમાઇ થવાનો છે એટલે મારી ફરજ છે કે એના પૈસા માટે મારે બધું જાણવું જોઈએ. આપણે ગરીબ છૈયે પણ પ્રમાણિક છૈયે, અને આડીતીડી રીતે મેળવેલા પૈસા આપણને ચાલે નહિ, તેથી હું હમણાજ મહાલ તરફ જાવુંછું અને શેપરે એની બધી દોલત કેમ મેળવીછે તે પુછી આવુંછ," અને ડોસાએ તો લાકડી અને ટોપી ઉઠાવી દરવાજા તરફ પગલાં ભર્યાં.

"નહી, નહી, પપા," રોબર્ટે કુદીને તેના બાપનો હાથ ઝાલી લીધો. "એ વાતમાં વચ્ચે ના પડતા. શેપર બેરૂધ ઘણો કાંકણો શખસ છે અને એવણને એ

જાતનું પુછવાનું મોટાં અપમાન જેવું લાગશે, નકામી પંચાતી થશે અને કામ બગડશે."

"અપમાન ને બપમાન?" ડોસા ધરીયા ધરાયા નહી. તેમણે પુષ્કળ ઢીચ્યો હતો અને રોબર્ટને સમજ પડી નહી કે તેને કેમ રોકવા.

"હું હમણા હાલ જઇને કેવા એની પાસેથી બધા હિસાબ લેવુંછ તે તું જોજેની."

"અને પરિણામ શું આવશે તે તમે જાણોછો?" રોબર્ટે હવે મીજાજ ખોહી દઈને ધાંટો પાડીને કહ્યું.

"મને પરિણામ બરિણામની દરકાર નથી. હું તો બસ જવાનો અને એની સાથે મારો હિસાબ ચુકતે કરવાનો. શરૂઆતમાં ઘરમાં પગ મુકવાનો હતો ત્યારે તો કહેવા-ડયું કે બધી પોતાની દૌલતના ભાગલા પાડીને આપણી સાથે એ વહેંચી લેવાનો છે, પણ પછી તારા જેવાં બે.કરાંને રમાડી લેતાં કાંઈ વાર લાગી નહી! અને હવે મારી દીકરી સાથે અડરાઇને મારૂં મોંહડું બંધ કરવા આવ્યોછ! પણ આ બાજુ બુઢો મેકીનટાયર છે. દેશ ખાઇને દરવાજા પીઠે બાંધેલાછે, જાણેછ?"

"હું લીલીને બોલાવુંછ; એણે જાણવું જોઇએ કે તમે શું કરવા માગોછ," રોબર્ટે કહ્યું. તે જાણતો હતો

કે તેનો બાપ પોતાની તીખા મીજાજની દીકરીથી હમેશાં ડરેલો રહેતો હતો એટલે તેને આ રસતો સુજ પડયો.

"લીલીનું શું કામ છે!" ડાસાજીએ ગભરાઈને ઘરની બ્હાર નીકળી જવાની તજવીજ કરી. "હું મારા ઘરનો ધણી છું, શેપર બેરૂચ મારો જમાઈ થનાર છે, અને સસરા દાખલ હું હક ધરાવુંછ કે બધી પરપુછ કરવી."

"ત્યારે યાદ રાખજો, બાવા, એનું પરિણામ બુરૂં આવશે; શેપર બેરૂચ જાણશે કે તેની પ્રમાણિકતા માટે આપણને શંક છે, એટલે તે તરતજ લીલી સાથનું સંબંધ તોડી નાખશે."

આ ધમકી રામબાણ ઉતરી. બુઢાજી ઉજળા વાખ પડી ગયા, અને તેઓનાં પગલાં ઉંબર ઉપરજ ચોંટી ગયાં.

બીજીજ પળે બ્હારના દરવાજા ઉપર નરમીથી ટકોરા પડયા અને જે શખસ માટે તેઓ તકરાર કરતા હતા તેજ ત્યાં અંદર ચાલી આવ્યો.

"ગુડ મોરનીંગ, પપા મેકીનટાયર," તે નરમીથી બોલ્યો. "રોબર્ટ, જરા મારી સાથે મહાલમાં આવશે? જરા ધંધાને લગતી મારે તારી સાથે વાતો કરવી છે." તેનો હાવભાવ રોજ કરતાંબી જ્યાદા ગંભીર જણાતો હતો.

" બા ખુશી. " અને ડોસાને ત્યાંજ પડતા મુકી તે બન્ને જવાનો મહાલ તરફ ચાલતા થયા.

રસતે તેઓ વચ્ચે કશી વાત થઇ નહી. શેપર ઘણોજ વિચારવંત અને કાંઈ નક્કી ઠરાવ ઉપર આવ્યો હોય તેવો જણાતો હતો; જ્યારે રોબર્ટ જે વખત જતો તેમાં કાંઇ અસાધારણ જાણવાનું મળશે એવી વકીથી તદન ઇંતેજાર બની ગયો હતો. શિયાળો પુરો થવા આવ્યો હતો અને બરફ વરસવું બંધ થયું હતું, એટલે જમીનમાંથી ઠેકાણે ઠેકાણેથી લીલાં ઘાસનાં તણખલાં બ્હાર ફુટી નીકળ્યાં હતાં, અને લાંબા વખતે સ્નોની સુફેદી પછીથી લીલાં ઘાસની હરીયાળી ઘણીજ રમણીય લાગતી હતી. છ માહના ઉપર જ્યાં જુનાં ખંડેર જેવાં ભાગાં-ભસતાં ઝુંપડાંઓ ઉભાં હતાં ત્યાં આજે હારેહાર રમકડાં જેવાં કોટેજીઝ, ન્હાના ન્હાના બગીચાઓ સાથનાં, બંધાએલાં જણાતાં, જેમાં શેપર બેરૂયને દુવા દેનારાં ગરીબ ગામડીયાંઓ વસતાં હતાં. આગળ જયારે ખેડુતો તન તોડીને સવાર સાંજ ખેતી માટે મહેનત કરીને જેમ તેમ પોતાનાં કુટુંબનું પેટ ભરાએ તેટલું અન્ન ઉતારતા, ત્યાં આજે જાતજાતના સાંચાઓની મદદથી, દુધથી ભરેલું અનાજ ઓછી મહેનતે અને વધતી ચાલાકીથી મેળવી પોતાનાં બાળગોપાળ સાથે. ખાઇ પીને. તેઓ તનદુરસ્ત ફરતા હતા.

આ રીતે જેઓ છેક નિર્ધન હાલતમાં હતાં તેઓજ સુખી અને સંતોશી દેખાતાં, પણ બીજાં, પોણે ભાગે પૈસાની મદદથી વધુ અસંતોશી ખાવું કરડું જેવાં લાલચુ અને પ્રપંચી બન્યાં હતાં, અને તેઓની તકરાર અને મારામારી યાતો રોજીંદી કોર્ટે જતી, અથવાતો ત્યાંને ત્યાંજ કાયદો હાથ ધરીને એકમેકની સાથે બાઝમબાઝી થતી. એ બધી હકિકતો શેપરના કાને અવારનવાર આવતી, અને આ કળીયુગને સત્ય યુગમાં ફેરવવાનું કેટલું મુશ્કેલ હતું તે ઉપર તે અફસોસની હાય ભરતો. તે જે માંગતો હતો તે પોતાના પૈસાથી બધાંને સુખી થએલાં જોવાનું હતું. પણ તેની અથાગ કાળજીનું પરિણામ તેને ખચિત નાઉમેદ કરનારૂંજ દરરોજ આવતું હતું. ભાગ્યેજ સોમાં એક આસામીને તેના પૈસાની મદદથી સુખ મળતું, બાકી નવાણું ભાગ વધતો અસંતોશી અને નાસબર દેખાતો.

"રોબર્ટ, તેં પેલું તારૂં ચિત્ર પુરૂં કર્યું કે?" એકાએક શેપરે પુછીયું.

"હજુર નથી પુરૂં કર્યું," તે જવાને કહ્યું.

"પણ તું ઉતાવળથી કામ કરનારો છે, એટલે લગભગ તૈયાર કરી રહેવા ઉપર તો આવ્યોજ હશે," શેપર હગીર શકથી, બાડા ડોળાથી તે જવાન તરફ જોઇને બોલ્યો. "ક્યાં સુધીમાં એ ચિત્ર લંડન મોકલી શકાશે?"

તે જવાન શરમાઇ ગયો અને મુશ્કેલીથી જવાબ આપ્યો ! " નહી, તમે છેલ્લું એ ચિત્ર જોયું હતું ત્યાર પછીથી હું કાંઇ ઘણું કરી શકયો નથી, હમણા તો ઉજાસ પણ બરાબર પડતો નથી."

નાસીપાસીનું એક વાદળું શેપરના ચહેરા ઉપર ચઢી આવ્યું, પરંતુ તે કાંઇ બોલ્યો નહીં; મહાલ તરફ આવી પુગતાં શેપરે મ્યુઝીઅમ બાજુનો રસતો લીધો. સંખ્યાબંધ મોટી ધાતુની પેટીઓ ત્યાં જકડીને મુકેલી હતી.

"ઝર ઝવાહેર તેમજ નવી નવાઇઓનો એક બીજો સંગ્રહ મારા એજંટો મારફત આવી પુગીયોછે. ગઇ કાલે રાતેજ પેટારાઓ આવી પુગીયા અને મેં હજુર ખોલાવીયા પણ નથી. કાગલો ઉપરથી હું જાણી ચુકીયોછ કે માંહે શું શું છે; કેટલુંક તો તદનજ નવું અને ઉમદા છે—"

" પણ પેલો ફીલોસોફર્સ-સ્ટોન, પેલો જેને પારસમણી કહેછ તે, તે હાથ આવ્યો કે ?" રોબર્ટે આંખ ચમકાવી પુછીયું.

" નહી, તે માટે મારો એજંટ લખેછે કે આબુના પહાડ ઉપરનાં દેવાલયમાં તે હોવો જોઇએ એ ઘણું બનવાજોગ છે; પણ ત્યાં સખત પેહરા ચોકી રહેછ અને ખાસ કરીને પરજાત માટે મોટી બંધી રાખીછે. પહેલાં તો તેઓના

પગમાંથી બુટ ઉતરાવેછે અને પછી દેવાલયના બ્હારના દરવાજે દાખલ કરેછે—"

"બુટ કઢાવેછે?" રોબર્ટ અજબ થયો. "આવી હીણપસ્તી મેં કદી સાંભળી નથી, અને ઠંડી શરદીથી પગમાં આંકડાં આવે તે જુદાં!"

"તું ભુલેછ; એ તો ગરમ મુલક છે; અને બીજું તો શું કે હિન્દુ માન્યતા મુજબ તે દેવલ તેઓના એક મોટા દેવનાં સ્મરણાર્થે બંધાએલુંછે, એટલે આપણે જાણવું જોઈએ કે આપણે જે જોડા કાઢીએછે તે એક મહાત્મા તરફનાં કુદરતી માન ખાતર છે. હું નહી ધારતો કે એમાં કોઈએ વાંધો લેવો જોઈએ. જો ફકત એક માનવી જાત, જે આ જગમાં બાદશાહની પદવીએ જન્મ્યો હશે, તેને માન આપવા આપણે વાંકા વળીને નમન કરશું કે બાઝે વખત ગુંઠણ ઉપરબી પડીશું, તો પછી એક ફરેશ્તાઈ પદવીના શક્તિવાન દેવ સન્મુખ શા માટે આપણે બુટ સાથે ચરર ચરર કરતા જઈને ઉભા રહીએ? હું તો એમાં હીન્દુઓને ધન્યવાદ આપુંછ કે તેઓ મોટા-મોટા યુરોપ્યનો કે ખુદ આપણા શાહના પ્રતિનિધિઓ જેવાઓનાં બી બુટ ઉતરાવેછે."

રોબર્ટે ચુપમોંહડે સાંભળ્યા કર્યું. આ શખસ હતોજ

એટલો બાહોશ, બધી વાતે પ્રવીણ અને ખોદાપરસ્ત કે તેના ધાર્મીક વિચારોથી તે તરતજ પીગળી જતો.

"આજે સાંજરે આપણે આ બધી ચીજો બ્હાર કાઢીને ગોઠવીશું તેટલાં હું તુંને આજ કાંઇ જુદાંજ કારણસર અત્રે લઈ આવ્યોછું. ચાલ આપણે સ્મોકીંગ રૂમમાં જઇએ, મારે કાંઇ ખાસ તારી સાથે વાત કરવી છે."

---

## પ્રકરણ તેરમું.

શેપર બેરૂચ એક સોફા ઉપર વિચારવંત અદાએ અને સદાની ગંભીરાઇથી બેઠો અને ઈશારત મુજબ રોબર્ટે તેની સામે બેઠક લીધી.

"સીગાર સળગાવ, દોસ્ત, અને તુંને કાંઇ રીફ્રેશમેંટ જોઇતું હોય તો પેલી સ્પ્રીંગ દાબ; તુંને કાંઇખી ખાતો જોવસ તો મારો જીવ ધરાશે."

રોબર્ટે 'ફ્રુટ' શબ્દની ચાવી દાબી અને સીગાર સળગાવવાનું માંડી વાળયું. ટુંક વખતમાં તેના પગ આગળ એક સુશોભિત ન્હાની ટેબલ ફાલકાંમાંથી આવીને ગોઠવાઈ ગઈ, જેના ઉપર એક સુંદર થાળમાં જાતજાતનાં રસદાર તાજાં ફ્રુટ મુકાએલાં હતાં.

રોબર્ટે દ્રાક્ષનો એક ઝુમખો ઉઠાવીયો અને શેપરે વિચારવંત હાલતે પાઇપ સળગાવી ફુંકવા માંડીયું.

"બોલ, રોબર્ટ, તેં ઘણી વાર મને દીવાનો ધારીયોછ કેની ? સાચું કહે."

આ અણધારેલા સવાલથી જવાન મેકીનટાયર ચોંકીયો. તેણે ઘણી વાર પેલા અદભુત આસામી માટે એવું ધારીયું હતું ખરૂં અને આ ગુન્હાનો તે કશો જવાબ આપી શકયો નહીં.

" મારા વહાલા ભાઇ, હું કાંઇ તારો કસુર જોતો નથી. તું એમ ધારે તે તદન કુદરતી છે. જે પ્રમાણે મેં તારા આગળ નવી દુનાયા ઉભી કરવાની વાતો કીધીછે તેમ કોઇ બીજો મારા આગળ કરે તો તેને ખચિત હું પણ મગજથી ખસેલો માનતે; અને તે છતાં રોબર્ટ આ તારાં અનુમાનમાં તું ખોટો છે. જે જે યોજનાઓ મેં તારા આગળ દર્શાવીછે તે માંહેલી એક પણ નહી બનવાજોગ નથી. હું તુંને આજે જે ખરી હકિકત છે તે કહુંછું. મારી દોલત હું જ્યાં અટકાવવા માગું ત્યાં અટકી શકે અને વધારવા માગું તેટલી વધી શકે, એ મારા હાથમાં છે. દુનીયાના તમામ નાણાવટીઓ, શરાફો., અને બેનકરો જેટલું નાણું પોતાની પેઢીઓમાંથી સામટા મળીને આપી

શકે, તેના કરતાં હું એકલે હાથે તેઓ કરતાં ઘણું વધારે એકી વખતે આપી શકું."

"તમારી અગણિત દોલતનો પુરતો પુરાવો મને મળી ગએલોછે," રોબર્ટે કાંઇક અકડવકડ કરતાં કહ્યું. રખે તેના નરમ ભેજાંના બાપનો કકલાટ અને ફરીયાદ આ ગંભીર શખસ સાંભળવા પામીયો હોય એવી તેને ફકર પડી.

"ત્યારે તો કુદરતી રીતે તું જાણવાને આતુર હશે કે તેવી મોટી દોલત મેં કયાંથી અને કેમ ભેગી કીધી હશે. હું એટલી તો તારી તદન ખાતરી કરી શકું છું કે તમામ પૈસો પ્રમાણિકપણે મેળવેલોછે–"

અહિં રોબર્ટને પોતાના બાપના બોલો યાદ આવ્યા અને તે ઉજળો વાખ મારી ગયો. બુઢાજી મોટે ઘાંટે વાતો કરતા હતા એટલે બનવાજોગ હતું કે આવતાં આવતાં શેપરે તે સાંભળ્યું હોય.

"મેં કોઈની ચોરી કીધી નથી," શેપરે ધીમે ધીમે ચલાવીયું, "કોઈને ઠગીયા નથી, કોઈ પારકાની હલાલ મહેનતે મેં મારી ત્રીજોરી ભરી નથી, કદીબી કોઈ બાપડાં બાપડીને નીચ રીતે ઠગીને પાપી રીતનો પૈસો એકઠો કર્યો નથી. રોબર્ટ, હું તારા બાપના વિચારો વાંચી શકુંછું; હું જોઇ શકુંછું કે તેઓ એ વાતમાં મને ગેરઈનશાફ કરેછે, કદાચ એમાં તેઓનો કસુર નહોય; બનવાજોગ કે એવ-

જુની જગ્યાએ હું હતે તો હુંબી એમજ કરતે ધારતે, યા અને વળી મને ફકર છે કે એઓ જે કાંઇ ધારેછે કે બોલેછે તે માટે એઓ જોખમદાર નથી. રોબર્ટ, હું તારી લાગણી દુખવવા માંગતો નથી, પરંતુ પપા મેકીનટાયરના મગજ માટે મને ઘણો વખત થયા ફકર લાગીયા કરેછે. હવે તે વાત તો આપણે પછીથી વધતી ગંભીરાઇથી ઉંચકી લઇશું, પણ તે પહેલાં મારે આજે તુંને કાંઇ જુદુંજ કહેવું છે. હું જોવુંછું કે તુંને મારી ઉપર સંપુર્ણ ઇતબાર છે અને લગ્નથી આપણે સગપણમાં આવીએ તે પહેલાં મારી બધી કેફીયત જાણવાને તુને હક છે. લીલીને તો મારા ઉપર તદન ભરૂસો છે અને તે ફરેશતાઇ ખસલતની નારી ફકત મારીજ દરકાર કરેછે, મારા પેસાની તેને કશીજ પરવા નથી, એટલે તેણી આગળ મને ખુલાસો કરવાની કશીજ જરૂર નથી.”

રોબર્ટનાં કપાળ ઉપરથી પાણી ઉતરવા માંડીયું. જો કદી તેની બેનને તેણીનાં ખરાં રંગરૂપમાં આ શખસ ઓળખવા પામીયો તો તેનું પરિણામ શું આવશે? ધારતીનું લખલખું તેનાં તમામ શરીરમાંથી પસાર થઈ ગયું; કાંઇ નહી તો આ નેકબખ્ત જવાનને ખાતર લીલી સુધરે તો કેવું સારૂં. પણ બચપણથી જે છોકરી મીંઢી, એકલપેટી અને લાલચુ લોભી ખાસીયતની હતી તેણીના તે જાતી

કુટુંબ કેમ જવાના હતા! તે મનસે ઘણોજ પસ્તાયો કે કેવે ખરાબ ચોઘડીએ તે પોતાની બેનને વચન આપી બંધાઈ ગયો હતો. હેક્ટર સાથનાં તેણીનાં સગપણથી શેપરને નહી ચેતાવવામાં શું તેણે વિશ્વાસનો ભંગ કર્યો નહતો? અને તે છતાં આ વિદ્વાન નર તેના ઉપર સંપુર્ણ ઈતબાર મુકતો હતો!

"મને તમારી ખાનગી હકિકત જાણવાને કશોજ હક નથી, મી. બેરૂચ, અને હું તેટલો જીજ્ઞાસુ પણ નથી, જોકે તમે રાજીખુશીથી મારામાં ભરૂસો મુકીને કહેવા માંગોછો એ મને મોટી ઇઝઝત મળેલી સમજસ, અને તે માટે મગરૂર રહેવસ." રોબર્ટ ખરાં દિલથી બોલીયો.

"ત્યારે હું તુંને કહેવાપ ખાસ કરીને હું કેમ દોલત મેળવું છ તે. વળી હું મારી પાછળ બધી લેખીત વરદીઓ અને ખુલાસાઓ મુકતો જઇશ કે જેથી હું મરણ પામું તો તું આ મારૂં મોટું કામ ઉઠાવી લઈ શકે અને પાપી દુનીયાને પરહેજગાર અને ખોદાપરસ્ત કરી શકે. રોબર્ટ, ઉઠતાં ને બેસતાં, જાગતાં ને ઉંઘતાં, સત્યયુગ અને સત્યયુગ-નાજ ખ્યાલો મારાં મગજને ભ્રમિત કરી રહ્યાછે. આટલા અખુટ ગંજ સાથે જો હું કુદરતને તેનાં કાર્યમાં મદદ નહી કરી શકું તો પછી આ દોલતની સત્તા શા ખપની? પેલો જુપીટર હાથ—આપણે તેનું નામ દઇશું નહી—ધમપોકાર

પોતાની તૈયારીઓ કરતો જાએછે, અને તેના શયતાનીયત ભાવાહાવામાં તેને ઉંધો નાખવાનો રસતો એકજ છે અને તે એજ કે મારી દૌલત ચોગરદમ રેડીને આખાં યુરપનાં આસામીઓને સુખી સંતોષી કરવાં. 'સુલેહની સંસ્થા,' "League of Nations,' યુદ્ધ અટકાવવા જેટલું કરી શકશે નહી, તેટલું પૈસાનાં પ્રાબલ્યથી બની શકશે એમ હું માનું છું. પાસે પુરતો પૈસો હશે તો લોકો 'મારૂં મારૂં ને તારૂં તારૂં' એવી એકલપેટાઈ છોડી દઈ એકમેકનું લોહી રેડવા જેવી ખુનામરકીમાં સંડોવાવાને કદીબી રાજી થનાર નથી. હવે તેમ કરવા માટે મારે આખાં યુરપને મારા પૈસાથી નેહાલ કરવું જોઇએ." તે અહિં થોભીયો; તેની ન્હાની આંખો સુસ્ત દેખાતી હતી, પણ તે મોટાં માથાંમાં સમાએલું બળવાન ભેજું કેવી અદભુત કાબેલીયત ધરાવતું હતું તે રોબર્ટ હવે બરાબર સમજવા શીખીયો હતો, એટલે વચ્ચે કશું ન બોલતાં તેણે ચુપચુપ સાંભળ્યા કીધું.

"રોબર્ટ, હિન્દુસ્થાનનો એક મોગલ બાદશાહ, નામે, અકબર-ધ-ગ્રેટ, મારીજ માફક સત્યયુગની સ્થાપના કરવા માટે ઇંતેજાર હતો; મગર તેણે જે રસતો અખત્યાર કરી બતાવ્યો તેમ હું કરનાર નથી. તેણે એમ ધાર્યું કે એકજ ધર્મ, કુલ દુનીયા માટે મંજુર કીધો હોય તો અધર્મીપણું નીકળી જાએ, અને પરહેજગારી પથરાતાં કળીયુગનાં

દુખડાં ટળી જાએ; એટલાં માટે તેણે 'દીને-એલાહી' યાને એકલા એકજ ખુદાને માનનારો ધર્મ શોધી કાઢીયો અને તેને ફેલાવવા માટે ઘણી તજવીઝો કરી. એ એના નવા બરપા થએલા ધર્મનું રહસ્ય જોવા જાવો તો બેશક આપણે ખરાં અંતકરણથી કબુલ કરીએ કે તેને અકબર-ધ-ગ્રેટનો દુનીયા વર્ણનો એલકાબ તદન છાજતો અપાયોછે. તેં ટેનીસનનું પુસ્તક, 'Akbar's Dream,' વાંચીયુંછે?" રોપરે પુછીયું.

"નહી," રોબર્ટે કહ્યું.

"આહ, તે બચિત વાંચવાજોગછે. તેના સખુનો મારાં મગજનાં તંતુઓ ઉપર આયના મીસાલ છાપ પાડીને બેઠાછે. સાંભળ, તેમાં લખીયુંછે કે એકવાર ફતેહપુર સીકરીના પોતાના આલીશાન મહાલની બ્હારના એક સપાટ પથ્થર ઉપર અકબર વિચારમાં ગીરફતાર જેવો ગમગીન બેઠો હતો. ત્યાં તેના રાજ્યકવી અબુલ ફઝલનું આવવું થયું. તેણે પોતાના શાહને ગમગીન જેવો જોઈ તેનો સબબ પુછીયો તો જવાબમાં અકબરે પોતે જોએલું સ્વપ્નું નીચલા સખુનોમાં કહી સંભળાવ્યું:

Well, I dreamed
That stone by stone I rear'd a sacred fane,
A temple, neither Pagod, Mosque nor Church

But loftier, simpler always open-door'd
To every breath from Heaven, and Truth and
Peace And Love and Justice came and dwelt
therein.

"કેવા સુંદર સખુનો! દીને-ઈલાહીની રચનાને અરના કેવા નાદર ખ્યાલો! ૧૯૭૩ની સાલમાં જ્યારે લૉર્ડ નોર્થબ્રુક હિન્દુસ્થાનના વાઇસરોય દાખલ નિમાયા હતા, ત્યારે મારા એક મિત્ર સાથે, નોર્થબ્રુક, સીકનદ્રા ખાતે અકબરની કબર જોવા ગયા, તે વેળાએ આ વાઇસરોયે મારા મિત્રને કહ્યું: 'જો અકબર પોતાની યોજનાઓમાં ફાવીયો હતે તો આજે આપણે અહિં નહી હતે'! એનો એમ બોલવ.નો ભાવાર્થ શું હતો તે સમજવો તદન સહેલ છે. મતલબ કે દીને ઈલાહી મુજબ જો હિન્દુસ્થાનના તમામ વતનીઓ એકજ ધર્મ-યાને એકલા એક ખુદાને-માનનારા થયા હતે, તો તેઓ વચ્ચે નાતજાતનો આટલો મોટો તફાવત રહયો નહતે, અને તેનાથી જે હર તરેહના બખેડા ઝઘડા થયા, શહેરો શહેરો વચ્ચે અને માંહોમાંહે લડાઈ અને કુસંપ થયા, તે થતે નહી, અને ઇંગ્રેજો, જેઓ તે વખતે ધીમેધીમે પોતાનો વેપાર વધારવાને ઇરાદે હિન્દુસ્થાનની પરધમી ભૂમિ ઉપર ઉતરતા જતા હતા; તેઓ તે મોટા મુલકના માલેક બની ગયા તેમ કદાચ થવા પામતે નહી. જો અકબરનો

ખ્વાબ ખરી પડીયો હતે તો, રોબર્ટ, હું સત્ય યકીનથી માનું છું કે એનટોનાઇન્સના વખતનાં રોમ કરતાંબી મોટાઈથીયું હિન્દુસ્થાન થયું હતે. હાલમાં જુવો તો અકબર પછીની બે સદીઓ મારામારી અને કાપાકાપીમાં કાઢી, ત્યાંની જુદા જુદા ધર્મો પાળનારી પ્રજા અંતે વીકટોરીયા-એ—ગુડ અને સુલેહને ચાહનાર એડવર્ડ સાતમાની હકુ-મત હેઠળ શાન્તી અને સુખ મેળવવા પામીછે. જો બ્રીટીશ સત્તા વખતસર હિન્દુસ્થાનમાં સ્થપાઇ નહતે તો તે મુલક તદનજ અજ્ઞાન અને જુદી જુદી જાતો એકમેકના વિરોધી જેવા રહેતે.”

તે થોભ્યો.

“હા, રોબર્ટ, હું એમ કહેતો હતો કે એકજ ધર્મ સ્થાપવાથી સત્યયુગ આવે એવી અકબરની માન્યતા હતી, અને તે માટે તેણે તમામ જુદા જુદા ધર્મોનું તત્વ એક ધર્મમાં ભેગું કર્યું. * ‘અકબરની દરબારમાં ઓલમાઓ,’ એ નામનું પુસ્તક તું વાંચશે તો એ ખુદાને પ્યારા પુરૂષની આહોશીનો તુને કાંઇક ખ્યાલ આવી શકશે, તેને મનસે હિન્દુ યોગીઓ, મહોમેદન ઓલમાઓ, ઇશેજ સાર્વાંઓ,

* કિ. રૂ. ત્રણ. વી. પી. સાથે. રચનાર, જરબાનુ કોઠાવાળા, ગોધરા (પંચમહાલ્સ).

મંગોલીયન પંડીતો, લીબેનોનના દુરવીશો, ટીબેટના લામાઓ, પોરચ્યુગલના ધર્માંધ પાદરીઓ કે ઝંદ અવસ્તા પઢી ચુકેલા પરેહઝગાર મુબેદો, બધા પોતાના ભાઇઓ બરાબર હતા. મગર આ અદભુત નરે પોતાની નવી દીન ઈલાહીની શરૂઆતમાંજ એક મોટી ભુલથાપ ખાધી; તેણે પોતે પોતાને તે ધર્મના શોધક પયગામબર દાખલ રજુ કીધો અને આ તેની ગુસ્તાખીથી કામ બગડીયું. લોકો અલગ થઈ ગયાં. તેને રાજી રાખવા જે કોઇ થોડાક ખુશામદીયાઓ હતા તેઓએ તેના કહયા પ્રમાણે કબુલ કીધું. મગર અકબર કોઈ ઉપર જોર જુલમ વાપરે તેવો નહી હતો અંને પ્રજા તે જાણુતી હોવાથી નચિંત હતી; તેની રઇયત જાતજાતના ધર્મો અને કિસમ કિસમના રેવાજો પાળતી હતી એટલે તે કરોડો આસામીઓ એક ધર્મ કબુલ કરે એ ઘણું મુશકેલ હતું."

"પણ મને એમ લાગેછે કે સત્યયુગ એમ નહી ઉભો થઇ શકે," શેપરે થોડા વખત થોભી પાછું ચલાવીયું. "આ પાપી દુનીયામાં પૈસાનું બળ સૌમાં મોટું છે અને તેનું ખેંચાણ અતિશય છે, તેવી વખતે નવો ધર્મ ઉભો કરવા કરતાં આદમીજાતને સુખી કેમ કરવી તેના ઉપાયો યોજવાની વધારે જરૂર છે. ઘણાએક ધર્મોનું શીક્ષણ એવું હોએછે કે તે પ્રમાણેનું વર્તન રાખવાથી આ દુનીયામાં

સુખી થવાતું નથી. કારણ આવતા ભવનું સુખ તેમાં વધારે સમાવવામાં આવેલું હોએછે. આપણા પવિત્ર ક્રાઇસ્ટની શીખામણ મુજબ એક ગાલ ઉપર તમાચો પડતાં બીજોબી કાઢી આપવો, યાને બીજી દુનીયામાં સુખ મેળવવા ખાતર આ ભવમાં તન ઉપર તરેહવાર કષ્ટ વેઠવાં, એ શરીયત અને શીક્ષણ મુજબનું વર્તન રાખવા લાખમાં એકબી શકી થાએ એવું આસામી આ જમાનામાં મલવું કઠણ છે. વળી હિન્દુ ધર્મમાંબી એકથી અનેક રીતનાં પોતાની જાત ઉપર કષ્ટ ખેંચી લેવાનાં શીક્ષણો છે, જેને રાંક અને મોટે ભાગે અભણ જાત પોતાના વંશપરંપરા મળેલા વારસા માફક નરમીથી તાબે થઇને તે રીવાજો સમજયા વગર પાળેછે. એકજ ધર્મ એવો છે કે જે કોઇબી જાતની હાડમારી તન ઉપર ખેંચી લેવાની હમેશાની મના ફરમાવતો આવ્યોછે, બલકે તેની સખત વિરૂદ્ધ છે. અને તે પેલો હજારો વરસ ઉપર સ્થપાએલો પુરાણો જરથુસ્તી ધર્મ છે. તેનાં ફરમાનો છે કે શરીરને ચોકખું અને સુખીયારૂં રાખવું કે જેથી સુખની સાથેજ સારા વિચારો, સારા સખુનો અને સારાં કામો સુજ પડે. હું તે ફીલસુફી માનુંછું, કારણ દુનીયા સુખી હોય તોજ સત્યયુગ સ્થપાએલો કહેવાય. વિદ્વાનો કહી ગયાછે કે એક છેલ્લો પયગામબર આવસે તે વખતે જગમાંથી બુરાં આદમીઓનો નાશ થશે, અને

ભલાં આદમીઓજ બાકી રહેશે, ત્યારે 'સત્યયુગ' આવેલો કહેવાશે; તે પણ બતાવેછે કે સુખ અને સંતોષ તેજ સત્યયુગ; અને તેથી મારા પૈસાનાં જોરે હું તમામ આદમજાતને સુખી કરવા માગુંછું કે જેથી કળીયુગ દફે થાએ અને ખોદાને પ્યારો સત્યયુગ સ્થપાય."

રોબર્ટ, જે ઘણુંજ ધ્યાન દઇને સાંભળતો હતો તેણે શેપરને એક પારકા ધર્મની આટલી સ્તુતિ કરતો સાંભળવા ગમીયું નહી એટલે તે બોલીયોઃ

"તમે તે દિવસે પણ કહેતા હતા કે પેલા નેપાલીસ યોગીના કહેવા પ્રમાણે એક છેલ્લો પયગામબર આવનાર છે. યહુદીઓ એમ કહેછ કે તેઓનો મેસાયા પયગામબર જન્મ લેશે ત્યારે સત્યયુગ ફેલાશે; પણ હું તે માનતો નથી. આપણો ક્રાઇસ્ટજ ખોદા તરફથી ધાર્મીક પયગામ લાવનાર એકલો એક ખોદાનો બેટો છે અને બીજો કોઇબી હવે પેદા થશે નહી કે જે નવો ધર્મ લઈ આવે."

શેપર તડો બેઠો.

"રોબર્ટ, કેવી તારી અજ્ઞાનતા! માફ કરજે, દોસ્ત, પણ મેં બાળપણથી એકથી અનેક ધર્મોનો અભ્યાસ કીધોછે, અને ત્યાર પછીથી હું કદીબી એવું સાંકડું મન રાખી શકીયો નથી. જે માત્ર પોતાનોજ ધર્મ સમજે તે કોઇબી ધર્મ સમજતોજ નથી—"

"તમારી અદભુત વિદ્વતા દર હલાડે જોતાં અને જાણુતાં મારી તમામ ખાતરી થઇ ગઇછે કે જેટલા પૈસાની બાબદમાં તમે શ્રિમંત છો તેટલાજ વિધ્યાની બાબદમાં કુશળ અને પ્રવીણ છો! પણ શું આપણાં બાઈબલનું શીક્ષણ તમે માનતા નથી ? "

"બાઇબલનાં જેવું દુનીયાવર્ણનું પુસ્તક બીજું કોઈ ભાગ્યેજ હશે. પણ આખર હઝારાને દિવસે ખોદાનો એક કાસદ તો આવવોજ જોઇએ. યહુદો મેસાયાની રાહ જુએછ; ઝરથોસ્તીઓ કહેછે કે પાકીઝેહ સોશીયંત જન્મસે, અને કળીયુગ સત્યયુગમાં ફેરવાસે; આપણે માનીએછ કે પવિત્ર ક્રાઇસ્ટ આવશે, મુસલમાનો કહેછે કે તેઓના હઝરત ઇમામ મેહેદી સાહેબ પાછા આવસે; અને હિન્દુઓ માનેછે કે તેઓના મહાદેવ વિષ્ણુ પાછા અવતાર લેસે."

"પાછા અવતાર લેસે એટલે ? ખચિત મી. બેરૂચ, તમે એ બ્રાહ્મણોની માન્યતા સાચી દાખલ તો સ્વીકારતા નહીજ હશો કે આદમી મરણ પામીયા પછીથી પાછો અવતાર લેછે—?"

"કાં નહી માનું ? જોકે મારા નેપાલીસ મિત્ર લોકેશ્વર ધર્મોતરને મોંહડે મેં જયારે પુનર્જન્મ માટે સાંભળ્યું ત્યારે હું પણ તારીજ માફક અવિશ્વાસથી સામો થયો હતો, પરંતુ એ દલીલ કબુલ રાખવા પહેલાં મેં તેની વિરૂદ્ધ તેમજ તરફેણનાં ઘણાં પુસ્તકો વાંચીયાંછે. આ

વિષ્ણુદેવનોજ દાખલો લે. એ નવ અવતારો લઈ ચુકેલા કહેવાએછે. છેક નોહાના વખતમાં જગરેલ આવી ત્યારથી વિષ્ણુના ભવ શરૂ થએલાછે અને દરેક વખતે દુનીયા ઉપર કાંઇ આફત આવી પડેછે, ત્યારે તેમાંથી કોઈબી રીતે આદમજાતનો બચાવ કરવાજ તે જન્મ લેછે, અને એ ફીલસુફી આપણા ઈંગ્રેજ લેખકોએ પણ સ્વીકારેલીછે."

"ઘણું અજબ જેવું, ઘણુંજ અજબ જેવું!" રોબર્ટ બબડીયો.

"હવે એ લોકો કહેછે કે વિષ્ણુ દસમો અવતાર લઇને પૃથવી ઉપર પાછા ઉતરસે ત્યારે કળીયુગ પુરો થશે, અને લોકોમાં સુખ સંપજ અને આબાદી ફેલાશે. અલબત એ તો દરેક ધર્મમાં જુદાં જુદાં નામો અપાએલાં, બાકી જે છેવટ સત્યયુગનો ખુદાઈ પયગામ લાવનાર આવશે તે દરેક ધર્મનાં માનવીઓનો ન્યાય એકજ સત્યને કાંટે એકસરખો તોલસે, પછી છોને આદમજાત તેને જુદે જુદે નામે ઓળખે. તે વખતે સૌને તેઓની કરણી પ્રમાણેનું ફળ મળશે અને જેવાં જેનાં કર્મ તેવું તેનું બહેશ્ત."

"બહેસ્તબી કાંઈ જુદી જુદી જાતનાં થતાં હસે! જ્યાં પવિત્ર ક્રાઈસ્ટનો વસવાટ છે તે બહેશ્ત, અને તે એક તે એકલું એકજ છે." રોબર્ટે કહ્યું.

" તારી ઘણી ભુલ છે. હફત કેશવરના માલેકે સાત બહેસ્ત બનાવેલાંછે એમ અસલના ફાઝેલ આકેલ ઈરાની-ઓનું કહેવું હતું. સર્વેથી ચઢીયાતું " સતરપાયા " ને નામે ઓળખાએછે. ખુદ આપણા મેવીયરે પણ કેહેલુંછે કે બહેસ્તમાં ઘણાં જુદાં જુદાં મકાનો છે; એ ઉપરથી આપણને ધડો લેવાનો છે તે એ કે આપણી કરણી મુજબની જુદી જુદી જગીયા આપણને મલસે. તું ગુંચવાએલો લાગેછે, પણ પુછ બેફીકર, તુંને કાંઈ પણ વહેમ હોય તો."

" ત્યારે માફ કરજો, મી. બેરૂચ, પુનર્જન્મ માનવા હું સાફ ના પાડુંછું. આપણે જો જુદા જુદા ભવોમાં માનીએ તો પછી રૂઝે કયામત જેવું રહેજ કયાંથી ? "

" રૂઝે રસતાખેઝને પુનર્જન્મ સાથે કાંઇ પણ સબંધ નથી. આ કેયામતનો દહાડો વરસો પછી એક વાર આવે. એમ તો બનેજ નહી, રોબર્ટ કે એક આદમી આહં જન્મીને, ધાર કે પોણોસોની ઉમર અહિં કાઢીને, ગુઝર પામે, પછી તે રસતાખેઝની રાહ જોતું કરોડો વરસો સુધી માટીમાં દટાઇ રહે અથવા ખાકમાં મલી જઈને ગાયબ થઈ જાએ. ત્યારે તો આદમજાત પેદા કરવાનું કારણજ શું ? જ્યાંસુધી એક મનુષ્ય પુરેપુરૂં ફરેસ્તાઇ અવતારનું બને નહી ત્યાંસુધી તે પાછું નવા નવા ભવો

લઈને અહિં આવવુંજ જોઈએ; ગયા જન્મમાં તે જે કાંઇ કામ અધુરૂં મુકી ગયું હોય તે બીજા ભવમાં તે સંપુર્ણ નહીતો આગળ ચલાવવા પાછું આવવુંજ જોઈએ. તુંજ વિચાર કરીને જોની કે એક બાળકને ઘણીજ ન્હાની ઉમરથી મ્યુઝીકનો અતિશય શોખ હોએછે, અને તેને શીક્ષણ મળે કે ના મળે તે પહેલાં અજબ ચતુરાઈથી તે મોટા સંગીતના ઉસ્તાદોને બાજુ બેસાડે તેવું વગાડેછે તે શું કારણથી? ગયા ભવનાં જ્ઞાન વગર હોઈ શકે? એમ તો એક ઘણું ચંચળ બચ્ચું હોય પણ તેના આગલા ભવનાં વળણ વગરના એક નવાજ વિભાગમાં તમે તેને પ્રવીણ કરવા માંગો તો તે કદી ફાવશે નહિ. શા માટે ચોકકસ આસામીઓને ચોકકસ ચીજો જાણે જન્મથીજ શીખી આવ્યાં હોય એવી સહેલી લાગેછે અને તેમાં તે ખીલી રહેછે? આ ગયા ભવની અસર વગર હોએજ નહી. વળી બીજું શું, આપણે જાણીએછ કે આ ફાની જેહાનને પેદા કરનાર માલેક એક ઘણોજ ઈનસાફી છે, ત્યારે પછી આ ધરતી ઉપર એક બચ્ચું ભિક્ષુકને ત્યાં અવતરી, ભુખમરાથી હેરાન થઇ તનથી પીડાઇ જંગલી હેવાનીયત જીન્દગી ગુજારી પુરૂં થાએછે, ત્યારે બીજું બાળક એક શાહને ત્યાં જન્મી જાહોજલાલી ભોગવી સત્તા વાપરી ખુશખુશાલ અને સુખવાસી ઉમર કાઢેછે, તે કેમ? એક તરતનાં

જન્મેલાં બચ્ચાંનો શું કસુર હોય કે તેને ભીખારી અવતારે જન્મ થવાના શ્રાપ અને કમનસીબી મળે ? તેમ પેલાં બીજા પેદા પડેલાં બચ્ચાંએ આવતાંને વાર એવું તે શું કીધું હોય કે તે શાહના મહાલમાં જન્મ લેવા પામે ? આ બન્ને બચ્ચાંઓ આગલા ભવમાં આ દુનીયામાં આવી ગયાં હોય, અને એકે પાપી જીન્દગી ગુઝારી હોય જ્યારે બીજાંએ ઘણું પુણ્યનાં કામો કર્યાં હોય, તોજ તેઓને આ નવા ભવમાં કરણી પ્રમાણેનું ફળ મળતું હોવું જોઈએં કેની ? તેમ જો નહી હોય તો તે સર્વશકિતવાન સાહેબના ઇનસાફ માટે આપણને ક્યાંથી માન રહે ? હું તો ધારૂં છું કે પુનર્જન્મ નહી માનવાથી લોકોના વિચારો નાસ્તિકપણા તરફ વધારે ઢળે છે."

રોબર્ટની ખાતરી થવા લાગી તોપણ તેણે જવાબમાં કહ્યું:

"મેં આ સંબંધી ઘણાં પુસ્તકો વાંચીયાં નથી એટલે હું પુનર્જન્મ ઉપર વાદવિવાદ કરવા લાયકનો નહી કહેવાઉં."

"ત્યાંજ તારી ભૂલ છે તો; બીજાઓના વિચારો પુસ્તકદ્વારા વાંચીયા હોય તોજ આપણે અનુમાન બાંધવાને લાયક કહેવાઈએ, એ દલીલ હું માનતો નથી. વિદ્વાનો શું કહી ગયા છે તે વાંચીને તેઓનોજ મત ગ્રહણ કરીએ એમાં આપણાં પોતાનાં ભેજાંનો કશોજ ઉપયોગ થતો

નથી. ભણેલાઓમાં તો ઘણો મતફેર હોય, પણ આપણી પોતાની સાદી સમજ શું કહેછે તે જોવું જોઇએ અને મારાં અનુમાન પ્રમાણે પુનર્જન્મ છેજ, પછી છોને લોકો જુદા વિચારના હોય. એવી માન્યતાથી મનુષ્ય વધુ ભલુંજ થવાની તજવીજ કરે."

"હું જ્યારે નાહાન વયનો હતો," શેપરે થોડુંક થોભીને ચલાવીયું, "ત્યારે તારી માફક બીજાઓના ધર્મની વિરૂદ્ધ બોલતો પણ મારાં માતાજી મને તેમ કરવામાંથી રોકતાં અને મને સમજાવતાં કે કોઇના પણ ધર્મની મશ્કરી કરવી એ મોટું પાપ હતું! ત્યારથી હું હરેક ધર્મને માન આપું છું. કેવાં કેવાં મોટાં વિદ્વાન ભેજાંઓએ પુનર્જન્મની માન્યતા સ્વીકારેલીછે. જોકે પંડીત ધર્મોતરના કહેવા મુજબ એમાં કોઈક અજ્ઞાન હિન્દુઓ ઘણું અતેરૂં કરેછે. પણ થોડાએક મહિના ઉપર મારા એક ઇંગ્રેજ મિત્ર મુસાફરને મોંહડે એક ઘણીજ વિચિત્ર કેફીયત મેં સાંભળી અને ત્યાર પછીથી મને એ વાતમાં વધતી શ્રદ્ધા બેઠીછે."

"તે શું વારૂં?" રોબર્ટે જાણવા માંગીયું.

"મારો તે મિત્ર મારીજ માફક ચોપડીનો કીડો અને દેશોદેશના રીત રીવાજોનો અભ્યાસ કરનાર છે. તે ગયે વરસે હિન્દુસ્થાનની મુલાકાતે ગયો હતો. એક દહાડો શિકારે નીકળતાં તે પોતાની ટોળીથી વિખૂટો પડી ગયો

અને અડધી પોણી રાત સુધી ગીચ્ચ જંગલમાં ભટકીયો પરંતુ તેને ના આદમીની નસલ મલી કે ના પાધરા રાહ ઉપર ઉતરી શકીયો; અંતે થાકથી આજેજ બની તે ત્યાંનાં એક ઝાડની હેઠળ તેનાં થડ ઉપર માથું ટેકવી સુઇ ગયો. એકાએક મોંહ ઉપર સર્દ પવન ફુંકાવાથી અને કોઇના ફુંફાશ જેવું લાગવાથી, તેની ભર ઉંઘમાંથી આંખો ઉંઘડી ગઇ અને ચાંદણીના ખુલ્લા ઉજાસમાં ત્યાંનો દેખાવ જોઈ તેની રગેરગમાંનું લોહી બંધાઈને જંમી ગયું. એક મોટી વાઘણ પોતાની પાતળી અણીયાલી જીભ બ્હાર કાઢી તેના ગાલ હાથ કપાળ સર્વે ચાટતી હતી! તે બાપડાએ જાણીયું કે હવે આ જગતને છેલ્લી સલામ કરવાનો તેનો વખત આવી પુગીયો હતો, અને પહેલો ગભરાટ જંરા સમી જતાં તેણે પોતાનો ડાભો હાથ બહુજ આસ્તેથી ખસાડીને પોતા પાસે પડેલી બંદુક ઉપાડીને ફોડવાનો યત્ન કરવા ધાર્યું, પણ તેટલાં તેને યાદ આવ્યું કે તે બંદુક ભરેલી નહતી. હવે કેમ કરવું! તેણે વાંચીયું હતું કે કોઈક વાર વાઘ એકેદમ તડાપ મારીને કરડતો નથી પણ ઘણીક વાર તે અશક્ત જેવાં પડેલાં આદમીને ચુસી ચુસીને લેહઝતથી તેનું લોહી પીએછ. તે મારા ગરીબ મિત્રનાં રૂવેરૂવાં ઉભાં થયાં અને ખુદાનું નામ લઈ તે આંખો વીંચીને પડી રહયો, પણ અજબ કે તે વાઘણ પોતાની પુછડી હલાવતી નરમ

ધીમા અવાજ કાઢતી માત્ર તેને ચાટતીજ રહી. કરડવા કે ચુસવાની સહેજબી તજવીજ તેણીએ કરી નહી. હવે મારા મિત્રમાં જરા હિમત આવી અને જાગૃત થયો હોય તેમ બતાવવા તેણે પોતાનાં શરીરને સહેજ હલાવી જોયું તો તે વાઘણ જાણે પોતાનાં ફરઝંદને પ્યાર કરતી હોય તેમ પોતાનું માથું તે મારા રફીકની છાતી ઉપર ટેકવી હેતના ધીમા અવાજ કાઢવા લાગી. તે જવાનને કશી સમજ પડી નહી. પરંતુ રફતે રફતે તેનામાં હિમત વધતી ગઈ અને હવે તે ઉઠીને બેઠો તો તે જંગલની વિકાળ રાણીએ પોતાના આગલા પગો ઉપર બેસી જઈ પોતાનું સર તેનાં ખભાં ઉપર ટેકવીયું. આ શું કરામત હતી તે તે સમજી શકીયો નહી. તેણી એવી તો કળવાઈને અવાજ કાઢતી કે જાણે પોતાનાં ગુમ થએલાં ફરઝંદને મળી હોય અને તે બાળક તેણીને ઓળખવા ના પાડતું હોય, બલકે માતા દાખલ તેણીનો તુચ્છકાર કરતું હોય! તેણીની આંખોમાં અજબ પ્રકારની નરમાસ જણાતી, આ શું કહેવાય! મારા મિત્રના બન્ને હાથો ખુલ્લા હતા, તે જો ચહાતે તો બંદુક ભરી શકતે પણ કુદરતી રીતે તેનો જીવ ચાલીયો નહી. હવે તેણે પોતાનો હાથ ઉઠાવી તે વાઘણની પીઠ પસવારી, તેથી તો તેણીનો હરખ માયો સમાયો નહી જતો હોય તેમ તેણીએ અબોલા હુંકારો કાઢવા માંડીયા અને તેના ગાલ

ચાટવા માંડીયા. એકાદ કલાક આ જાતના વિચિત્ર ખેલમાં નીકળી ગયો; તેટલાં સવારનું ઝળકણુ થવાથી મારો દોસ્ત ઉઠીને ઉભો થયો અને પેલાં ઝનુની જાતનાં પણુ અજબ માયાળુ અને નરમાસભરી રીતે તેની સાથે વર્તતાં જાનવરને પસવારી તેણે આગળ રસ્તો કરવા માંડીયો; પણુ અજબ કે તે વાઘણુ તેની પુઠે આવી અને તેનો ડગલો ખેંચી જાણે તેને જતો રોકવા માંગતી હોય તેમ કાકલુદી કરવા લાગી. હવે કેમ કરવું ? તેને કશું સુજ પડીયું નહી. જેમ તે આગળ પગલાં ઉંચકતો તેમ તેણી તેનો કોટ ખેંચી નરમ અવાજે કાઢી તેણીને પડતી નહી મુકવાને વિનવતી. અંતે તેણીની આંખોમાંથી આંસુઓ ઉતરી આવેલાં જોઇ તે શિકારીનું દિલ પીગળયું અને આ નહી સમજ પડે તેવા અકુદરતી મામલાથી અજબ થઈ તે નીચે બેસી ગયો. શું તે વાઘણુની ખુશાલી ! આ પ્રમાણે બે રાત અને બે દિવસ તે ત્યાં રહયો; તેણી પોતે ભક્ષ કરેલા શિકારો તેને માટે લઈ આવતી અને ચકમકના અંગારાથી ભુંજી ખાઇ તેણે વખત કાઢીયો. રાત્રિના વખતે રખે તે જવાન ન્હાસી જાએ તેના ડરે તેણી ચોકી કરતી બેસતી એટલે તેને ન્હાસવાની જરાબી તક મળતી નહી. ત્રીજે દહાડે તે પેલી વાઘણુની નજર ચુકાવી એક મોટાં ઝાડ ઉપર ચઢી ગયો; થોડા વખત પછી તેણી પોતાના તે પ્યારા સાથી

પડેલા માનવ મિત્ર માટે ખાવાનો શિકાર લઈ પાછી ફરી પરંતુ તેને ત્યાં ન જોઈ બાવરી બની ગઇ; તેણીએ દુખના અરાડાથી જંગલ ધુજાવી નાખીયું અને અહિં તહિં દોડી બાવરી જેવી પુકારો કરવા લાગી. તે જવાનથી વધારે વખત તે દેખાવ તામોસ થઈ શકીયો નહી એટલે તે નીચે ઉતરી આવ્યો. પહેલાં તો તેને ડર લાગીયો કે રખે ઝનુનમાં આવી ઉછળીને તેણી તેને તોટે બાઝે, અને સાવચેતી રાખી તેણે બંદુક ભરીને પોતાની પાસે તૈયાર રાખી હતી; પણ તેને જોતાંજ ખુશાલીના નરમ મીઠા અવાજે કાઢતી તેણીએ નજદિક આવી પોતાનું સર તેના પગ ઉપર મુકીયું અને તર તર આંસુએ રડી પડી.

“ આ અકુદરતી મોજેજાથી મારો મિત્ર દંગ થઇ ગયો, પણ તે કયાં સુધી જંગલ જેહાનમાં એક ઝનુની ગણાતાં જાનવરની વિચિત્ર સંગતમાં પડી રહે ! તેણે મારી માફક જુદા જુદા ધર્મોનાં પુસ્તકો વાંચ્યાં હતાં અને હિન્દુ માન્યતાની તે મનસે મજાક કરતો હતો, છતાં તેને લાગવા માંડીયું કે કાં નહી તેની માતા, જેને પોતાના એકપુરા બેટા ઉપર જીવતાંજીવત ઘણોજ વહાલ હતો, તેણી આ વાઘણને અવતારે ફરી જનમવા પામી હોય. મગર જેટલો એકાએક આ વિચાર તેનાં મગજમાં આવ્યો તેટલો જલદીજ તેણે તે ખંખેરી કાઢીયો. પાંચમે દિવસે તે સદંતર ત્યાંથી

ન્હાસી જવા પામાયો અને એક વાર પાછો પોતાના દોસ્ત આસ્નાઓને મળયો, જેઓએ તેને ગુમ થયેલો કે મરણ પામેલો ધાર્યો હતો. તેની વિચિત્ર કહાણી સાંભળી તેના યુરોપીયન મિત્રો તેના જેટલાજ અજબ થયા, પણ જ્યારે ખાસ તેણે ત્યાંની કોલેજના એક હિન્દુ પ્રોફેસરને આ બીના કહી ત્યારે તે બોલી ઉઠયોઃ

'સાહેબ, આ તો તમારાં માતુશ્રી પાછાં નવા ભવમાં આવેલાંછે; અરેરે, તે બીચારાં તમારા વિયોગથી કેટલાં અકળાતાં હશે !'

'મી. મધુવન, એમતે થતું હશે?' મારો દોસ્ત હસીયો.

'કેમ ના થાએ ? બોલો, તમારાં માતુશ્રી જીવતાં હતાં ત્યારે તમે તેમને છોડીને ઘર બ્હાર કોઈ દિવસ ન્હાસી ગયા હતા ?'

'હા, એક વાર મેં એમ કર્યું હતું ખરૂં,' તેણે યાદ કરતાં કહ્યું. 'મને બચપણથી મુસાફરીનો ઘણો શોખ હતો અને હું મારાં માતાજીને બહુ સમજાવતો કે મને દેશાવર જવા દેયો પણ તેઓ મને રજા આપતાં નહી. પછી એક વાર હું છુપાઈ ગયો અને મારાં માતાજી સમજ્યાં કે હું વહાણ ઉપર ચાલી ગયો હતો એટલે તેઓ દુખથી બાવરાં બની ગયાં અને ખાવાનું પણ મુકી દીધું

એટલે હું પાછો આવ્યો અને ત્યારેજ એમણે મોંહમાં અન્ન મુક્યું.'

'અને તેજ પ્રમાણે તમે આ તમારા નવા જન્મમાં આવેલાં માતાજી સાથે હંમણાં કીધું એમ કહોછો ! ઝાડ ઉપર ચઢી બેઠા અને તેણીને દુખથી ગાંડી જેવી બનાવી ! પરંતુ કોઇ વેળા તમે ખરેખર ઘર છોડીને ચાલી ગએલા ?' તે હિન્દુએ પુછીયું.

'હા,' મારા મિત્રે કહયું. 'એક વાર હું ઘર છોડીને ઓસટ્રેલીયા ઉપડી ગયો; મેં ઘણાં હેતપ્રીતનું કાગળ મારાં માતા ઉપર લખીને મારી ટેબલ ઉપર છોડીયું હતું કે એકાદ વરસમાં તો હું પાછો આવીશ અને તેટલો વખત નચિંતાઈથી રહેવું.' અને અહિં તેનો સાહદ જરા ગગળી ગયો તે ઉપરથી પેલા હિન્દુએ પુછીયું:

'અને પછી તમે વરસ દહાડો રહીને તેણીને આવીને મળીયા ?'

'નહી, મેં પાછળથી જાણીયું કે મારાં ગરીબ માતાજી મારી જુદાઇમાં રડી રડી મારા ગયા પછીના આઠેક દહાડામાંજ મરણ પામીયાં.'

'શીવ ! શીવ ! શીવ !' તે પોતાના ઇશ્વરનું નામ લઈને બોલીયો. 'તમારાં સર ઉપર તમારાં માતુશ્રીનું

મરણુ બેઠેલું છે; આ પ્રમાણે સાત જન્મોમાં એક મરણું બનશે. સાહેબ, તમે હસોછો, પરંતુ મારી ખાતરી છે કે તે વાઘણ તમારી માતા છે અને જો તમે ફરીથી તે જંગલમાં જઇને જોઇ આવશો તો તે તમારા વિયોગથી ટળવળીને મરણ પામી હશે.’

“મારા રફીકને કાંઈ નહી તો આ વિચિત્ર વાતની ખાતરી કરવી હતી એટલે તે પાછો તે જંગલમાં જવા તૈયાર થયો. આ વખતે તેણે બધી હકીકત પોતાના કેટલાક મિત્રોને કહી તેમને સાથે લીધા, અને બરાબર જે ઝાડ હેઠળ તે પહેલાં સુતો હતો ત્યાંનો રસતો લેતાં તેણે પેલી વાઘણનું શરીર ત્યાં લાંબું થઇને પડેલું જોયું. નજદિક જતાં તેણે જોયું તો તેનો રૂમાલ જે તે ત્યાંજ ભૂલી આવ્યો હતો તે તેણીના બે આગલા પંજામાં પકડાએલો હતો અને તેની ઉપર પોતાનું માથું દબાવી તેણી મરણ પામેલી પડી હતી. મારો દોસ્ત ત્યાંજ બેસીને રડી પડીયો, અને તે પાછળથી મારી આગળ બોલી ગયો કે તેણે જાણે તેજ દિવસે પોતાની મા ખોહી હોય તેવું તેને દુખ લાગીયું. તેણે ત્યારબાદ હિન્દુસ્થાનનાં દરેક અખબારમાં આ વિચિત્ર બનાવ છપાવ્યો. હવે, બોલ, રોબર્ટ, તુંને શું કહેવું છે એ માટે ?”

"ઘણુંજ અજબ જેવું, ઘણુંજ અજબ જેવું!" રોબર્ટ બબડીયો. તે આ હકિકત સાંભળીયા પછીથી પુનર્જન્મને હસી કાઢવા તૈયાર નહતો. તેણે ઘણી ગંભીરાઇથી કહ્યું: "હું ઇચ્છુંછું, મી. બેરૂચ, કે તમારા સામે હીસ્સેજ મેં બધાં ધાર્મીક પુસ્તકો વાંચીયાં હતે. જે મેં વાંચીયાંછે તે મારાં ધ્યાનમાં ઉતરીયાં નથી અને તે બધાં સાથની સરખામણીમાં મને મારોજ ધર્મ સર્વે માં ચઢીયાતો લાગીયોછે."

"તારૂં એમ માનવું તુંને બેશક ઘણું માનસર્યું છે, પણ તેમાં બીજા ધર્મો તરફની અજ્ઞાનતા જણાઇ આવેછે."

"પણ આપણાં યુરપમાંથી આપણા ખ્રીસ્તી ધર્મનાં શીક્ષણો આપવા માટે અને ફેલાવો કરવા ખાતર કરોડોનાં ફન્ડ થએલાંછે અને હઝારો મીશનરીઓ હિન્દુસ્થાન તરફ જાએછે, તો હું તો એમજ ધારતો કે જે વખત જાએંછ તેમાં ત્યાંની અસણ પ્રજાઓ બધી ખ્રીસ્તી બનસે."

શેપર બેરૂચ પોતાનું મોટું માથું પીઠ પાછળ નમાવી ખડખડ હસીયો.

રોબર્ટ લજવાઇ ગયો. તે તેનું હસવું હાંસી મશકેરી જેવું હતું. અને તે જવાને જોયું કે તેનાથી કાચું કપાયું હતું, પરંતુ, રોબર્ટનો ચહેરો ફજેત જેવો પડતો જોઇ શેપર ગંભીર બનીયો.

" તું જાણતો નહી હોવો જોઇએ કે આખા યુરપમાં અને અમેરીકામાં જેટલી સામટી વસતી છે તેથીબી વધારે એકલાં એક હિન્દુસ્તાનમાં છે. વળી એ મુલકમાં ખોદાને પ્યારા મહાત્માઓએ જન્મ લીધાછે. જગતમાં જેટલી ઝબાન બોલાતી, વંચાતી, લખાતી કે વિચારાતી હશે તે તમામ ભાષામાં ખોદાવંદતાલાની સ્તુતિ કેથેબી ગવાતી હોય તો તે હિન્દુસ્થાનમાં છે. તે સર્વશકિતવાન માલેકે બહેસ્તની સબીનો આકાર હુબહુ અહિં ધરતી ઉપર ઉતારીયોછે, જેને આપણે 'ગારડન ઓફ ઇડન' કહીએછ, અને ઇરાનીઓ 'બાગે એરમ' કહેછે, તે પણ મહા રમણીય કેશમીરમાં હતો. હું તો માનુંછું કે જુનામાં જુના ધર્મો જે સ્થપાયાછે તે બધા એ તરફના અને અરેબીયા ઇરાન તરફના છે, અને આપણું પવિત્ર બાઇબલ જે રચાયુંછે તે ઘણે ભાગે અસલનાં ધાર્મીક ઝંદ અવસ્તાનાં પુસ્તકો ઉપરથી છે."

" શું તમે એટલે સુધી આપણા મોતેબર ધર્મ માટે લાગણી વગરનું બોલી શકોછો ?" રોબર્ટ લગાર ઉશકેરાઇને બોલી પડીયો.

"ધીરે, ધીરે, રફીક, તારા કરતાં પણ જ્યાદા માન મને આપણા ધર્મ માટે છે મગર એટલું યાદ રાખજે કે સત્યયુગ સ્થાપવા માટે હું તારી મદદ માગુંછું. ફકત મારાં કામમાં તારી

આમેલગીરી હશે તો બસ છે અને તેથી તારી આગળ હું સત્યયુગની શોધ કેમ થાએ તે ઉપર બોલવા માગુંછું- તેં મને ઘણા કચવાટથી આ સવાલ પુછીયોછ, મગર સત્પુરૂષ ઝરાથુસ્ત જે ઈરાનનો સર્વેથી પહેલો પયગામબર થઈ ગયોછે તેનાં ધર્મ પુસ્તકો ઉપરથી આપણું બાઇબલ કાંઈક ભાગે લખાયુંછે એમ ખુદ આપણા ઇંગ્રેજ સાવાંઓએ કબુલ કર્યુંછે. તું જો, 'Our Religion in ancient Persia'નામની ચોપડી વાંચી જોશે તો તારી ખાતરી થશે. મેં એમ વાંચીયુંછે, કે જો મેરેથાન, સંલેમાસ અને પ્લેટીની જંગભુમિ ઉપર ઇરાનીઓએ યુનાનીઓને શેકસ્ત આપી હતે તો આજે આખાં યુરપમાં અહુર-મઝદ આપણા પેદાના કરનાર અને ઝરાથુસ્ત આપણા પયગામ-બર ગણાતે. જોકે એલેકઝાનડરે બધી ઇરાની કેતાબો બાળી નાખી એમ કહેવાએછે, અને મઝદકી ટોળાએ ઘણી રીતે એ પવિત્ર ધર્મ ભ્રષ્ટ કીધો, માનીઓએ વટીક તેમાં શક કે સુબેહ ઉઠાવીયો, તે છતાં હઝારો વરસ એ ધર્મ ટકી રહયો. છેવટ અરબોએ તેને જબરજસ્ત ફટકો લગાવીયો તોપણ તેઓ વતન છોડી ગયા, પણ ધર્મ તજયો નહી"

"તમે એ ધર્મ માટે ઘણું જાણુતા લાગોછો" ચાબર્ટે હવે રસ લઇને પુછીયું.

"હા, કારણ એ જગતમાંનો પહેલો ધર્મ કહેવાએલો–ક્રાઈસ્ટની હજારો વરસો પહેલાંનો આ પુરાતન ઈરાની ધર્મ, જે વખતે દુનીયામાં ઈતિહાસ જેવું પણ કશું લખાતું નહતું તે વખતનો સ્થપાએલો–ધરતી ઉપર પહેલવહેલોજ એક ધર્મ દાખલ બરપા થએલો, અફસોસ કે થોડીક હજાર સાલ પછી તેની હસતી નીસ્તીમાં લાવવા હરીફ મતવાળા ગ્રીક, રોમન અને અરબોએ એટલે સીકંદર રૂમી અને ખલીફ ઓમરે પોતાથી બન્યો એટલો તેનો નાશ કરવાનું કીધું. અને અજબ જેવું નથી કે તેજ દીન–હરીફોના વંશજો પાસેથી આપણે એ પુરાણા ઝરથુસ્તી ધર્મ માટેના ખુલાસાઓ મેળવીયાછે?"

"ઓ, તે કેમ બને?"

"હા, રોમન, ગ્રીક અને અરબ લેખકોજ એ ધર્મ બાબે લખી ગયાછે. હવે સાદી અક્કલથી વિચાર કરી જોતાં આપણે સમજી શકીએ કે દીન—દુશ્મનો પરધર્મની ખુબીઓ બધી સંપુર્ણ તો દર્શાવેજ નહી, એટલુંજ નહી તેમ વળી તેની ખુબીઓનાં તમામ ઉંડાણમાં ઉતરી અસલ સચ્ચાઈ શોધી ન કાઢતાં ઉપર ઉપરની સમજ આપે, તો તેથી ધર્મને કેટલો ગેરઈનસાફ થાએ! હવે જોકે તેજ પુસ્તકોની ઉપરથી શોધખોળ અને માયના આપવાનું યુરોપીઅન શાસ્ત્રીઓએ હાલની સદીમાં કર્યાં, એટલે ક્રાઈસ્ટના ધર્મ

ઉપર ફીદા થએલા અને તેને ખોદાના પુત્ર દાખલ સ્વીકાર-નાર આપણા યુરોપ્યનો બીજાનો ધર્મ આપણાથી ચઢીયાતો છે એમ સ્વીકારે નહિ તો તે કુદરતી છે. અને એમ એક પછી એક દીન-દુશ્મનોના હાથથી જુદા જુદા વિચારો દર્શાવનારો આ અસલ પર્વનો મોતેબર ઝરથુશ્તી ધર્મ હાલમાં પછાત પડી ગયોછે. મગર પૃથ્વીના દરેક ધર્મોના અભ્યાસની મને મોહેની લાગેલી હોવાથી મેં જે કાંઇ સેંક-ડા કેતાબો ઉથલાવી નાખીછે તે ઉપરથી હું જોઇ શકુંછું કે ખુદ ખોદાના વિચારોથી ઘડએલો અને તેની ખુશીથી બારપા થએલો પહેલો ધર્મ તે મહાન પયગામબર ઝરાથુ-શ્તની મારફતે આવેલો માઝદીયસ્ની ધર્મ છે."

તે થોભ્યો.

"હું શાહદત પુરાવા વગર બોલતો નથી. આ પુરા-તન પરશીયાના ધર્મ ઉપર છેલ્લાં ત્રીસ વરસ થયાં એટલી તો શોધખોળોનો પ્રકાશ પડીયોછે કે તે પ્રમાણે આપણા યુરોપ્યનોએ બીજા કોઈ પણ ધર્મો માટે કર્યું નથી. Archaeology, Geology, Biblical Criticism, Ved-antic & Avesticliturature તેમજ excavations થી બધાં કોતરકામ ખોદી કાઢીને અને સ્ટોન રેકર્ડસ શોધીને, આ હજારો વરસ પૂર્વેના ધર્મને પુર અજવાળાંમાં લાવવામાં આવ્યોછે. અરે, રોબર્ટ, આ ઇરાનીઓએ ઇસ્નિ મુલક ઉપરાંત

એક વાર આખું એશીયા અને તે વખતનું કહેવાતું આફ્રીકા તેમજ યુરપનો મોટો ભાગ વશીકસર કરીયો હતો. એ કોમ માટે અને એઓના મઝહબ માટે મને અતિ ઘણું માન છે, પરંતુ તેથી એમ માનવાનું નથી કે મને મારા ધર્મ માટે ચાહ નથી. જેને પોતાના ધર્મ માટે માન નહોય તેને હું અમણુ અને અધર્મી બન્ને ધારી લેવું. મને આપણા ક્રીસ્ચ્યન ધર્મ ઉપર ઘણોજ પ્રેમ છે; મગર તું ભૂલીશ કે હું સત્યયુગની શોધમાં છું અને તે ક્યારે આવસે અથવા કેમ સ્થપાસે, તે જાણવા માટે મને દરેક ધમનાં પુસ્તકોનો અભ્યાસ કરવોજ જોઈએ. અને જેમ અભ્યાસ વધ્યો તેમ હુ જોઈ શકીયો કે નામ ત્યારે તો જુદા જુદા ધર્મો પણ સવેનો હેતુ તો એકજ છે અને તે બધાં શીક્ષણો એકમાંથી લીધેલાંછે."

"કેવી રીતે? મને તો મગતાપણું જરાએ જણાતું નથી!" રોબર્ટ બોલીયો.

"કદાચ તું કંટાળસે, પણ આજનો આખો દહાડો તારે અહિંજ ગુજારવાનોછે. સત્યયુગની શોધ પાછળ મંડવા માટે તુનેઆ બીજા ધર્મો માટે બધું જાણવાની જરૂર છે. ત્યારબાદ હું સોનું કેમ એકઠું કરૂંછું તે તને બતાવીશ, અને પછી મારા એજંટો તરફથી આવેલી નવી નવાઈઓ આપણે તપાસીશું. પણ તું જો મારાં ટાહેલાંથી કંટાળતો

હોય તો આપણે હમણાંજ મારી લેબોરેટરીમાં જઈએ. ઓ, હજુર તો તેં દ્રાક્ષનો એક ઝુમખો પણ પુરો કર્યો નથી!"

"નહી, મી. બેરૂચ, તમારી વાતો એટલી રસીલી છે કે મને કશુંજ બીજું સુજ પડતું નથી પણ જો તમે સત્યયુગ સ્થાપો તો કયો ધર્મ નક્કી કરો?" રોબર્ટે ઈંતેજારીથી પુછીયું.

"એકલા એક ખુદાને માનનારો ધર્મ," શેપરે કહ્યું.

"પણ તેમાં મૂર્તિપૂજકો અને આતેશપરસ્તો સામેલ થશે?"

"તે લોકો ઘણા ધર્મી છે," શેપરે ગંભીરાઈથી કહયું. "તું આતેશપરસ્તો કહેછ, પણ તેઓ કાંઈ આતેશને ખોદાતાલા મુજબ પુંજતા નથી, પણ તેનો એક પવિત્ર કેબલો બનાવી તેની મારફતે તે મીનોતુમ માલેકને નમેછે. આતેશ માટે રોઝે અવલથી શું શું કહેવાયુંછે તે તું જાણેછે? અસલના યહુદ વડીક આતેશની સેવા કરતા હતા. આપણું ઓલ્ડ અને ન્યુ બન્ને ટેસટેમેંટમાં લખાયુંછે કે બાગે ઈડનનો બચાવ આતેશની શમશેરથી થતો હતો કે જેથી માંહે કોઈબી જાતની અપવિત્રાઈ પેસ થવા પામે નહી. અબરાહમના સ્વપનામાં ખુદ ખુદાએ તેની મુલાકાત લીધી તે વેળા તે એક આતેશના ચમકારાનાં રૂપમાં આવ્યો હતો. ખુદ મોઝીઝે કહયુંછે કે પૃથવીની ઉત્પત્તિ કરનાર રોશની

હતી. ઓરીએનટલો એમ કહેછે કે નીમરોદ પહેલવહેલો આતેશપરસ્ત હતો. ઈરાનીઓ શાહ હોશંગને હાથ, આ નુર, એમથી પેદા થએલું કહેછે. હિન્દુઓમાંથી દીવા વગરનું દેરણ નથી. એમ જયારે દરેક ધર્મ આતેશની બુલંદી અને ખુબીના ચિતાર આપી ગયાછે ત્યારે તે ખુદાઈ નુર જેવી ઝગઝગતી રોશની આગળ સર નમાવવામાં ખોટું શું છે? ”

રોબર્ટે સાંભળ્યા કર્યું.

“ તું હજુર ઘણો કાચો છે, અને જયાં સુધી પરજાની જુદી જુદી રીતની ઈશ્વેરી માન્યતા તરફ તું માનથી જોઈ નહી ત્યાંસુધી સત્યયુગની શોધને લાયક તું થઈ શકશે નહી. રોબર્ટ, મને એમ બહારત થાએછે કે આ બધું મારૂં કામ અધુરૂં અને અકારત જશે અને તેથી તો હું તુંને બધી સમજ આપવા માગુંછું કે જેથી હું મરી જાઉં તો તું તે આગળ ચલાવે, કારણ હું ઘણી વાર કહી ચુકીયો તેમ મને માત્ર તારામાં અને તારી બેનમાં સંપુર્ણ વિશ્વાસ છે, બાકી બીજાં બધાં તરફ હું શકથી જોવુંછું. સત્યયુગ માટે નવો ધર્મ સ્થાપવો એવી અહંકરાઈએ હું પુગીયો નથી. નવી દીન શોધવી એ મહાત્મા, પયગામબર અને સેવી-યરનાં કામ છે. માનવી જાત ખોદાતાલાના કાસદ થઈ નીકળવાની તુમાખી રાખેછે તેનાં પરિણામ બુરાં આવેછે

અને આપણે તેવું ઇતિહાસમાં વાંચી આવ્યા છીયે. હું તો તે માલેક સન્મુખ ખાકમાં મારૂં સર નમાવું છું મગર તેણે મારા જેવા નાચીઝને જે અખૂટ ખઝાનો આપીયો છે તેનાથી જેટલાં આ કળીયુગમાં દુખડાં ટળાશે તેટલાં ટાળવાં, કે જેથી આદમીઓ સુખી થાએ. તેમ થવાથી પોતાની મેળે તેઓમાં સંતોષ આવસે અને સંતોષ તેઓને સત્યયુગને લાયકનાં કામો કરવાને સુજ પાડસે, એટલે આપોઆપ કળીયુગ દફે થશે. તે વખતે જે ધર્મ રહેશે તે એકલા એક ખોદાને માનનારો ધર્મ રહેશે. જગતની ઉત્પત્તિ તે બારે-હકતાલાએ કરી ત્યારે જે ધર્મ હતો તે તેજ હતો. કોઇ પણ માનવીઓના હાથથી અંદર ફેરફાર થયા વગરનો ચોકખો 'નેકી' ઉપરજ રચાયલો ધર્મ સર્વે કોઇ માન્ય રાખે ત્યારેજ સત્યયુગ આવેલો કહેવાશે. ઇતિહાસનો અમર અવાજ સદીઓ પછીથીબી સચ્ચાઈ અને જુઠાણું જેવું હશે તેવું પુકારશે, વિચારો ફેરવાસે, રાહરસમો જુદી થસે, જુદા જુદા પંથોનો ઉદય અને અસ્ત થશે; પરંતુ 'નેકી' નો કાયદો આખેર સુધી જેવોને તેવો રહેશે."

"હવેના જમાનામાં એક નવો ધર્મ સ્થાપવાને જરૂર રહી નથી," શેપરે ચલાવીયું. "એમ કરવું તે આ કેળવાએલા જમાનાની મશકેરી કરવા બરાબર થઇ પડે. એ તો હઝારો વરસ પૂર્વે જ્યારે લોકો ખોદાતાલાની હસતીથી

બરાબર જાણીતાં નહતાં ત્યારે ધર્મનાં શીક્ષણોની જરૂર હતી; બાકી હું ખાતરીથી માનુંછું કે પૃથવી ઉપરના દરેક ધર્મો સરખા છે, બલકે અવલમાં એકજ છે."

રોબર્ટે શકથી ડોકીયું ધુણાવીયું.

"પુછ બેફીકર, દોસ્ત, તુને શક કે સુબેહ ઉઠાવવો હોય તો બેલાશક તેમ કર," શેપરે કહ્યું.

"માફ કરજો, મી. બેરૂચ. પણ મને દરેક ધર્મોમાં ગંજાવર તફાવત લાગેછે. વળી ઇન્ડીયાના લોકોના રીત રેવાજ આપણાથી સદંતર જુદા છે–"

"થોભ, થોભ, તું ધર્મને રેવાજો સાથે ભેળી નાખેછે. રીતરેવાજો સાથે આપણને કામ નથી. વળી તેં મને હજુર બધા ધર્મોની સરખામણી કરતાં સાંભળયો નથી. તે જાણીયા બાદ તું જરૂર મારા મતને મળતો થશે." શેપરે કહ્યું. "સાંભળ, ત્યારે બધા ધર્મોમાં એક આખેર પયગામબર હજુર આવનાર છે એમ માન્યતા છે. દરેક ધર્મ કબુલ કરેછે કે એકથી અનેક બહેસ્તો છે; દરેક દેવળમાં, પછી તે ખ્રીસ્તી, હીન્દુ, ઇરાની, યહુદ, ટીબેટન કે ચીનાઇ યા ગમે તે હોય, ત્યાં ઘંટ ઠોકવાની રસમ છે. દરેક ધર્મસ્થળમાં આતેશની રોશની હોએછે તેમ આપણા રોમન કેથલીકો ભર બપોરે મીણબતી સળગાવેછે એવી રીતની

વેચાનીજ કહેવાય. આપણે કાંઈ એકલાજ ક્રોસ વાપરતા નથી. અસલના વખતના દેવો પણ વાપરતા હતા અને તે, ઇશ્વરી અવતારનું ચિન્હ કહેવાતું, કારણ તે પૂર્વ, પશ્ચિમ ઉત્તર, દક્ષિણ ટાંકી બતાવેછે. દરેક જુદી જુદી જાત અપવાસનો નિયમ પાળેછે; હિન્દુઓ ફળાહાર ખાએછે, બીજી ચીજને હિસ્સો સુધી અડકતા નથી. એનાથી શરીર કેટલું નીરોગી થાએ ! આપણે ખ્રીસ્તીઓ લેન્ટના વખતમાં ચાળીસ દિવસો સુધી ગોસ્ત ખાતા નથી; અને રોમન કેથલીકો તો માછલી ઇંડાં વગેરેબી ખાતા નથી; મુસલમાન લોકો ચાલીસ રોજ સુધી એકજ વાર ખાએછે અને આખો દિવસ રોઝો પાળેછે; ઇરાનીઓ એક મહિનો ગોસપંદ કે ચરંદાં પરંદાં ખાતા નથી; એ બધું શું બતાવેછે કે સર્વેના ધર્મોમાં અપવાસની માન્યતા છે. એ બધાંની બાતેનમાં ઉતરીએ તો એમાં કુદરતનું એક મોટું સુખવાસી નીતિમાન શીક્ષણ મળેછે, મગર અપવાસમાં અતેરૂં થાએ ત્યારે ભલો હેતુ સચવાય નહી."

"વળી," શેપરે ચલાવીયું, "દરેક ધર્મ પેલી જગરેલમાં માનેછે. આપણે કહીએછ કે નોહા નામના એક બુજર્ગ પરહેજગાર મર્દના વખતમાં આ જગરેલ આવી હતી અને માત્ર નોહાનેજ તેની અગમચેતી બહેસ્તને તરફથી મળી હતી, અને તેણે જગતની એકબી પેદાસ

સઇંતર નામ નપામે તે ઇરાનથી એક મોટું વહાણ બંધાવી તેમાં એક એક જોડું દરેક જન જાનવર ચરંદા પરંદા વગેરેનું સાચવી રાખીયું અને સાત ડાહયા પુરૂષોને તેઓનાં કુટુંબ સાથે બચાવી લીધા; જ્યારે વરસાદનાં જળ પૃથવીની ચોમેર ફરી વળયાં અને પાપી દુનીયાનો સમુળગો નાશ થયો ત્યારે પેલાં બચેલાંઓમાંથી નવું જગત રચાયું. તેજ પ્રમાણે ઇરાનીઓબી જગરેલમાં માનેછે. તે શાહ જમશીદના વખતમાં આવેલી કહેવાએછે. હિન્દુઓની ભગવત ગીતામાં લખાએલુંછે કે બ્રહમા એક વાર ભર ઉંઘમાં સુતેલા હતા ત્યારે શયતાન આવીને વેદનાં ધર્મપુસ્તકો ગળી ગયો અને છેક દરીયાનાં તળીયામાં જઇને છુપાયો. આ પવિત્ર ચોપડીઓ ખોવાઇ ગઇ એટલે મનુષ્યજાત પાપમાં પડી અને કળીયુગ આવી ઉભો, ત્યારે ઇશ્વરે દુનીયા ડુબાડવા આ જગરેલ મોકલી. તે વખતે એક ભલો રાજા અને સાત ધર્મિષ્ટ યોગીઓને વિષ્ણુએ બચાવી લીધા, અને જ્યારે એ જળ ખાલી થયાં ત્યારે પાતાળમાં જઈ તેણે પેલા શયતાનને મારી નાખીયો અને તેનાં પેટમાંથી વેદનાં ત્રણ પુસ્તકો પાછાં મેળવ્યાં; ચોથું હજમ થઈ ગયું હતું, પરંતુ તેણે ત્રણ લાવીને બ્રહમાને સપુરદ કરીયાં. મહોમેદનોબી એ જગરેલમાં માનેછે; આ બતાવેછે કે બધાના ધર્મોમાં કેટલું સરખાપણું છે. ”

"આબે હૈયાત માટેબી એમજ' જાણુ. દરેક જણ એ અમર હૈયાતીનાં આબમાં માનેછે; હોશંગ બાદશાહે એની શોધ કીધેલી; સુર લોકોએ માઉન્ટ મેરૂ ઉપરથી અમૃત, અને આબે હૈયાત, શોધેલું; આપણામાં ફીલસુફ એલથોટલે 'એલીકઝીર ઓફ લાઇફ' મેળવેલું.."

શેપર થોભીયો.

"રોબર્ટ, તુને હવે લાગતું નથી કે દરેકનો ધર્મ અસલમાં એકસરખોજ હશે અને ત્યાંસુધી આટલી બધી સરખામણી થઇ કેમ શકે? નામનો ફરક પડેછે, સ્થળનો ફરક પડેછે, તે છતાંબી હું ધારૂંછું કે તે તો પાછળથી થએલી ભુલો છે, બાકી અસલમાં તો બધા ધર્મો એક સરખા હતા."

"હોએબી, હોએબી," તે જવાન આરટીસ્ટને શું બોલવું તે હવે સુજ પડીયું નહી.

"દુનીયાની ઉત્પત્તિ માટેબી દરેક જાતને એક સરખુંજ કહેવું છે. બધાં લોકો કબુલ કરેછે કે પહેલાં તે માલેકે એક જોડું આ જગતમાં ઉતારીયું; આપણે કહીએછ કે તે આદમ અને ઇવ હતાં અને બાગે ઇડનમાં આવીને વસીયાં હતાં; યહુદો કહેછે કે તે મસીયા મસીઆઇનું જોડું હતું; ઇરાનીઓ પણ તેમજ કહે છે;, અને આદમને તેઓ ગઇયોમર્દનું નામ આપેછે; હિન્દુઓની હમેશાં

લાંબી શાસ્રોક્ત કથાઓ હોએછે અને તેઓ એમ કહેછે કે બ્રહમા પહેલાં પૃથવી ઉપર ઉતરીયા ત્યારે તેઓને કેશમીરના જીન્નતી બાગમાં ઉતરવા ગમીયું. અલબત તેઓએ પુરૂષનો અવતાર લીધો હતો. એકાએક તેઓનું અડધું શરીર છુટું થઈ ગયું એટલે તેમાંથી તેઓએ શતરૂપા, યાને હવને, પેદા કીધી. તેણીની સુંદરતા એટલી બેહદ હતી કે બ્રહમાએ તેણીને જોયાજ કરી એટલે શતરૂપા શરમાઇને બીજી તરફ ચાલી ગઈ; તેજ વખતે તેણી જે તરફ ઉભી હતી ત્યાં બ્રહમાને એક બીજું માથું ફુટી નીકળયું. શતરૂપા ત્યાંથી ખસીને ત્રીજી દીશામાં જઈ ઉભી તો ત્રીજી તરફ પણ એક ડોકું ઉગી નીકળ્યું; અને ત્યાંથી તે દેવતાઇ આંખોએ તેણીના તરફ તીકવું ચાલુ રાખીયું. હવે તેણી ચોથી દીશાએ જઇ ઉભી તો તે દેવતાની ડોક ઉપર ચોથું શીર ઉગી નીકળયું, અને તેણી જયાંબી ફરતી ત્યાં તે તેણીને જોઇ શકવા લાગીયા. મતલબ કે મર્દના છાંયા વગર એક સ્રીનું જીવન નકામું છે, એમ એઓનો ધર્મ શીખવેછે. અંતે શતરૂપા સામી જઈને સ્થિર ઉભી રહી ત્યારે બ્રહમાનાં બાકી રહેલાં અડધાં શરીરમાંથી એક પુરૂષનો અવતાર બ્હાર પડીયો, જે આદમ, યાને જેને હિન્દુઓ કહેછે તેમ, સ્વયંભૂ એટલે આપમેળે પેદા થએલો હતો. હવે બાતેનમાં જોવા જાવો તો સર્વેનું કહેવું એકજ છે કેની ?”

" વળી આપણામાં કહેવાએછે કે ખોદા, તેમનો બેટો અને હોલી ઘોસ્ટ, એ ત્રણમાં દુનીયાની ઉત્પત્તિ સમાએલી-છે. જરથુસ્તીઓમાં હુમત હુખ્ત હુવરસ્ત એ ત્રણ શબ્દોમાં જગની ખુબી માનવામાં આવેછે; હિન્દુઓમાં 'ઓમ' ના ત્રણ અક્ષરોમાં પૃથવી ટકી શકેછે, એમ માનવામાં આવેછે; અ-ઓ-મ-ઈંગ્રેજીમાં A. O. M; સંસ્કૃતમાં अ. उ. म. પહેલા અક્ષર માટે મનાએછે કે એ ઉત્પત્તિ કરનાર છે; બીજો ટેકવી રાખનાર; અને ત્રીજો નાશ કરનાર. તે ગમે તે હોવો પણ ત્રણનો આંકડો ઘણા ધર્મોમાં પવિત્ર ગણાએછે. રોબર્ટ, હું તુને જે આ બધું કહી જાઉંછું તે ઘણાં વિદ્વાન મહાન ભેજાંઓની ફીલસુફી છે. ફીનીશીયન્સ, ઇજીપશીયન્સ, કેલડીયન્સ, ડાનીયલ, ઝોરોઆસ્ટર, સેનકોનીએથોન, ફેરીસાઇડસ, સાયરસ, પીથેગોરાસ, સોક્રેટીસ, પ્લેટો વગેરેનું, એ ત્રણની સંખ્યા માટેનું કહેવું છે. તારાં ધ્યાનમાં ઉતરેછે ?"

" માસ્ટર, તમારી અદભુત યાદશક્તિ મને છકક કરેછે." રોબર્ટ ખરાં દિલથી બોલીયો! " હું આજથી તમુને મારા ઉસ્તાદ ગણીશ."

" ફકત તું મારા વિચારોને મળતો થાએ તો મને ઘણી નચિંતાઇ વળે. હવે, બોલ, તું શું ધારેછ કે એક નવો 'ધર્મ' સ્થાપવાથી સત્યયુગ આવી શકશે, કે પૈસાનાં બળથી ધરતી ઉપરના તમામ હાંદેસા હાડમારી દુખડાં

ટાળીને લોકોને સુખી બનાવીયાં હોય, તો તેઓ વહેલાં અને સાચાં દિલથી ખોદાપરસ્ત થાએ, અને આપોઆપ કળીયુગ સત્યયુગમાં ફેરવાઇ શકે ?"

"હું તમારા મતને મળતો થાઉંછું પણ આખી દુનીયાને પૈસાથી નેહાલ કરવાનું કેમ બની શકે? તમારી પાસે પરાધ રૂપીયા હોય તોપણ તે પળ વારમાં આવાં મોટાં કામમાં ખરચાઇ જાએ, અને તે છતાંબી અબજોની મનુષ્ય જાતિની વસતીને તે પુરા પડી શકે નહી."

"એ તારી ફીકર મિથ્યા જાણજે, રોબર્ટ, કારણ મારી દૌલતનો કશો છેડોજ નથી. હવે હું તેજ તુને બતાવવા માગુંછું; મારી સાથે મારી લેબોરેટરીમાં આવ."

---

## પ્રકરણ ચૌદમું.

તેઓ બન્ને ગુપચુપ લેબોરેટરીમાં જવા નિકળ્યા.

"તું જાણેછે કે મેં મારી જીંદગીનો મોટો ભાગ કેમીસ્ટ્રી પાછળ કાઢીયોછે. મેં પહેલાં એક પ્રખ્યાત ઈંગલીશ રસાયણશાસ્ત્રી પાસેથી શીક્ષણ લીધું હતું, પછીથી એક ફ્રેન્ચ ઉસ્તાદ પાસેથી શીખીયો હતો, અને છેવટે જરમનીની દુનીયા વર્ણની લેબોરેટરીમાં મેં મારૂં રસાયણ જ્ઞાન સંપુર્ણ કીધું. મારા પિતાજી કાંઈ ઘણા શ્રિમંત નહતા

પણું હું તેમનો એકપુરો બેટો હતો, એટલે તેઓ જે દોલત મુકી ગયા હતા તે બધી મેં મારા અભ્યાસ પાછળ ખરચી, અને પછી મેં ઈંગલંડમાં એક લેબોરેટરી મારે માટે બંધાવી-ત્યાં રાતદિનની નવી નવી શોધખોળોથી મેં એક એવી મોટી શોધ કરી કે તે મારા ખુદ ત્રણે ઉસ્તાદોબી જાણતા નહતા. ”

આ વખતે તેઓ પેલી મોટી ચીમનીવાળાં મકાનમાં આવી પુગીયા.

“ તું કહેછ, રોબર્ટ, કે તુને થોડું ઘણું રસાયણ કામ આવડેછે એટલે મારૂં બોલવું તું ઘણે દરજ્જે સમજી શકશે. રસાયણ એ ખરૂં પુછાવે તો નીમ હકીમી એટલે કે પ્રયોગો ઉપરથી પરિણામ ઉપર લઇ દોરવનારી વિદ્યા છે, અને વળી કોઇ વાર આકસ્મિક રીતે આ પાર કે પેલી પાર તેનાં પરિણામો આવી ઉતરેછે. ગ્લાસ બનાવવાની પહેલવહેલી શોધ એવાજ કાંઇ મોજેબા રૂપે થઇ હતી. અને નહીતો આજ સુધીબી તેવી ચીજની હસ્તીની બેખબરીમાં આપણે હતે.”

તેણે પોતાની પાઇપ નવેસરથી સળગાવી.

“ વૅલ, રોબર્ટ, એવાજ એકાદ ચમત્કારથી મેં એક નવી શોધ કીધી. હું ધારૂં છું ત્યાંસુધી દુનીયાંમાંની સર્વેથી મહાન આ શોધ છે. મેં જોયું કે ઇલેક્ટ્રીસીટીનો બેચ-

બધ પ્રવાહ [illegible] ચીજમાં વધારે વખત રહેવા પામેછે તો તેની અસર કેવી થવા પામેછે. આ આપણા ટેલીગ્રાફના તારમાં જે વીજળી પસાર થાએછે તેવી નહી, ના, હું તો ઘણા જોશબંધના પ્રવાહ માટે કહુંછું. મેં એ ઉપર થોડાક અખતરા કીધા અને મને ઘણી અજબ જેવી અસર માલમ પડી. કાંઇબી પોચી વસ્તુ ઉપર નહી, પરંતુ પૃથકકરણ ન થઈ શકે એવા શુદ્ધ પદાર્થો ઉપર મેં પ્રયોગો ચલાવ્યા, અને મારી અજાએબી વચ્ચે મેં જોયું કે જરાબી રંગરૂપમાં ફેરફાર થયા વગર તેનું વજન ઘટતું જતું. તું સમજી શકેછ કે, રોબર્ટ ?"

"હા, માસ્ટર, બોલો," તે જવાને કહ્યું.

"જે નહી ધ્યાનમાં ઉતરે તે મને બેલાશક પુછજે કારણ હવેપછીથી આ મારૂં મહાન કામ હું તારે હાથે કરાવવા માગુંછું; મતલબ કે મારી પછીથી તું ચાલુ મઝલગ પૈસો ધરતી ઉપર ભેગો કરસે, કે જેથી સત્યયુગ સ્થાપવાને ટેકો મળે." શેપર બોલીયો. "મેં આ પ્રમાણે ઘણા સંગીન પદાર્થોની આંહે વીજળીનો પ્રવાહ જોરથી ચાલુ રાખી તેઓને હલકાં ફુલ જેવાં વજનના બનાવવા પ્રયત્ન કર્યો તો એકાદ કલાકની ઇલકેટ્રીસીટીમાં તેઓનું વજન હલકું થવા લાગ્યું.

"હવે એક શનીવારે મેં બીસમથ ધાતુની પરિક્ષા કરવાનું મન કર્યું અને બીસમથનો એક મોટો સળિયો બારણીયા સાથે મજબુત ચાપડાથી બાંધી તેની બન્ને તરફ વીજળીના તારો ગોઠવ્યા. આ પહેલાં મેં જાતજાતની ધાતુઓનું પારખું લીધું હતું અને તે દિવસે મને બીસમથ ધાતુ સુજ પડી એવી નસીબનુંજ કરવું કેની ! હું તે ગોઠવી રહયો કે મને લંડનથી તાર મલીયો કે જોન સ્ટીલીંગફ્લીટ એકદમ બીમાર પડીયા હતા અને તેઓ પોતાની છેલ્લી ઘડીએ મને મળવા માંગતા હતા. તે એક જબરો રસાયણશાસ્ત્રી હતો અને મારી સાથે ઘણી મિત્રાચારી હતી એટલે હું જવાની ઉતાવળમાં પડીયો. તરત મારી લેબોરેટરી બંધ કરી થોડાંક કપડાં બેગમાં ભરી હું સ્ટેશન તરફ દોડીયો.

"મગર છેક લંડન પુગતાં મને માલમ પડીયું કે વીજળીના કરંટ બંધ કરતાં હું ભુલી ગયો હતો; અને પેલા બીસમથના સળિયામાંથી બધી બેટરીઓ ખલાસ થઈ જાએ ત્યાંસુધી વીજળીનો પ્રવાહ ચાલુ વહેયાજ કરશે તે જાણી હું ગભરાયો, જોકે તે વખતે તો મને એમજ લાગીયું કે ફકત એટલી વધતી બેટરી ખપસે, એટલે પછી તે વિચાર મેં મારાં મનમાંથી ખંખેરી કાઢીયો. હું મંગળવાર સુધી લંડનમાં રોકાઈ રહયો અને છેક બુધવારે સવારે હું મારી

લેબોરેટરીમાં પાછો ફરી શકીયો. ફરવાને ખોલતાં મને લાગીયું કે ઘણી વીજળીમાંથી પસાર થવાનું થવાથી બીસમથ ઉપરનો મારો અખતરો નિષ્ફળ ગયો હશે ; પરંતુ મેં જે ત્યાં જોયું તે માટે હું તૈયાર નહતો."

"તમે શું જોયું ?" ધ્યાન દઇને સાંભળતા બેઠેલા રોબર્ટે પુછીયું.

"બીસમંથનો આખો સળિયો નાબુદ થઇ ગયો હતો. પહેલાં તો હું તેટલું જોઈને ત્યાંથી ખસી જવાનો હતો. તેટલાં તે સળિયાની હેઠળ મુકાએલી ટેબલ ઉપર મને કાંઇ ચાંદી જેવી ચળકતી વસ્તુ પડેલી જણાઈ. મારી તદન ખાતરી હતી કે આ અખતરો કરવા પહેલાં મેં તે ટેબલ તદન સફા કરી હતી, એટલે નકી કે મારી ગેરહાજરીમાં આ ચીજ ભેગી થઈ હતી. મેં તે ચીજ એક વાસણમાં ભેગી કીધી અને બારીકીથી તપાસતો બેઠો; વગર શકે મેં માનીયું કે તે મરકયુરી યાને પારો હતો અને બીસમથની તેમાં કશીજ અસર રહી હતી નહી. મેં તરત જાણીયું કે નસીબ સંજોગે રસાયણનો એક નવોજ ભેદ મારે હાથ આવ્યો હતો કે જે બેશક ઘણોજ ઉપયોગી હતો. બીસમથ લાંબો વખત વીજળીના પ્રવાહ હેઠળ રાખીયો હોય તો તેમાંથી મરકયુરી નીકળે !"

"અજબ જેવું !" રોબર્ટ બબડીયો.

"પણ પછી મને લાગીયું કે એજ મને આવી વધુ શોધ ચાલુ રાખવી. હવે જો મરકયુરીને લાંબો વખત સુધી વીજળીનો પ્રવાહ આપીયો હોય તો તેનું શું થાએ ? મેં તરતજ બેટરી ભરી અને જ્યાં સુધી આ શોધનું શું પરિણામ આવેછે તે જાણું નહી ત્યાંસુધી હું નચિંત થાવું નહી એમ મને લાગીયું. સોળ કલાક સુધી હું એકાગ્ર ચિત્તથી તપાસતો બેઠો; આસ્તે આસ્તે કરતાં તેની ચળક જતી ગઇ અને છેવટે પીળો રંગ પકડીયો; મેં જ્યારે તેને ચીમટાથી ઉઠાવી ટેબલ ઉપર નાખ્યો ત્યારે પારાની સહેજણી નિશાની તેમાં રહી હતી નહી અને તે કાંઈ અકંદર જુદીજ ધાતુ બનેલી લાગતી હતી. થોડીક શોધ કરતાં મને માલમ પડીયું કે તે ધાતુ પ્લેટીનમ હતી. હવે એક કેમીસ્ટને મન આ કેવી ઉત્તમ શોધ હતી તે તું સમજી શકશે. હવે તું એનું પરિણામ તો સમજી ગયો હશે, રોબર્ટ ?"

"નહી, જોકે તમારી વાતમાં મને ઘણોજ રસ આવેછે પણ એનું પરિણામ શું આવ્યું તે હું સમજી શકતો નથી."

"હું તુને સમજાઉં. અતિ સુક્ષ્મ રીતે તપાસતાં બીસમથ એ સર્વ ધાતુઓમાં સર્વેથી ભારી ધાતુ છે; એનું સુક્ષ્મ વજન તપાસતાં ખસોને દસ થાએછે; તેવાથી વજનમાં

ઉતરતું સીસું છે-જે બસોને સાત છે, અને ત્યારબાદ મરકયુરી જે બસો છે. મારી ગેરહાજરીમાં વીજળીનો પ્રવાહ ચાલુ બીસમથને મલીયા કીધેલો તેથી બનવાજોગ કે તે પહેલાં સીસું બનીયું હશે અને પછી મરકયુરી થવા પામેલું. હવે પ્લેટીનમનો બોજ ૧૯૭.૫ છે જે મરકયુરી કરતાં ઓછો છે; આ પ્રમાણે જેમ ચાલુ વીજળી મળે તેમ એનું વજન ઘટતું જાએ અને સ્વરૂપ બદલાતું જાએ. હવે સમજ પડી?"

"તદન."

"અને પછી એક નવો વિચાર મને ધાઇ આવ્યો કે પ્લેટીનમથી બોજમાં ઉતરતી ધાતુ તે સોનુ છે, અને મારાં આખાં બદનમાં ખુશાલીનો ઝણઝણાટ ફરી વળ્યો-એમ કહેની કે જાણે મારૂં જીગર ઉછળીને મારાં મોંહમાં આવીને અટકીયું. મારૂં મસ્તક આશા અને નિરાશામાં ઘુમવા લાગીયું. સોનાનું અતિ સૂક્ષ્મ વજન ૧૯૭ છે, અને ત્યારેજ મને યાદ આવીયું કે આગલા કીમીયાગરો હમેશાં સીસાં અને પારાને કાંય પોતાના વપરાસમાં રાખતા હતા-આ બે પછી ત્રીજો આકાર મારા ધારવા પ્રમાણેનીજ ધાતુનો થશે કે, તે ઉપર વિચાર કરતાં ધ્રુજતાં આંગળાંથી મેં પાછો વીજળીનો તાર ગોઠવીયો. એક કલાકની અંદર ફેરફાર! જેમ જેમ એ ધાતુઓ વધારે હલકી થતી જાએ

તેમ ઓછો વખત લે, એટલે એક કલાકમાંજ મારી સામે એક ચળકાટવાળો ગોળો આવીને પડીયો જે દેખાવમાં તદન સોના જેવો હતો." અને અહિં શેપરે એક લાંબો દમ ખેંચીયો.

" આ પ્રમાણે, રોબર્ટ, મેં સોનાની બનાવટની શોધ કીધી. મેં તરતજ તેના બે ટુકડા કીધા અને એક ભાગ એક પ્રમાણિક ઝવેરી ઉપર મોકલી આપી તેને પુછાવીયું કે તે નકકર સોનું હતું કે, અને બીજા ભાગને રસાયણની મારી શોધખોળ આગળ ચલાવવા મેં મારી પાસે રહેવા દીધો. મેં તે ટુકડાને ફરીથી બેટરી આપી અને એક પછી એક પ્રયોગોમાંથી પસાર થતાં ચાંદી, ઝીંક, મેંગનીઝનું સ્વરૂપ લઈને તે છેવટ લીથીયમ થયું જે સર્વેથી હલકી ધાતુ છે."

" પછી લીથીયમમાંથી શું બનીયું ? " રોબર્ટે ઘણીજ આતુરતાથી પુછીયું.

"પછીથી જે બનીયું તે કેમીસ્ટ્રીની મોટી ફતેહ સમાન હતું. લીથીયમને વીજળીનો પ્રવાહ આપતાં પાંચ મીનીટમાં તેની ખાખી રંગની ભુકી થઇ ગઈ જે પાઉડરનું પછી બીજું કશું પરિણામ આવ્યું નહી, જોકે મેં તેને બી વીજળીનો પ્રવાહ ઘણી વાર આપી જોયો. આ ભુકી દરેક ચીજનું મૂળ છે;

હરેક તત્વની માતા તે છે; હાલમાં એક મોટા સાયન્ટીસ્ટે તેની શોધ કીધીછે અને તેને પ્રોટાયલનું નામ આપીયું છે મગર એની ઉત્પત્તિની શોધ કરનારો પહેલવહેલો હું હતો. જો સત્યયુગ સ્થાપવામાં હું ફતેહ નહી મેળવું તોપણ રસાયણ શાસ્ત્રના પ્રદેશમાં પ્રોટાયલની શોધ માટે મારૂં નામ અમર રહેવું જોઇએ." અહિં તે ગમખ્વારીથી સહેજ હસીયો.

"પછી?" રોબર્ટે હદબ્હારની ઇંતેજારીથી પુછીયું:

"હવે મને કાંઈ વધારે કહેવાનું બાકી રહયું નથી. મારા પેલા ઝવેરી મિત્ર તરફથી મને પેલી ધાતુ પાછી મળી અને તેણે લેખીત રીપોર્ટ આપીયો કે તે તદન ચોકખું સોનુ હતું. ત્યાર પછી એ બનાવટ સહેલી રીતે અને ઓછે વખતે કેમ થઈ શકે તેની શોધ પાછળ હું મંડીયો. તેમાંબી હું અજબ જેવી રીતે ફાવીયો, અને વીજળીનો પ્રવાહ જુદી રીતે ગોઠવતાં સોનુ બનાવવાનું એક ઘણુંજ ટુંક વખતમાં થઇ શકવા લાગીયું. પછી મેં સોનાનો ઉપયોગ કરવા માંડીયો. પહેલાં તો મેં છેલ્લાંમાં છેલ્લી બનાવટનાં ઓજારો ખરીદયાં અને મારૂં કામ મોટા પાયા ઉપર વધારી મુકયું. પહેલાં હું એક નાળિયર જેટલો સોનાનો ટુકડો બનાવવામાં સંતોષ માનતો હતો, પછી જેમ જેમ સોનુ સહેલ રીતે બનાવવાનું હું શીખતો ગયો તેમ તેમ ઈંટોને ઈંટો સોનાની હું કાઢતો ગયો. હવે તું મારી દોલ-

નાનો મર્મ જાણી ચુકોછે; હું ચાહું તેટલી એ કિમતી ધાતુ દરરોજ બનાવી શકું એમ છે; મારી દોલત વધારવી કે ઘટાડવી એ મારા હાથમાં છે, પરંતુ જગતનાં કુલ આદમીઓને સુખી કરવાનો મારો પાકકો કસદ હોવાથી હું દરરોજ અણજેનો ઉમેરો કર્યોજ જાઉંછું."

"ઘણુંજ અજાએબ જેવું! રોબર્ટ વધારે શું બોલી શકે. "ગોયા તદન જીન પરીયાંઓની કહાણી! પણ મારી ખાતરી છે કે આ મર્મ તમારી પાસે જાળવી રાખતાં તમારાં મગજ ઉપર મોટા બોજા સમાન લાગીયું હશે."

"હા, અને તે છતાં હું તે કોઈનેબી કહેવા આજ સુધી લલચાયો નથી; મેં ફકત તારામાંજ એક એવો મર્દ જોયોછે કે જે મારૂં કામ મારા હેતુ પ્રમાણે બજાવશે અને તેથી મેં તુંને મારા મર્મોથી જાણ કર્યોછે. જો એ મારી શોધ હું જાહેર કરૂં તો એ કિમતી વસ્તુનો ભાવ તદન ઉતરી જાએ અને ઘેરઘેર લોકો સોનુ બનાવવા માંડે, તો પછી તેની કિંમત કશી રહે નહી, તેના કરતાં એ હુન્નર મારા હાથ રહે તો મનુષ્યજાતનાં ભલાં માટે હું હજારો રસ્તે તેને વાપરી શકું. આ મારો મુખ્ય હેતુ છે, અને હું આશા રાખુંછું કે તે તુને અપ્રમાણિક કે એકલપેટો લાગતો નહી હશે. આજે પહેલવહેલો એ મર્મ મેં ખુલ્લો કર્યોછે."

"અને એ ખાનગી હકીકત મારી પાસે તદ્દન સલામત માનજો. માસ્ટર. જ્યાંસુધી તમે પોતે મને રજા ફરમાવશો નહી ત્યાંસુધી મારા હોઠોને એ બાબદ માટે સીલ મારી મુકસ તેની ખાતરી રાખશો."

"તારા ઉપર મને સંપુર્ણ વિશ્વાસ નહતે તો હું તુંને કહેતેજ નહિ. હવે, વ્હાલા બીરાદર, બોલવું સહેલ છે પણ બનાવવું કેટલું મુશકેલ છે, તે હું તુને બતાવવા માગું છું માટે અંદરના ભાગમાં આવ, હું તારી આગળ અખતરા કરવા માગું છું."

તેઓ હવે લેબોરેટરીના એવા એક વિભાગમાં આવી ઉભા હતા કે જ્યાંના એક વ્હારના દરવાજેથી મેકીનટાયર બાપ બેટાએ પેલાં અઠવાડીક ગાડાંમાંથી ભારી પાકીટો ઉતારીને અંદર દાખલ કરવામાં આવતાં જોયાં હતાં. રોબટે જોયું તેમ આ કાંઈ લેબોરેટરીનો ઓરડો નહતો પણ વ્હાર-ની એક ચાલ જેવું હતું, જોકે તે કાંઈ ખુલ્લી નહતી. તે ઓરડાની ચારે દેવાલોને અઢેલાવી તેજ પાકીટોની થપ્પીઓ મારી હતી કે જે ચીજે તેના નબળાં મગજના પિતાને તરેહવાર અટકળો કરતો કર્યો હતો. હવે આ બધો ભેદ ખુલી ગયો હતો અને રોબર્ટે જોયું તેમ કોઇક ઉપરથી કપડું ખસેડી નાખવામાં આવ્યું હતું અને તે નક્કર સીસાંની લાદીઓ હતી તે દેખાઈ આવતું હતું.

"આ મારી કાચી જણુસ છે," શેપર બોલ્યો કહ્યું. "દર શનીવારે ગાડું ભરાવીને તે હું મંગાવું છું અને એક અઠવાડીયાં સુધી તે મને બસ થાએછે; પણ જ્યારે આપણું હાથ ધરેલું કામ પુરા બ્હારમાં ચાલુ થશે અને દુનીયાની ચોમેર મારૂં સોનું જોઇશે ત્યારે આપણે તારી મદદ સાથ એથી ડબલ કામ ઉપાડી લઈશું. મને સીસાં માટે ઘણી ખાતરી કરવી પડેછે; જેવું તેવું કે હલકું ઉતરતું ભેગવાળું ચાલે નહી, કારણ સહેજબી એવી કસર હોએછે તે સોનામાં પ્રાપ્ત થાએછે."

ઓરડાને છેડે એક મજબુત લોખંડી દરવાજો હતો તે શેપરે ખોલીયો અને એક બીજો ઓરડો તેઓની નજર સામે ખુલ્લો થયો.

"આ ઓરડામાં હું કોઇનાં પગલાં કદીબી પડવા દેતો નથી અને મારી ખાતરી છે કે નોકરોમાં તરેહવાર એ માટે ગપસપો અને અટકળો ચાલતી હશે. રોજ રાત્રિએ છુપી ચાંપથી એની પાટીયાંની જમીન હું ખસેડી નાખું છું એટલે અહિંની મિલકત તદન સલામત જાણવી."

તેઓ અંદર દાખલ થયા. તે લેબોરેટરીનો રૂમ હતો. એક છેડે ભઠ્ઠી અને બોયલર હતું અને જોકે તેનું લોખંડનું મોઢું બંધ હતું પરંતુ તે સળગા[illegible] આવતું. જાતજાતના તારો, જબરદસ્ત [illegible]

ભરેલું જાળીકામ, ટેસ્ટ ટ્યુબ્સ, બેરા રંગની ભીંગળી; બાટલીઓ, પાર્સલેઇન, ઇનસ્યુલેટર વગેરે એક મહાભારત રસાયણશાળા જેવો દેખાવ ત્યાંનો જોઈ રોબર્ટ ઉંબર ઉપરજ ઉભો રહી ગયો.

"અંદર આવ, રોબર્ટ. જ્યારથી કામદારો આ ઓરડો બાંધીને વિદાય થયાછે ત્યારથી એમાં મારા સિવાય બીજા કોઇનાં પગલાં દાખલ થયાં નથી; આજે તું આવવા પામેછે; મારા નોકરોબી નહી, કારણ ભઠ્ઠી સળગાવવી કે ચુહલો મારવો એ બધું હું મશીનથી કરી લેવુંછું. મારા નોકરો પાડોસના ઓરડામાં સીસાંના ઢગ મુકી જાએછે પણ તેથી આગળ તેઓને વધવાને હુકમ નથી. હવે આ જો."

તેણે એક બીજો દરવાજો ખોલીયો અને વધારે અંદર તેઓ ગયા. રોબર્ટે ચકિત થઇને જોયાજ કર્યું. જમીનથી તે સીલીંગસુધી સોનાની લાદીઓ ઠોચીને મુકાએલી હતી. માત્ર એક ઇલેકટ્રીક લાઇટથી તે બારીઓ વગરના બંધીયાર ઓરડામાં ઉજાસ ફેલાતો અને સોનાના ઝળકાટથી આખું અચરાન વિચિત્ર લાગતું.

"આ મારૂં ખઝાનાખાતું છે." મહાલના માલેકે કહ્યું. "તું જોએછે કે હાલમાં અહિં ઢગલાબંધ સોનાની લાદીઓ એકઠી થએલીછે. આ મારો અઠવાડીક માલ છે, અને જે જુદી જુદી સેંકડો બેંકોમાં હું મારૂં નાણું મોક-

લાવી આપુંછું. તે હમણાં આ વખતે મોકલાઈ શકાયો નથી કારણ વધારે અગત્યનાં કામોમાં હું હમણાં હમણાં રોકાએલો રહુંછું. સીસાંનું સોનુ બનાવી પહેલાં તે અહિં હું મુકી રાખુંછું, પછી ઠારેઠારના દલાલો ઉપર સોનાનાં બજારોમાં વેચવા માટે મોકલી આપુંછું. તેઓ બધાનાં મનમાં એમજ છે કે તેઓ એકલા એકજ મારા દલાલ છે કારણ તેઓ બધાઓ પાસથી જુદી જુદી વખતે કોલ કરારો કરાવેલાછે, અને એવા તો કાંઈક સેંકડો મારા દલાલો છે. તેઓ એમજ સમજેછે કે આફ્રીકાની કોઈ સોનાની ખાણ મારે હાથ લાગીછે. રોજ રાત્રિએ લોખંડની પેટીઓમાં પેક કરીને હું મોકલાવી આપુંછું અને તેઓ કહેછે કે મારૂં સોનુ સર્વથી ઉંચું અને ઉત્તમ ટચનું છે. વારૂં, રોબર્ટ, તું આ ઓરડામાંનાં સોનાની શું કિંમત મુકેછે? ઘણી સારી રહેવી જોઇએ; કારણ આઠ દિવસની મારી મહેનત અહિં ભેગી થએલીછે."

"બીશીયાર મોટી રકમ થવી જોઇએ, કેટલીએક મોટી રકમ હશે? એકાદ કરોડ તો હશેજ!" રોબર્ટે અચકાતાં અચકાતાં અટકળ કરી.

"નહી, દોસ્ત, ઘણી વધારે. આ છ કરોડનું સોનુ છે. હું ધારૂંછું ત્યાંસુધી હું મહિને ચોવીસ પચીસ કરોડનું સોનુ બનાવુંછું–"

"મારૂં માથું ફરેછ, માસ્ટર. આ તો હદ થઇ!"

"પણ તમામ દુનીયાને મારે પુગી વળવાનું છે કેની? હવે તું જોશે કે પૃથવીનાં કલ્યાણ માટે દિવસનો મોટો ભાગ હું કેટલી મહેનત કરૂંછું. એ પૈસા મને પોતાને શું કામ આવેછે અને મારી જાત ઉપર હું કેટલા વાપરૂંછું તે તું જાણેછે."

રોબર્ટ હમેશાં ધારતો હતો કે આ પ્રતાપશાળી પુરૂષ ખોદાને ખરેખરો પ્યારો હતો પણ સત્યયુગ સ્થાપવાનો તેનો ખ્યાલ તે એક તેના ધખારા મીસાલ ગણતો હતો, પણ હવે તેણે જોયું કે કેટલી મહેનત મસાગતથી તે દિવસનો મોટો ભાગ કળી યુગ વણુસાડવાના મનસુબાએ તન તોડી હાડકાં રગડી એકલે હાથે મહેનત કરતો હતો. આ પ્રમાણે કોણ મહેનત કરે! આટલી આટલી દૌલત મેળવ્યા પછીથી એમ કોણ કરે! આવો એક અર્ધ પયગામબરજ કરી શકે, મનુષ્ય જાત તો નહીજ.

"તું હવે જોઇ શકશે, દોસ્ત, કે મેં જે કસદ કર્યોછ તેમાં ફાવવા માટે મબલગ દૌલત જોઇએ, અને તે મેળવવા માટે મારે તન ઉપર કષ્ટ ખેંચવુંજ જોઇએ. હું કોઇ નોકરોને મારા વિશ્વાસમાં લઈ મારી મદદમાં રાખું તોપણ તે એકાદ વરસ ભાગ્યેજ કામ કરે; પછી

મોટો પગાર મળવાથી દોલત એકઠી કરે કે તે હાડકાં રગડવાનું પસંદ કરે નહી, અને વળી તેના હાથમાં મારો મર્મ જઈ પડે તેનો તે ખોટો ઉપયોગ કરે. તો તેથી દુખી થાએ અને મનેખી કરે, તેથી હું એકલોજ અટવાઉંછું. પણ ચાલ, હવે લેબોરેટરીમાં આવ, અને સીસાનું સોનુ કેમ બનેછે તે જો."

મશીનની અધવચ્ચે ધાતુની બે મોટી પ્લેટો મુકાએલી હતી જેને વીજળીના તારોથી બાંધેલી હતી, અને ડીનેમીક મશીનથી તે ચાલુ કામ આપતી હતી. શેપરે પોતાનો કોટ કાઢી નાખીયો.

"હવે તુને સમજ પડશે, જો." તેણે ધમણ ફુંકી જોયું; માંહેથી આતેશના સણસણાટનો અવાજ આવ્યો. "હં, ભઠ્ઠી બહુ તપી ગઈછે, તેટલું વધારે સારૂં કારણ આપણું કામ વહેલું આટોપાસે. આવ, રોબર્ટ, મને સીસાંની લાદીઓ ઉંચકવામાં જરા મદદે લાગ."

તેઓ બન્નેએ મળીને ડજનેક લાદીઓ ઉઠાવી પેલી બેઉ પ્લેટો ઉપર ગોઠવી અને તેઓને પકડમાં રાખવા સ્ક્રુ ફેરવી ટાઈટ કર્યાં.

"આગલા વખતના કીમીયાગરો સોનુ બનાવતા હતા ખરા પણ તે બનાવટને દિવસો લાગતા, પણ મારા

હાથમાં આ બધી સગવડો અને છેલ્લામાં છેલ્લી શોધ પ્રમાણેના મશીનો છે, એટલે હું જાણે બોલબોલતાંમાં સોનુ બનાવી શકું છું. એ બધાંને માટે હું મારા જોગેશ્વર મિત્ર પંડીત ધર્મોત્તરનાં શીક્ષણને આભારી છું."

"વળી ધર્મોત્તર! આમાંબી પંડીત ધર્મોત્તર તે કેમ હોઈ શકે?" રોબર્ટે અજાએબીથી પુછીયું.

"ત્યારે મેં તુને હજુર કહયું નહી હોય કે આ મારાં અદ્દભુત કહેવાતાં મકાનમાં જે કાંઈ સાંચાકામ છે તે કેમ ઉભાં કરવાં તે નેપાલનાં દુનીયા વર્ણના આર્યન પુસ્તકોમાં કાંઇ સદીઓ આગમજનાં વિદ્વાન ભેજાંઓ લખી ગયાંછે, તે મુજબનાં શીક્ષણ પ્રમાણેનાં છે. મને તેની સમજ જયારે ધર્મોત્તર મહારાજે આપી ત્યારે શરૂઆતમાં તો જાણે મારા માનવામાં પણ આવ્યું નહી કે આવી કળા લોખંડી યંત્રોમાંથી ઉપજાવી શકાય! મગર તે છતાં અહિં આવ્યા બાદ ધિરજથી હું તે પાછળ મંડીયો અને અજબ કે ફાવીયો. આવાંજ અમૂલ્ય પુસ્તકો પેલા એક છુપા લોખંડી હાથવાળાના જાસુસો યુરપમાં ઉપાડી લાવ્યાછે; અને રોબર્ટ, યાદ રાખજે કે જયારે પેલી ભયંકર મોટી લડાઈ થસે ત્યારે અકકલ કબુલ નહી કરે તેવી ખાનાખરાબીની નવી નવી શોધો બ્હાર પડશે. અફસોસ કે દુનીયા વર્ણની કળા હુન્નરબંદીનો, તે લોભીયો શખસ સારો ઉપયોગ કરશે નહી."

અહિં તે પાછો ગમગ્વાર જેવો દેખાવા લાગીયો; પણ પછી તેને પોતાનાં કામનું ભાન આવ્યું અને તેણે પોતાનું ઘડીયાલ કાઢીને પોતાની હથેલીમાં મુકીયું.

“ એક પળનો વિલંબ કે સહેજબી ખામી કામમાં થવી જોઈએ નહી, અને નહીતો તમામ મહેનત બરબાદ જાણવી, તેથી આપણે હવે એનામાંજ ધ્યાન રોકી રાખવું જોઇએ. જોયું કે સીસાંમાં ફેરફારો થવા માંડીયા ? ”

અગ્નિ તે ધાતુ પીગળીને ચાંદીનાં જેવાં ટીપાં નીચેનાં કાચનાં બાઉલમાં ટપકતાં હતાં. બોલબોલતાંમાં સીસું પીગળી ગયું અને એક પછી એક તબકકે તેણે અંતે પીળો રંગ પકડીયો.

“ આ હવે પ્લેટીનમ થયું છે; હવે આપણને ઈલેકટ્રી-સીટીનો પ્રવાહ વધારવો પડશે, ” શેપરે કહયું. “ આ એમ. જોયું હવે કેવો ઘેરો રંગ પકડતું જાએછે ? આહ ! અંતે તમામ શુધ્દ ? ” તે હસીયો.

રોબર્ટે જોયું કે ત્યાં એક ડજન સીસાંની લાદીને ઠેકાણે બાર સોનાની લાદીઓ ઝકઝકતી હતી.

“ બધી મળીને વીસ મીનીટ લીધી. હવે અગીયાર લાદીઓ મારા સોનાના સંગ્રહમાં ઉમેરી એક આપણે અહિંજ રહેવા દઈ એના ઉપર અખતરા કરીએ. દુનીયાનાં

લોકોને મનસે આ લાદી કિમતી છે પણ આપણને તેની કાંઇ ખોટ જનાર નથી. જો હવે ધરતીમાં જેટલી જાતની ધાતુ છે તે બધી જુદી જુદી રીતે પોતાનું રંગરૂપ એક પછી એક બતાવી આપસે.”

જેમ જેમ શેપરે વીજળીના પ્રવાહમાં ફેરફાર કરવા માંડીયા તેમ તેમ પેલાં સોનાએ પોતાની રંગત બદલવા માંડી. બારીયમ નામની ધાતુ પછી ટીન, ચાંદી, ત્રાંબુ, પીતળ અને છેવટ લોખંડ બનીયું. જેમ તે પોતાની જાત બદલતું તેમ જુદી જુદી જાતની ચીંગારીઓ વટીક ઉડતી. સ્ટ્રોન-ટીયમ વાપરતાં લાલ ચીંગારીઓ ઉડી નીકળી, પોટાશીયમ નાખતાં જાંબુડી, મેંગેનીઝ વખતે પીળી; અને છેવટ કાંઈ કાંઈ સેંકડો રંગત પકડી એક જાતની ખાખી રંગની ભુકી તે કાચનાં વાસણમાં બાકી રહી.

“ આ પ્રોટાયલ છે. ” શેપર તેમાં પોતાનાં આંગળાં ફેરવી બોલીયો. “ એનાથી આગળ સાયન્સ વધી નથી, હું એને સાયન્સનો આખેર અંજામ ગણુંછું. ”

રોબર્ટે ગંભીરાઈથી નમન કર્યું; તે કાંઇ બોલીયો નહી.

“ હવે તું મારૂં કામ સમજીયો હસે. આ મારી નાચીજ જીન્દગીનો મોટામાં મોટો મર્મ છે. દરરોજ છ કલાકની ચાલુ મહેનતથી ' કરોડોનું સોનુ દર મહિને

એકઠું કર્યો જાઉંછું. આટલી બધી નાણાંની સત્તા પછીથી હું એમ માનું કે સત્યયુગ ઉભો કરવાનું બળ પૈસામાં છે

શેખી ધારવી નહી. આવી સત્તા દુનીયાની શરૂઆતથી આજસુધી કોઈને મળી હોય એમ હું જાણતો નથી; જો હું જગતનાં ભલાં માટે દોલત વાપરતો નહી હતે તો ક્યારનુંબી નાણું ભેગું કરવાનું મેં માંડી વાળ્યું હતે. કોઇ વખત મને લાગેછે કે પૈસાથી સુખ અને સંતોષ કરતાં દુખ અને અશાન્તી વધારે થાએછે, ત્યારે જાણે હું મારી જીન્દગીથી ધરાઈ જાઉંછું, અને દુનીયા અકારી લાગેછે, મગર જયારથી હું તારા અને તારી બેનના સમાગમમાં આવ્યોછું ત્યારથી મને હૈયાતી પ્રીય લાગીછે, મારાં કામમાં સો ઘણો ઉત્સાહ વધ્યોછે, અને સત્યયુગના મારા ખ્યાલને હું ચીવટાઈથી વળગી રહયોછું. મને તમો બન્ને કદીબી દગો દેનારાં નથી અને તમારી બન્નેની મદદથી હું મારૂં કામ સરંજામ ઉતારવાની આશા રાખુંછું.”

ફરી પાછી તેજ લાગણી રોબર્ટનાં તન બદનમાં વ્યાપી રહી. તે પોતે તો આ ભલા, પરમાર્થી, ખરેખરા પરદુખભંજક સદગુણસંપન્ન નર ઉપર પોતાનો જાન પણ સદકે કરવા તૈયાર હતો, પણ તેની બેન લીલીના ખ્યાલથી તેનું જીગર ઠંડું મારી જતું. શેપરનો ફીકકો ચહેરો અને કાકલુદીભરી આંખો છતાં, તેનો દેખાવ કાંઈ અજબ રીતે બાદ-

ચાહી ઢબઢબા ભરીયો લાગતો હતો. દુનીયાભરની દોલતનો માલેક અને શું તેની લાયકી!

" તમારા હાથોથી ભલાં કામોજ થશે." તે અવાજ ઠેરવીને બોલીયો. " અને મી. બેરૂચ, મારા ઉપરના તમારા વિશ્વાસ માટે હું ખરાં દિલથી તમારૂં હેશાન માનુંછું."

" મારી ખાતરી થાએછે કે આ મારી સત્તા તારે હાથ આવતાં તું લોકનાં ભલાં માટેજ મારી માફક જીવશે, જોકે હજુરણી મેં તુને બધું કહયું નથી; સોનુ બનાવવાનો એક મર્મ મેં મારે હસ્તક છુપો રાખીયોછે તે તુને બતાવીયો નથી; પરંતુ બધું કાગળ ઉપર મેં વિગતે લખીયું છે અને તે આ કબાટમાં મુકીયુંછ. અહિંજ મારાં વસીયતની સાથે તે કિમતી ઓચરીયું છે જે તુને આ દોલત કેમ બનાવવી તે પુરેપુરૂં શીખવશે."

તેણે, એક મોટી લોખંડી કબાટ નજદિક જઇ તે ખોલી અને માંહેથી એક સંગેમરમરનો ડાબડો બ્હાર કાઢીયો.

" મને કાંઇબી થાએ તો, રોબર્ટ, તું મારો વારસ છે અને તે મારી ખાહેશ દર્શાવનારૂં કાગળ આમાં છે. મારીજ માફક સત્યયુગ સ્થાપવા તું સોનુ બનાવજે દોસ્ત, અને ખોદાતાલાની ખાહેશ હશે તો આપણા બન્નેના પ્રયત્નથી

કળીયુગ ટળીને સત્યયુગ પ્રવર્તશે. ચાલ હવે આપણું ખાણાંનો વખત થયો; મેં આજે તુંને ઘણો રોકી રાખીયો."

અને તેઓ બન્ને ખાણાંના રૂમ તરફ ગયા.

---

## પ્રકરણ પંદરમું.

"ખાણાં પછી આપણે, મારા સંગ્રહ માટે આવેલી પેટીઓ ખોલીસું; આ વખતેભી ઘણો ઉમદા માલ આવ્યોજ હશે એવી વકકીમાં છું; 'જર, ચાહે સો કર,' કેમ વારૂં ?" શેપર હસીયો.

"હા, પણ ફીલોસોફર્સ સ્ટોન અંતે નહીજ મલીયો એ અફસોસની વાત છે. હું હજુરભી અજબ થાઉંછું કે એવી કાંઇ ચીજ હસ્તીમાં હશે કે?"

"એના માટે તરેહવાર અફવા છે; જે પેલા મુસલમાન બાદશાહ સલાવતખાન પાસે એ હીરો હતો એમ મારા એજંટે લખીયું હતું તે માટે ઘણીજ રમુજી દંતકથા છે; બીલકુલ વાહીયાત કહીએ તો ચાલે. એમ કહેવાએછે કે એક મરઘી બાર વરસ જીવવા પામે તો તે મરઘાના અવતારમાં ફેરવાઇ જાએછે, અને તે 'એક રેતુંઉ' (કુકડે કુક ) કરીને તે માલેકની યાદમાં બાંગ પુકારેછે. તે વાર

તેનાં મસ્તકમાં આ ફીલોસોફર્સ સ્ટોન પાકેછે; અને તેવી એક મરઘીને હલાલ કરાવીને સલાવતખાન શાહે આ દુનીયા વર્ણનો પથ્થર મેળવીયો હતો. મગર મારા એજંટે લખીયું તેમ તેણે મરતી ઘડીએ તે પારસમણી ભીંગારની નદીમાં ઉડાડી દીધો એટલે આજસુધી તેનું નામ નિશાન જણાતું નથી. હવે પેલા એક મરાઠી ગૃહસ્થે એમ કહયું કે 'હેપીવેલી' નામનાં મથકે શ્રી રામચંદ્રજીનાં બાણમાંથી ઉત્પન્ન થએલી પહાડનાં પેટાં માંહેલાં પાણીના ધોધની બનેલી નદીનાં વહેતાં જળની ઉંડાણમાં પારસમણી છે; જયારે વળી કોઇ યોગી કહેછે કે આબુના પહાડ ઉપરનાં એક દેવાલયમાં તે છે; તેમ નેપાલનાં પશુપતિ મહાદેવનાં મંદિરમાં શીવને નામે દાન દેવા માટે પારસમણી છે એમ પણ કહેવાએછે. આ બધાં ઉપરથી જાણવું કે અસલમાં તે પથ્થરની હસ્તી હિન્દુસ્થાનમાં હોવી તો જોઇએ."

"ત્યારે શું યુરપમાં એની કોઇએ શોધ કીધીજ નહોય ?" રોબર્ટે પુછીયું.

"કીધેલીછે, અને એ પથ્થર મેળવેલોબી છે- એલથોટસ નામનો વિદ્વાન જેણે આબે હૈયાતની શોધ માટે સેંકડો વરસો ગુજારીયાં હતાં-"

"આબે હૈયાતની શોધ પાછળ સેંકડો વરસો ? એટલે શું તે શખસ સેંકડો વરસો જીવ્યો હતો?" રોબર્ટે દંગ થઇને પુછીયું-

"હા, અને એવું કહેવાએછે કે તેણે સંપુર્ણ નહીતો અડધે ભાગે તો આબે હૈયાત શોધી કાઢયું હતું. જ્યારે તેને એમ લાગતું કે તેની ઉમર વધતી જાએછે, બાલ પાકવા માંડેછે, દાંતો હાલવા શરૂ થાએછે, તન નખાતું જાએછે, ત્યારે તે પોતાના તૈયાર કરેલા અરકમાંથી થોડાં ટીપાં પીતો અને તેનાથી તે સાઠની વયે ત્રીસ વરસનો જવાન પઠઠો બની જતો; નવેસરથી દાંતો ફુટતા; બધી રીતે જવાની પાછી આવતી; આ પ્રમાણે તે જુગના જુગ જીવ્યો. કાંઇ બેએક હઝારની ઉમર કાઢી, મજબુત યાદદાસ્ત શકિત ભોગવી, તે બે હજાર વરસ પૂર્વનું બધું બનેલું યાદ રાખી શકીયો, અને જોકે તેણે આબે હૈયાતમાં તબકકે તબકકે સુધારા કીધા હતા પણ અમર જીન્દગીનો ચોકકસ અરક તે છેવટ સુધી નહીજ શોધવા પામીયો અને તેથી આબે હૈયાત પરિપુર્ણ થવા પામ્યું નહી."

"અને આ એલથોટસે ફીલોસોફર્સ સ્ટોન શોધીયો હતો?" રોબર્ટે પુછીયું.

"હા, તેના જેવો મોટો ફીલસુફ આજસુધી બીજો કોઇ પૃથવીમાં પેદા પડીયો નથી. હીપોક્રીટીસ, ગેલન, પેરેસેલસસ એ બધા વૈદક જ્ઞાનીઓ થઇ ગયા, મગર આ એલથોટસ તો કુદરતનો અભ્યાસી હતો, અને તેથીજ તેને અમર હૈયાતીની અભિલાષા હતી. મૃત્યુનો સદંતર નાશ કરવા તે મથીયો;

પીથેગરસ માફક તે પોતાંના આગલા ભવો જોવા અને જાણવા શક્તિવાન થયો હતો; તેણે જેટલી મુસાફરી કીધી હશે તેટલાં શહેરો આપણે સાંભળ્યાં પણ નહી હશે. મેં તેનાં લખેલાં પુસ્તકો વાંચીયાંછે અને તે કહેછે કે 'પાલમીરા' ખોદાએ બનાવેલાં બહેશ્તની આબેહુબ નકલ આ ધરતી ઉપર છે, પણ જ્યારે કળીયુગ આવ્યો અને મનુષ્યે પોતાની બુરી કરણીથી ખુદાતાલાને નારાજ કર્યાં ત્યારે એકાએક પાલમીરાના પરસ્તાની મુલકને માથેનાં આકાશમાં આતશ માફક ઝલઝલતી એક મોટી શમશેરનો દેખાવ જાહેર થયો. લોકોએ અજાએબી અને ગભરાટથી તે ખુદાઈ ખોફની અગમચેતી તરફ જોયું, પરંતુ ત્યાંના અમીર ઉમરાવો અને બાદશાહી ખાનદાનવાળાઓ ગર્વની નીશાથી એટલા મસ્ત બનેલા હતા કે પ્રભુની દૈવિ સત્તાનો તુચ્છકાર કર્યો. તે વખતના ત્યાંના શાહ માટે એમ કહેવાએછે કે તે પોતે પોતાને ખુદા માનતો હતો અને પોતાના મહાલમાં તેણે આફતાબ અને મહાતાબ કરાવેલા હતા! કેવી ગુમાની! મગર બોલબોલતાંમાં ધુળનો વરસાદ ગેબમાંથી વરસી રહયો તેની સાથે પેલીજ દેવતાઇ શમશેરના જરબો અહિં તહિં ઝટાઝટ તે પાપી બુરાં આદમીઓનાં મસ્તકો ઉપર આવી પડીયા અને જોતજોતાંમાં તે પરસતાની પાલમીરા મુલક ધુળના ઢગથી અને આતેશના મારાથી

બળી જઈને ભસ્મ થઈ ગયો. ફીલસુફ એલથોટસ આ ખાંઢમીરાની મુલાકાતે ગયો હતો અને તે ત્યાંથી ફીલોસોફર્સ સ્ટોન શોધી લાવ્યો હતો."

"પછી ત્યારે તે પથ્થર ક્યાં ગયો હશે ?"

"એવું કહેવાએછે કે એલથોટસનો એક ચેલો હતો જેનું નામ હઝરત હતું; તે શખસે પણ પોતાના ઉસ્તાદ માફક હઝારો વરસની ઉમર કાઢી હતી અને તે પણ પોતાના આગલા ભવો યાદ રાખી શકતો હતો. તે હઝરત ફીલસુફ એક પવિત્ર કુમારી નામે લોરેનઝાને ઉંઘમાં નાખી પછી તેણીનાં દિવ્ય ચક્ષુઓથી સેંકડો ગાઉ દૂર બનતી ચીજોથી વાકેફ થતો હતો અને તેથી તે પેલી પવિત્ર બાનુને ઘણાજ વહાલથી ચાહતો અને તેણીને જાન માફક જાળવી રાખતો. હવે એલથોટસ ઉસ્તાદે એવી શોધ કીધી કે એક પવિત્ર ઓરતનાં બદનમાંનાં સર્વેથી છેલ્લાં લોહીનાં ત્રણ ટીપાં જો મળી આવે તો આબે હૈયાત સંપુર્ણ થાએ અને તેથી તે પેલી પાકીઝેહ લોરેનઝાને ઉઠાવી ગયો અને તેણીને મારી નાખી આબે હૈયાત બનાવીયું."

"ઓ, કેવું કમકમાટ ભરીયું !" રોબર્ટ બોલી ઉઠીયો. તેણે પોતાના હાથમાંનું વાઇનનું ગલાસ મુકી દીધું અને ડાળા ફાડી સાંભળ્યા કીધું.

"હઝરતને આ વાતની ખબર થતાં તેણે પોતાના ઉસ્તાદ આગળ જઈ ગોયા વાદળ તોડી પાડીયું. તે વખતે કાંઇ પ્રવાહીની સીસી ફાટી જવાથી આગ લાગી અને બોલ બોલતાંમાં આબે હૈયાત ભરીને મુકેલી ઝીણી સીસી આગમાં બળીને ભસ્મ થઈ ગઇ, તે જોતાંજ એલથોટસ દુખ અને નિરાશાથી બેમગજ બની ગયો અને તેજ આગમાં તે બળી મુવો; તેની સાથે ફીલોસોફર્સ સ્ટોનબી ગુમ થઇ ગયો."

"કેવું કમનસીબ ! આ ઉપરથી શું ધારવું જોઇએ કે ખોદાવંદતાલા આ કળીયુગને એવી કાંઈ અસાધારણ સત્તા આપવાને ખુશી નહોય!" રોબર્ટ ગંભીરાઇથી બોલીયો.

"અને તે છતાં તે માલેકે મને આટલા બધા પેસાની સત્તા શું કામ આપી હશે ?" શેપરે તેથી પણ વધુ ગંભીરાઇથી કહયું: "મને બશારત થાએછ કે આનો અંજામ સારો આવશે નહી. રોબર્ટ, મને હમેંશા એવીજ ચિંતા લાગેછે જાણે આગાહી થાએછે કે હું મારી આશાઓમાં ફાવશ નહી. તે માલેક કેરદેગાર જાણેછે કે મારાં જીગરની ઉંડાણુવેરથી મારો હેતુ ભલો છે અને તે છતાં રખે નાપાક શયતાનથી તે જોવાઇ ન શકાય તેનો મને ચાલુ ડર છે."

તેઓ બન્ને ખાવાનું તો જાણે ભૂલીજ ગયા હતા.

"પણ પછી પેલા હઝરતનું શું થયું ?" રોબર્ટે પુછીયું.

“તે સદીઓસુધી જીવ્યો. એકથી અનેક નામે ઓળખાઈ ગયો, અને ઘણાં પરાક્રમો કર્યાં. હજરત પછીથી તેણે ઘણાં જુદાં જુદાં નામો અખત્યાર કર્યાં છે, અને હાલમાં યુરપમાં કાઉંટ સેંટ જરમનને નામે જે મોટો ફીલસુફ અમર નામના મેળવી રહયોછે તે એજ છે એમ માનવામાં આવેછે. એણે યુનીવરસલ બ્રધરહુડ સ્થાપવાની તજવીજ સદીઓ થયાં કરીયા કીધીછે. એબી એક રીતે જોતાં સત્યયુગજ કહેવાય, મગર તેમાં તે ફાવેલો જણાતો નથી કારણ તે દુનીયાનાં બધાં રંક રાયને એકજ પગથીએ મુકવા માંગેછે, પરંતુ તે કુદરતના કાયદાથી ઉલટું છે એટલે તે ફાવી શકતો નથી.”

“કદાચ તેને તમારી માફક સોનુ બનાવતાં આવડતું નહશે, એટલે—”

“નહી, રોબર્ટ, તારી ભૂલ છે; ત્રણુસો વરસની વાત ઉપર જ્યારે આ અમર કાયા જેવો ફીલસુફ, જોસફ બાલઝમોને નામે જીવતો હતો ત્યારે ફ્રાન્સમાં પંદરમો લુઈ રાજા રાજય કરતો હતો અને એ બાદશાહી ખાનદાનના એક શાહજાદા કાર્ડીનલ-ડ-રોઆં માટે બાલઝમોએ સોનુ બનાવીયું હતું. અલબત તે કીમીયાગરની બનાવટથી થયું હતું; પણ હું ધારૂંછું ત્યાંસુધી પૈસાનું બળ તે માનતો નથી. તે પોતે તો ફરેશતાઓમાં મળી જવા માટે

સ્પીરીચ્યુઅલ જીન્દગીની શોધમાં છે. તુને એ હજરત અને એના ઉસ્તાદ એલથીઓટસ માટે બધું જાણવું હોય તો *'આગલા જમાનાનો ફિલસુફ' એ નામની ચોપડી વાંચવાથી તુને રસીલું વાંચન મળશે, અને એ મારી લાયબ્રેરીમાં છે."

હવે તેઓ નાસ્તો પુરો કરી ઉઠીયા.

"રોબર્ટ, જરા આરામ લે, તું આજે થાકી ગયો હશે," શેપરે કહયું.

"નહી, માસ્ટર, જ્યારથી ઓરડાઓ જેવી મોટાં કદની પેલી લોખંડી પેટીઓ આવેલી મેં જોઇછે ત્યારથી મને જપ નથી," રોબર્ટે હસીને કહયું. "હું તો પુરતો આરામ લઇ ચુકીયોછું; માટે જો તમોને હરકત નહોય તો આપણે એ સંગ્રહસ્થાન તરફ જઇએ."

"ચાલ ત્યારે."

નોકરોને ફરમાન મળીયા મુજબ તેઓએ તે પેટીના મજબુત ચાપડા ઉખેડી તેનાં ઢાંકણાં ખોલી નાખીયાં અને શેપર તરફથી ઈશારત થતાં તેઓ ત્યાંથી વિદાય થયા.

---

*'આગલા જમાનાનો ફિલસુફ', કિંમત રૂપ્યા પાંચ, વી. પી. સાથે. લખનાર–જરબાનુ મહેરવાનજી કોઠાવાલા. ગોધરા. (પંચમહાલ્સ).

" આ વખતે મેં દેશોદેશથી મહાન આસામીઓના ચિતાર મંગાવેલાછે; ધરતી ઉપર થઇ ગએલા પ્રખ્યાત સાયન્ટીસ્ટો, ફીલસુફો, શિલ્પશાસ્ત્રીઓ અને નામીચા ચિતારાઓ, આરટીસ્ટો–"

" હેં ? " રોબર્ટની આંખો ખુલી ગઈ.

"ધર્મોના સ્થાપકો, શોધકો, અને મહાત્માઓ," શેપરે ચલાવીયું, " દેશોની રક્ષા કરનારા વિરલા નરો, રણસંગ્રામના શૂરવીર યોદ્ધાઓ અને એવા અનેક યશસ્વી નર નારીઓના ચિતારો મેં ઠારેઠારથી મંગાવીયાછે; આ રહયા તે, રોબર્ટ. જરા એક પછી એક કાઢની, દોસ્ત. તેઓનું નામ નિશાન ઠામ તેઓની સાથેજ કાગળ ઉપર લખેલું હશે."

" આ ! આ આરકીમીડીસ છે, મોટો ગ્રીક સાયનટીસ્ટ ! રોબર્ટ, તુને ખબર છે એણે શત્રુઓનાં મોટાં લશકરનો કેમ પરાજ્ય કરીયો હતો ? જયારે રોમન લશકર સીરેક્યુસ ઉપર હુમલો લાવ્યું ત્યારે આ સાયનટીસ્ટે હારોની હારો આરસાઓની એવી રીતે મહાલને ઝરૂખે ગોઠવી કે તેમાં શત્રુનું તે આખું લશકર નજરે પડે; પછી તેણે પોતાની શોધ પ્રમાણેનું ફોકસ ગોઠવ્યું જેથી સૂર્યનાં કીરણો તેમાંથી નીકળી શત્રુની ફોજ ઉપર પડતાં તે સૈન્ય બળીને ભસ્મ થઈ ગયું. "

"આ કોણ એરીસટોટલ કે! પ્લાટોનો ચેલો, પણ તેના જેટલોજ નામાંકિત ! એ એલેકઝાનડર-ધ-ગ્રેટનો ઉસ્તાદ હતો; એણે દુખ દરદો દફે કરવા માટે જે શોધો કીધી હતી તે બેશક ઘણી મોટી હતી પણ હવેના વખતમાં તે ઉકેલવી મુશકેલ છે."

"ઓહો ! આ તો મૅાસીય અને મદામ કુરી ! રેડીયમની ઉત્તમ શોધ કરનારાં ! શું આ બાનુનું મસ્તક ખીલેલું છે! ખાવીન્દ કરતાં તો વધતી બાહોશી એનામાં જણાએ છે! આ તો ડારવીન ! માણસજાતને વાંદરનો વંશ-ચેલો કહેનાર ફીલસુફ ! તેં શું ધારીયું ડારવીનની થીયરી માટે!"

"ઘણું બનવાજોગ," રોબર્ટ હસીયો. તે કોઇ મહાન ચિતારા કે કવી કે આરટીસ્ટનાં ચિત્રને જોવા તલપી રહયો હતો એટલે સપાટાબંધ બધાં પિકચરો એક પછી એક બ્હાર કાઢતો હતો.

"આ ગેલલીયો ! શું એનું જબરજસ્ત માથું છે! હીસાબી કામમાં આજસુધી એને કોઇ પુગીયું નથી. એક વાર એ દેવલમાં ગયો ત્યારે ત્યાં એક હાલતી બત્તી જોઇ તેનાં ગણત્રીબાજ મગજમાં ઝટ આવીયું કે ટાઇમની ગણત્રી એમજ થઈ શકે ખરી, અને આ બાહોશ આસામીએ પ્રથમ ઘડીયાલની શોધ કરી. કેવી કિમતી શોધ નહી વારૂ?"

" હા, માસ્ટર, હું બચપણમાં એ શીખેલો ખરો, પણ મારી યાદદાસ્તશકિત અદ્દભુત છે; મને તો કશું યાદ નથી રહેતું, પણ હવે યાદ આવેછે કે ટેલીસકોપ એણેજ બનાવ્યું, અને તેમાંથી એણે ચંદ્ર તારા ગ્રહો જોઇને ત્યાં બીજી દુનીયાઓ હતી એવી શોધ કીધી હતી. ખચિત ઘણો પરાક્રમી નર થઈ ગયો. "

"આ ન્યુટન, આ લુઇ પાસ્ટુર, આ સોક્રેટીસ, ગરીબ બીચારો સોક્રેટીસ, હતો તો કેવો ફીલસુફ પણ લોકોએ તેનો પીછો છોડીયો નહી, અને જો તે કવખતે આપઘાત કરીને મરતે નહી તો નામનામાં ઘણો વધારો કરી જતે. "

હવે રોબર્ટે એક બીજો વીંટો ઉઠાવીયો; પહેલું ચિત્ર જોઇ શેપર બોલીયોઃ "આ બેટોવનનું ચિત્ર છે, સંગીતનો ઉસ્તાદ, કેવો નસીબદાર કમનસીબ—!"

" એટલે ? " રોબર્ટે અજાએબી બતાવી.

" કાં, જે મીઠા સુરો રચીયા તે પોતેજ પાછલા વખતમાં સાંભળી નહી શકીયો એ કમનસીબી નહી તો શું ? ત્રીસ વરસની ઉમરે એ બેહરો થઇ ગયો તે પહેલાં શું ઉત્તમ મ્યુઝીક એણે જોડીયુંછે ? આ હેનડલ ! મારો માનીતો હેનડલ ! બેશક ખોદાને પ્યારો; સાત વરસની વયે આ છોકરાએ,—આ બાળકે—ખુદાઈ બશારતમાં આવી મધુરમાં

મધુર સ્વરે ગાવા અને ઉમદા તાંતે વગાડવા માંડીયું હતું-લાવ, જોઉં, રોબર્ટ, એની સબી; કેવો ખુબસુરત નવજુવાન છે! એનાં સંગીત ઉપર રાજા બાદશાહો ફીદા થતા હતા અને એ મરણ પામીયો ત્યારે એને વેસ્ટમીનીસ્ટર એબીમાં ભૂમિદાહ કરવામાં આવ્યો, એ બાદશાહી માન એને લાયકજ કહેવાય. ગયા ભવમાં એ કયો સંગીતનો ઉસ્તાદ હશે?"

"આ મેનડલઝોન ! એનું 'Midsummer Night's Dream' તો તે સાંભળ્યું હશે? પંદર વરસની બાળક વયે તેણે આવું ઉમદા સંગીત રચીયું એ જાણે ગયા ભવનાં વરસોનાં શીક્ષણ વગર બની શકેજ નહી, પછી તુને ગમે તે કહે. આ બાપડો મોઝાર્ટ,! પાછલે દિવસે એનો સેતારો કેવો બરગસ્તે થયો હતો ! જેના સોનાટાઝ અને સીમફનીઝ હજારો લોકોનાં મન રીઝવતાં તે બીચારો અડધી ભુખે જીવતો હતો ! નસીબ એનાં. આ નામાંકિત વાગનર! "

હવે રોબર્ટે ત્રીજો વીંટો ઉઠાવીયો.

જોવાની, બોટેચેલી, મીઈકલ એનજેલો, રેફીઅલ, વિગેરે, એ બધા મહાન આરટીસ્ટોની સબીઓ ઉપર તે જવાનની આંખો ગોયા ચોંટી રહી; શેપર મુછમાં હસતો જોતો ઉભો. રોબર્ટે ખરાં દિલથી તે કુદરત

પરસ્ત આરટીસ્ટોનાં ચિત્રોને નમન કર્યું અને બીજાં ચીટો ઉઠાવવા પહેલાં તેઓને માન સાથે બાજુએ મુકયાં.

જોન-ઓફ-આર્ક, એસ ઠારલીંગ, કલાઇવ, નેપોલીયન, નેલસન, વેલીંગટન, એ બધાં બહાદુર નર નારીઓના ચિતારો હતા. હવે શેપરે બીજી પેટી તરફ ચલાવીયું.

"આમાં તુને વધારે રસ પડશે, રોબર્ટ. આ હિન્દુસ્થાન તરફથી આવેલો માલ છે. એનો અહેવાલ મારા એજંટે સાથેજ લખી મોકલ્યોછે. આ, જો, કેવી સુંદર સ્ત્રી!"

તે લક્ષ્મી માતાનું ચિત્ર હતું; તેને ચાર હાથો જોઇ રોબર્ટ વિસ્મય પામ્યો.

"આ હિન્દુઓની ગોડેસ ઓફ વેલ્થ યાને દોલતની દેવી છે; એ દ્રવ્ય ઉપર સ્થાપિત છે; શું સુંદર એનો ચહેરો છે, જાણે કેવડાનું ફુલ.!" શેપરે કહયું. "આ સરસ્વતી દેવી કહેવાએછે; એનેબી ચાર હાથો છે; એ ગોડેસ ઓફ નોલેજ, યાને, વિદ્યા દેવી છે."

"પણ એ લોકો દેવીઓને ચાર હાથો કાં આપતા હશે?"

"કદાચ એવો હેતુ હોય કે લક્ષ્મી જેના ઉપર પ્રસન્ન થાએ તેને ચારે તરફથી ધન આપતી હશે; તેજ

પ્રમાણે વિદ્યા દેવી સરસ્વતી માટે જાણવું. અરે આ શું? ૐ ભ, થોભ, કાંઇ સાથે લંબાણુ એહવાલથી લખાઇ આવ્યોછે."

રોબર્ટે શેપરનાં ખભાં ઉપરથી જોયું તો એક નગ્ન શરીરનો યોગી હાથ જોડી પગો વાળી ઈશ્વર સમાધિમાં બેઠો હતો. તેનાં શરીરનાં તમામ હાડકાં ગણાઈ શકાય તેવાં ખુલ્લાં નજરે આવતાં હતાં. તન ઉપર કષ્ટ ખેંચી તેણે હાડપિંજર જેવો પોતાનો અવતાર બનાવીયો હતો; દાઢીની લંબાઈ ગુંઠણુસુધી ઉતરી હતી; અને માથાંનાં બાલ એટલી ગીચ્ચ અને ભરાવદાર જટામાં ગુંથાએલા હતા કે માંડે ચલીયાંઓએ પોતાનો માળો બનાવીયો હતો.

રોબર્ટને આ ચિત્રથી લગાર હસવું આવ્યું મગર શેપરે ચુપ ગંભીરાઈથી તે જોયાજ કર્યું.

"એનું તપોબળ કેવું જબરૂં હોવું જોઈએ! જાણે ચલીયાંઓએ એના બાલમાં માળો બાંધી વસ્તાર કર્યોછે તે પણ એ જાણતો નહોય તેવો એકાગ્ર ચિત્તથી ઇશ્વર સ્મરણ કરેછે! છોડ, આ કાગળની બીંડડી, રોબર્ટ, અને વાંચ મારો એજંટ શું લખેછે."

'આ એક દેવતાઇ પુરૂષનું ચિત્ર છે,' રોબર્ટે વાંચવા માંડીયું. ' પરમેશ્વરની પ્રાર્થના કરવામાં તે એટલો તો એક ચિત્તથી બેઠો હતો કે તેનું શરીર તો શું પરંતુ

પાંપણ સરખું હાલતું નહી, એવામાં ચકલીનાં એક જોડાંએ એના બાલમાં માળો બાંધવો શરૂ કરીયો, શરૂઆતમાં આ યોગી મહાત્માને તે માલમ પડીયું નહી, પરંતુ જ્યારે ચકલીએ માળામાં ઈંડાં મુકયાં અને સેવવા બેઠી ત્યારે છેક એમનું તપ પુરૂં થયું; હવે જો ઉઠી જાય તો ચકલીનાં બચ્ચાંની જીવહત્યા થાએ, માટે આ મહાન રૂષી તેજ હાલતે ઇશ્વર સ્તુતિમાં ત્યાં સ્થિર બેસી રહયા અને જ્યારે ઇંડાંમાંથી બચ્ચાં નીકળ્યાં અને તે ન્હાનાં ચકલાંને પાંખો આવીને તેઓ ઉડતા શીખ્યાં અને તે માળો તજીને પોતાનીમેળે જતાં રહયાં, ત્યારે આ યોગી પ્રભુનાં ધ્યાનમાંથી નિવૃત્ત થઇને ઉભા થયા.'

રોબર્ટે વાંચી રહી શેપર તરફ ફરીને પુછયું:

"પણ આટલો લાંબો વખત તે ભુખ્યા કેમ રહી શકતા હશે?"

"તેજ બતાવેછે કે, એ, ઇશ્વરની સમીપ પહોંચવાથી ઘણો દૂર નથી; ખોદાવંદના પ્યાર વગર કાંઇ એમ બને? અને તે છતાં અભણ લોકો હસી કરવા નીકળશે પણ આ તો તપેશ્વરી યોગી ખરા."

તેજ બંડલમાં બીજાં ચિત્રો હતાં તે શેપરે ખુલ્લાં કરવા માંડીયાં અને તેઓ સાથે જોડેલી ચીઠીઓ વાંચવા માંડી.

'આ ફીરદુસી તુસી નામનો પરશીયન કવી છે જેણે 'શાહનામે' નામનો પ્રાચીન ઇરાની બાદશાહી વંશજોનો ઇતિહાસ કાવ્યમાં રચી પોતાનું નામ અમર કરીયુંછે, અને પાડોસમાં ઉભેલું પક્ષી શાહમુર્ગ છે. એવું કહેવાએછે કે તે જન્મીયો હતો આરબ ખાનદાનમાં, મગર તે જીગરે ચુસ્ત ઈરાની હતો, અને તેણે પોતાના રફીકો અને ખેશખેશાવંદોને કહયું હતું કે તેનો જનાજો ઇરાની રસમ પ્રમાણે કાઢવો અને અસલ ઈરાનીઓ સિવાય પોતાની જાતનાઓને તેનાં શબને હાથ લગાડવા દેવો નહી. એવું કહેવાએછે કે જયારે તે ગુજર પામીયો ત્યારે તેની ખાહેશ મુજબ ઇરાનીઓ તેના તનબરદાર બનીયા; મગર આરબ શાહને ખબર પડી તેવાજ તેણે પોતાના જાતીલાઓને ફીરદુસીને ખભે મારવા મોકલીયા. જેવા આરબો નજદિક આવ્યા કે ફીરદુસીનો જનાજો હવામાં અધર થઇ ગયો! આ ચમત્કારથી આરબો ચકિત થઇ ગયા અને પાછા ફરીયા અને ઇરાનીઓએ પોતાની રસમ મુજબ આ અસાધારણ બાહોશીવાળા નરને અવલમંજલ પુગાડીયો.'

"અજબ જેવું!" રોબર્ટ બબડીયો. "શું તે તરફનાં લોકો અસલમાં મોજેજાઓ ઉપર મોજેજાઓ કયોજ જતા હતા?"

"એવા ચમત્કારો કાંઈ તદન નહી બનવાજોગ નથી," શેપરે ગંભીરાઇથી કહયું. "જો આપણે અચો કાઈસ્ટના

[illegible] ખરા દાખલા સ્વીકારીએ તો આ કાં નહીં! વળી તારે ભૂલવું જોઇતું નથી કે આ કવી આપણા શેકસ-પીઅર કરતાંબી મહાન ભેજું ધરાવી ગયોછે; વળી તે એક મહાત્મા માફક નવો ધર્મ નથી લાવ્યો તો તે એક અસલ પુરાતન દીનને જાળવી રાખનારી અમર કેતાબો રચવા પામીયોછે. એ ખોદાના પ્યાર વગર બની શકે! રોબર્ટ, ઘણીક વાર મને એમ થાએછે કે મેં જે કાંઇ મારા ઊહળાં વાંચન, ઉંડા વિચારો અને મારા નેપાલીસ પંડીત ગુરૂના વિદ્વતાભર્યા સમાગમથી, મારાં ભેજાંની સંદુકમાં ભેગું કરીયુંછે, મારી સાધારણ સમજશક્તિના આધારે જે હું કાંઈ અદભુત વિચારૂંછું, મને તરેહ કીસમનાં Day dreams યાને જાગૃતાવસ્થાનાં સ્વપનાંઓ આવેછે, એ બધું હું પુસ્તકોહવારા લખી જાઉં અને-અને-તેમ કરવા મેં માંડીયુંછેબી ખરૂં—"

"ઓહો! તેમ કરો તો તમામ લેખકોમાં તમારૂં નામ અમર રહી જવાનું; કારણ એક મહાન લેખક, તે ભણેલાંઓનો ઉસ્તાદ, શીખેલાંઓનો શીક્ષક, નવી પ્રજાઓનો દુભાષિયો અને શોધખોળોને જાહેર જીન્દગી આપનાર છે. તમે દુનીયા ભરાય એટલો ખજાનો બનાવવાનું ખુલ્લું કરો, જાત પરજાતના ધર્મોનો અર્ક આવી સરસ રીતે શીખવી જાવો, ખરી સખાવત કેવી રીતે કરવી જોઇએ, પૈસાનો

સારો ઉપયોગ કેમ થાએ, અને કળીયુગ દૂર કરી સત્યયુગ સ્થાપી, રોજે અવલથી જે આદમજાતથી નથી બનીયું તેવી મોટી ફતેહનું કાર્ય બજાવો, યાને નાપાક શયતાનને સદાનો પરાગંદે કરો, એના જેવી મોટી ફતેહ અને અમરનામના તો કોઈ પીર, પયગામબર કે મહાત્માએ પણ મેળવી નહી હોય." રોબર્ટ ખરાં દિલથી ઉશકેરાઈને બોલીયો.

"હું એક નાચીઝ બંદો છું. દોસ્ત, મને નામના કે કીર્તી જોઇતી નથી. તે મહાનામીએ મને આ પૈસાની અણુહદ સત્તા બક્ષીછે તે માટે તે માલેક સન્મુખ મારૂં સર નમાઉંછું, અને આ જગમાં હું મારી ફરજ બજાવી શકું એટલું જોર તે કેરદેગાર પાસે માગુંછું. પણ–પણ મને લાગેછે કે હું સત્યયુગ સ્થાપું તે પહેલાં મારી જીન્દગીની ભરતી ખતમ થશે, મારૂં આ બધું મેળવેલું કરેલું રદ જશે, અરે, જો હું આદમજાતને સત્યયુગનું સુખ નહી મેળવી આપી શકું તો માલેક બીજા કોઇને મોકલજે કે જેનાથી મારૂં બધું કામ સંપુર્ણ થાએ ! રોબર્ટ, હુ તારા તરફથી તેની વકી રાખુંછું, કારણ તુંને પૈસાનો લોભ નથી અને તારૂં દિલ નિર્દોષ અને પવિત્ર છે."

"તમે શું કામ તમારે માટે ફીકર રાખોછો, મી. બેરૂચ?" રોબર્ટ નમનતાઇથી બોલીયો, "તમે, આવું ખોદાપસંદ કામ સંપુર્ણ કરવા ઘણાં વરસો જીવસો."

" તે તો કોણ જાણે, દોસ્ત, મગર મારાં Day Dreams મને તેમ કહેતા નથી. હું જો ભવિષ્ય જાણી શકું તો એટલું તો ખરૂં કે સત્યયુગની શોધના મારા બધા વિચારો, હઝારો ગાઉ ઉપર આવેલા પરમુલકના—અને જગતમાં જાએજ થએલા બધા ધર્મો માંહેલા એક જુનામાં જુના અને ઉત્તમ ધર્મ, કે જેના તરફ મને કુદરતી બશારતનું ખેંચાણ થયા કરેલું છે, તે ધર્મની એક બાનુ કે જે મારીજ માફક જાગૃતાવસ્થામાં સ્વપનાં જોઇ શકેછે, તેની કલમે જાહેરની રોશની જોશે. બાકીતો મને બીજું કશું દીસતું નથી, અને મારાં સ્વપનાંઓમાં જ્યારે એમ અંધકાર છવાએછે ત્યારે મારી તમામ ઉલટ મરી જાએછે; જેમ તે માલેકે ધારીયું હશે તેમ થશે."

(ઓ, નેકબખ્ત શેપર બેરૂચ! તારી ઉમેદો, સોમાંના એક અંશેબી મારી નાચીઝ કલમે પાર પડી શકી હોય તો તે માટે ખોદાવંદતાલાના હઝારો શુક્ર બજા લાઉંછું.

લેખક.)

શેપરે હવે વાંકા વળી એક બીજું ચિત્ર ઉઠાવીયું.

" ઓહ! આ કોણ? શું ખુદાઈ નુરનો ઝળકાટ? કેવી રોશન પેશાની, આંખોમાં જોતાંજ બહેસ્તનો ખ્યાલ આવે અને નાસ્તિકનું જીગર ખેઝાલતથી શરમીંદગું કરી મુકે!" શેપર તે પીકચર જોતાં ઘણી ગંભીરાઇથી બોલીયો

અને તે ઉપર બાજુથી પીનં કરી લીધેલું કાગળં તેણે મોટેથી વાંચીયું:

'આ ઇરાન સરજમીનના વક્ષુરે વક્ષુરાન પયગામબર ઝરાથુસ્ત છે. પૃથવીની ઉપર જુનામાં જુનો કહેવાતો ધર્મ સ્થાપનાર એ નેકબખ્ત નર છે.'

સત્યયુગની શોધમાં રહેનાર શેપર બેરૂચ જે હરેક ધર્મને નમવા શીખીયો હતો તેનાં દિલમાં અશો ઝરાથુસ્તનું ચિત્ર જોઈ પવિત્ર વિચારોના તરહેવાર હાંફરા થવા લાગીયા. આ તેજ ગાયબના માલેક તરફથી ઉત્તમ ફરમાનો લઇને આવનાર બહેસ્તનો પયગામબર હતો કે જેનાં ફરમાનો 'હુમત હુખ્ત હુવરસ્ત' ઉપર શેપર તનો-જાનથી ફીદા હતો, અને તેની બેકારોને કામે લગાડવાની અહુન-વરના કલામોવાલી સર્વેથી દાનેશમંદ સખાવત તેણે ગ્રહણ કરી હતી. રએ નદીને તીરે જન્મ લેનાર આ ખુદાઇ હેતમાં ઉતરેલા પયગામબરના અશોઈભરીયા દેખાવથી કાંઇ માત્ર શેપર ઉપરજ અસર થઈ નહતી પરંતુ જવાન રોબર્ટ જે બચપણુથી પોતાના ધર્મને સર્વેથી ચઢીયાતો ગણુવા શીખીયો હતો તે પણુ આ ફરેસ્તાઈ નુરનો ઝળકાટ ભરેલો ચહેરો જોઇ સર નમાવી ઉભો હતો.

'આ બૌદ્ધ ધર્મના સ્થાપક બુદ્ધ દેવ છે,' એક બીજું ચિત્ર ઉઠાવતાં શેપરે વાંચીયું.

'આ પુણ્યશાળી નરનું તપોબળ બહુ મોટું છે અને એમને માનનારાઓ કાંઇ કરોડો આસામીઓ છે. આહં હિન્દુસ્થાનમાં એમની ગંજાવર કદની મૂર્તિઓ છે અને જેમ મહમદ પયગામબરની દાઢીના બાલ પાકીઝેહ ગણાઈ મક્કાના કાહબામાં જાળવી રાખેલા કહેવાએછે, તેમ બુદ્ધ દેવનો દાંત એક પવિત્ર વસ્તુ દાખલ સચવાએલોછે, અને તેની જાત્રાએ હજારો બુધીસ્ટો દર વરસે જાએછે.'

'આ રૂસતમ પહેલવાન નામનો ઇરાની છે, એને હરકયુલીસ ઓફ પરશીયા કહીએ તો ચાલે. ઇરાનના એક પુરાતન પહાડમાં એની છબી કોતરાએલી છે અને તે ઉપરથી મેં એક મારા આરટીસ્ટ મિત્રને તે કેનવાસ ઉપર ઉતારી આપવા કહયું. શું જોરેમંદ ગોટલાંબાજ! મુકકી મારે તો પહાડનું પેટું ફોડી નાખે તેવો મસ્ત જણાએછે! હું થોડાએક ઇરાની નકશના ચિતારો પણ મોકલું છું. અસલના વખતમાં એ પરશીયનો ખીલારોકી હરફોમાં લખતા હતા, અને તે બેહીસ્તુનના ડુંગર ઉપર હજુરખી મોજુદ છે, તેના ઉપરથી ઉતારા કરાવીને મેં આ સાથે મોકલીયાછે. પારથીનોન શોધાયું કે રોમ બંધાયું તે પહેલાં એ બેહીસ્તુનના બધા નકશો ઈરાનના પહાડમાં કોતરાએલા હતા, છતાં આજેબી તે જેવાને તેવા છે.'

'આ સાઇરિસ-ધ-ગ્રેટની મુખમુદ્રા ઉતરાવીને મોકલાવીછે. મહાન લેખક ઝેનોફન કહેછ કે સાઇરિસ-ધ-ગ્રેટના જેવો ઇરાની શાહ બીજા કોઈ મુલકમાં પેદા થયો નથી, અને તે ગોયા એના ચહેરા ઉપરથીજ જણાઈ આવેછે!'

હવે તેઓએ એક બીજી પેટી ખોલી.

ઉપરથીજ એક અતિ ઘણી મનોહર બનાવટની સારંગી મુકાએલી હતી; અને તે સાથની ચીઠીમાં લખાયું હતું:

'આ સતી સીતાની સારંગી કહેવાએછે, અને રામેશ્વરનાં મંદિરમાં એની એક બીજી જોડ છે. એની મોટામાં મોટી ખુબી એ છે કે એના ઉપર ગમે એવો અજ્ઞાન આસામી ચાહોમ આંગળાં ફેરવી જાએ તોપણ એમાંથી ઇશ્વર સ્તુતિનાં ભજનો વગડાતાં હોય એવો સરોદ નીકળેછે.'

આ વાંચતાંજ શેપરે પોતાનાં આંગળાં તારો ઉપર ધીમેથી ફેરવી જોયાં અને બીજીજ પળે આકાશી સરોદ જેવો મીઠો દીલખુશ અવાજ તે મોટાં અયવાનમાં પ્રસરી રહયો, જેણે તે બન્ને મર્દોને બે પળ ખુદાઈ ખ્યાલમાં એવા મગ્ન કરી મુકીયા કે તેઓને ગોયા આ જગતનું કશું ભાનજ નહી રહયું.

"ઓ, મેં મારી જીન્દગીમાં એવું કશું બીજું મોહક સાંભળ્યું નથી!" જવાન રેગનટ પોતાનાં જીગર ઉપર હાથ દાબતાં બોલીયો.

"એકજ વાર, મારી જીન્દગીમાં એકજ વાર મેં આવો કૈલાસનો આનંદ બક્ષનારો સુર સાંભળ્યો હતો !" શેપર જાણે સ્વપ્નવંત હાલતમાં હોય તેમ બબડીયો. "હું નેપાલની વાત કરૂંછું, રોબર્ટ. એક વાર મારો મિત્ર જોગેશ્વર સચ્ચિદાનન્દ મને ત્યાંનાં રાજ્યવંશી દેવળમાં લઇ ગયો હતો અને ત્યાં જે ચમત્કાર મેં જોયો તે હું મારી જીન્દગીના છેડા સુધી ભૂલસ નહી. ઈશ્વરની મૂર્તિનાં માથે આવુંજ એક વાજીંત્ર લટકતું હતું અને પંડીત ધર્મોત્તરે ચરણે પડી પરમેશ્વરની પ્રાર્થના કરવા માંડી, ત્યારે એકાએક તે વાજીંત્રના તમામ તાંતો હાલી રહ્યા અને મનુષ્યના હાથની જરા પણ મદદ વગર તેમાંથી અતિશય સુરીલો હલક સ્ફુરી નીકળ્યો; જાણે ખુદ બહેસ્તના માલેક પોતાની થતી સ્તુતિ માટે ખુશાલી જણાવતા હોય એવો તે સ્વર્ગીય સુખપ્રદ સુર હતો. પાછળથી મને ધર્મોત્તરે કહ્યું તેમ તે વાજીંત્ર બ્રહ્મા તરફથી આવ્યું હતું એમ તેઓનું સર્વેનું વંશપરંપરાના પૂર્વજોથી માનવું હતું, અને તેની જોડી બીજી આ જેહાનમાં નહતી."

શેપરની આ હકીકતથી રોબર્ટ તાજુબ થઈ ગયો.

"આ વાજીંત્ર શું તેજ હશે ?" રોબર્ટે પુછીયું.

"નહી હોય, તેનો દેખાવ જુદો હતો; તે વાજીંત્ર બ્રહતી અને માહતીને નામે ઓળખાએછે એમ ધર્મોત્તરે

મને કહયું હતું. હું કહું છું કે આજની બધી ચીજોમાં આ સર્વેથી ઉમદા છે."

શેપરે હવે સંગેમરમરની બનાવટનું એક મોટાં પુતળાં જેવું કાંઈ રોબર્ટ ની મદદથી ઉઠાવીને બ્હાર કાઢીયું. દેખાવમાં તે ઘણું વિચિત્ર લાગતું હતું. જાણે એક આખાં શહેરનું મૉડલ હોય તેમ ત્યાં બઝાર, નિશાળ, કચેરી, મકાનો, હઝારો આસામીઓ, વગેરે જણાતાં હતાં, જેઓ કદમાં અલબત એક ન્હાનાં આંગળાં જેટલાંજ હતાં.

'આ 'એલોરા' ની ગુફાનું મૉડલ છે. હિન્દુસ્થાનની નવાઈઓ માંહેલી આ એક છે; કોઈક એમ કહેછે કે અસલના વખતના કોઈ બાદશાહે આ પ્રમાણે એક શહેરનો દેખાવ પુતળાં કોતરાવીને ઉભો કીધો હતો; પણ ત્યાંની દંતકથા એવી છે કે તે શહેરનાં આસામીઓ ઘણાં બુરાં અને પાપી હતાં જેથી ખુદાએ શ્રાપ ઉતારીયો અને તે આખા મુલકને એકેદમ પથ્થરમાં ફેરવી નાખીયો. સાચી વાત તો ગેબનો માલેક જાણે પણ એક નવાઇ દાખલ તમો સાહેબના સંગ્રહ માટે મોકલું છું. એની અધવચ્ચે જે હીરા મોતી મઢેલી છતરી છે તે માટે મેં ત્યાંના એક રખેવાળને પુછીયું કે તે શું હતી, તો તેણે કહયું કે તે પેદા કરનારની યાદમાં હતી; મેં પુછીયું કે તારા ખોદાનું નામ શું. મેં વકી રાખી હતી કે તે કહેશે કે બુદ્ધ યા બ્રહમ, પણ તેણે

તો કહયું કે, તે પહેલો, તે છેલ્લો, તે વચમાં, તે છેડા વગરનો. આબાદ આપણાં બાઇબલમાં લખાયું છે તેમ તે બોલીયો; અને તે છતાં ઇનડીયાનાં લોકોને આપણે અભણધારીએ છઇએ! જ્યાં પેલો ગુમાએલો પારસમણી છે ત્યાંનો એટલે કે આબુનાં દેલવાડા દેવાલયનો મૉડલ પણ મોકલું છું.' શેપરે આગળ વાંચીયું: 'માંહે જે કાચના ટુકડા જડીયાછે તે અહિં ખરેખરાં જડેલાં રત્નો છે; મોટા મોટા દેવોની મૂર્તિઓની આંખોમાં અમૂલ્ય માણેક જડેલાંછે; કરોડ ઉપરનો ગંજ આ દેવાલય પાછળ થએલો કહેવાયછે.'

"હા. આબાદ તેજ જાણે મંદિર!" શેપર તે જોતાં બોલીયો. "રોબર્ટ, મેં કેટલાંક વરસો ઉપર આબુના પહાડની મુલાકાત લીધી હતી અને આ દેલવાડાનું કોતરકામ જોઇ હું છકક થઈ ગયો હતો. હિન્દુસ્થાનના શિલ્પીઓ અને કારીગરોએ જે કમાલ કરી છે તેવી આખી દુનિયાના કોઈ હુન્નરમંદોએ કરી નથી; ગ્રીશ્યન કારીગરીબી પાછળ પડે. આગ્રાનો તાજમહાલ વખાણવો કે આ દેલવાડાનું દેવળ, તે માટે હજુર હું એકમત થઈ શકતો નથી, બન્ને પૂર્વના મુલકની અસલ હુન્નરમંદીની પ્રવીણતાના અચૂક નમુનાઓ છે. મારા જવાન રફીક, જ્યાંસુધી તું તે પૂર્વના મુલકની સફરે નીકળે નહી અને નજરેનજર ત્યાંની બધી

ખુબીઓ નિહાળે નહી ત્યાંસુધી તુને ત્યાંની મોટાઇનો ખ્યાલ આવવો મુશકેલ છે."

હવે તેણે પોતાના બીજા આડતીયાઓની પેટીઓ ખોલવા માંડી.

'આ સાથે સુલેમાની તાવીઝો મોકલાવું છું. સોલોમન, જે જગમાં પાંચમો પાદશાહ થઈ ગયો છે તેની એ અસલ શોધ હોવાથી તે મોહરે સુલેમાનીને નામે ઓળખાયછે. એવું કહેવાએછે કે તેણે ગ્રહમંડળનું અવલોકન કરીને તે ઉપરથી આવો જાદુઈ તલેસમાત કોતરી કાઢી તેનું તાવીજ બનાવીયું હતું. એ જેની પાસે હોય તેની ઉપર નક્ષત્ર કે રાશીના શુભ અસર થાએ અને કોઈબી જાતની ખરાબી દૂર થાએ. આ તો બનાવટી છે પણ જો અસલ હાથ આવે તો તે મર્દ દુનીયામાં સર્વેથી સુખી થાએ.'

"બનાવટી!" શેપર બબડીયો. "અને તે છતાં કેવું ઉત્તમ છે! એ અસલ વસ્તુ મેળવનાર દુનીયામાં સર્વેથી સુખી થાએ, તો અજબ જેવું નથી કે મને અસલ તાવીજ મલીયું નથી? કારણ મારા જેવું જગમાં બીજું સુખી આસામી કોણ હશે? લીલી જેવી ફરેસ્તાઈ ખસલતની નાઝનીનનો થનાર માલેક! રોબર્ટ, તારી બહેને તો મને જુદીજ જીન્દગી બક્ષીછે," તે ઘણુંજ સુખથી ભરપુર

ચહેરે બોલીયો. તે નેકદિલ શખસના અવાજમાં એવો કરાર હતો કે રોબર્ટનું જીગર દર્દમંદ બની ગયું; તેને કાંઈ કુદરતી બશારત થતી હતી કે લીલીની ઠગબાજીનો અંજામ સારો આવનાર નહતો.

"ઓહો ! આ શું ?" રોબર્ટે શેપરની મદદથી એક મોટી શેતરંજી બ્હાર કાઢી; તેની માસુમ બનાવટ અને અજબ ચળકાટથી તે ઘણીજ સુંદર લાગતી હતી; રોબર્ટે કાગળની ઘડી ખોલી મોટેથી વાંચીયું:

'આ અસલ બોખારાની કેમલ હેર કારપેટ છે. તે તમામે તમામ ઉંટના બાલમાંથી વણેલીછે અને રાતના દીવાના ઉજાસમાં કાંઈ ડજનોબંધ જુદા જુદા મનહર કલરો બતાવેછે. એ ચારસો વરસની પુરાણી છે અને તેની જોડ મુશકેલીથી મળેછે, અને એમ કહેવામાં આવેછે કે એવીજ એક બીજી કારપેટ જરમનીના કયસર માટે બનાવવામાં આવીછે.'

"ખચિત કેવી સુશોભિત !" રોબર્ટ બબડીયો.

પરંતુ શેપર, શોકાતુર દેખાતો હતો.

"બધાંમાં પેલા કયસરનીજ સત્તા, એ ત્યાંબી પુગી વળ્યો ! ઓ રોબર્ટ, રોબર્ટ, તે મર્દ અભિમાન ન રાખે, લોભ લાલચને પોતા ઉપર કાબુ લેવા ન દે, તો તે કેવો

મહાન મદ છે ! પણ અફસોસ, મને લાગેછે કે નેપોલીયનનો એ બીજો અવતાર પોતાની હકુમત કુલ દુનીયા ઉપર સ્થાપવાના દીવાના ખખારામાં જગતની મોટી ખરાબી કરશે. ઓ કેરદેગાર ! તે પહેલાં મારા પૈસાનાં બળથી હું સત્યયુગ સ્થાપી શકું એવી મને શકિત બક્ષજે !"

તે અતિશય ગંભીર લાગતો હતો.

હવે સંધ્યાકાળ થવા આવ્યો અને તેઓ પરવારીયા પણ થાકીયા નહી. રોબર્ટે ઘર જવા માટે રૂખસદ લીધી અને શેપરે લીલી ઉપર સંદેશો મોકલીયો કે, તે, જે વખત જતો હતો તેટલાં તેણીને મળવા આવનાર હતો.

---

## પ્રકરણ સોળમું.

જયારે રોબર્ટ ઘર જવા નીકળ્યો ત્યારે તેનું મગજ ઘુમતું હતું. એમ કેમ કે શેપર બેરૂચનાં મકાનમાં દુનીયા જુદીજ લાગતી હતી, ત્યારે બ્હાર શરીર કાંપી જાય તેવી ઠંડી અને બધું સુહતું સાવજ જેવું લાગતું હતું ! જે તરેહવાર ચીજો તેણે આજે જોઇ અને જે અનેક કિસમની મોજ તેણે ભોગવી હતી તેથી તેનું દીલ ખુશાલીથી છળાછળ

થઈ ગયું હતું. આપણે તેનો ઝાઝો કસુર કાઢશું નહી, કારણ આખર કરે તો તે એક જવાન ઉછરતો છોકરો હતો અને આટલી મોટી દોલત તેનું મગજ ચળિત કરી નાખે તેમાં ઝાઝુ અજબ થવા જેવું નથી.

કેવો બખ્તાવર શેપર બેરૂચ અને કેટલો નસીબદાર તે પોતે! આવા એક પરાધોપતિનો તે વારસ! શાહોના શાહ પાસેબી આટલી દોલત કે આટલી સત્તા કે આટલું ફુટાપણું નહી હોય ! આ તે કેવું બુલંદ અસાધારણ ભાગ્ય ! હઝારો સુખ કરારભરીયા ખ્યાલો તેનાં જવાન ભેજાંમાં ઉછળવા માંડીયા અને અત્યારમાંજ તે પોતાને મનુષ્યજાત કરતાં ઘણીજ ચઢીયાતી જગ્યાએ જઇ પુગેલો જોવા લાગીયો, અને હઝારો આસામીઓને તેની મદદની કાકલુદી કરતાં અને લાખોને તેની મહેરબાનીનો આભાર માનતાં તેની આજુબાજુ તેને નમન કરતાં તેણે જોયાં !

હવે તેને પોતાનો બગીચો જંગલી ઝાડોની ઝાડી જેવો લાગીયો; તે ઇંટરડીનું મકાન શેપરના તબેલા કરતાં પણ સાદું અને ન્હાનું દેખાવા લાગીયું; ત્યાંનાં સાદાં ફરનીચરથી તેના ગાલ ઉપર શરમનું બળતણ બળવા લાગીયું, બસ ગોયા તેને તેની હમેશની જીન્દગીથી એઝ લાગવા માંડી; પરાધોની દોલત ભવિષ્યમાં મળવાની હતી, ત્યારે આવી મુફલેસી તરતજ દૂર થવી જોઇએ.

તેટલાં સેને ખુદ તે પરાધીપતિની યાદ થઈ. તે ગંજાવર ખઝાનાનો માલેક અને વિદ્વાનોનો વિદ્વાન પોતે કેવો સાદો હતો, અને તે રોબર્ટને ખી પોતાના જેવોજ સંતોષી માનતો હતો ! તે તેને પોતાનો વારસ કરનાર હતો તે એકજ મકસદે કે રોબર્ટ પણ તેનીજ માફક દિવસના ચાર પાંચ કલાક એક મજુર માફક વહીતરૂં કરીને દુનીયાનાં ભલાં માટે બલકે સત્યયુગ સ્થાપવા માટે સોનું બનાવે. તે લજવાયો, સુખ બાબદના તેના એકલપેટા વિચારોથી તે ખરાં દિલથી એકેદમ પસ્તાયો, અને હવે કાંઈ જુદીજ લાગણી સાથે તે પોતાનાં મકાનમાં દાખલ થયો.

લીલી ઘણાં શોભીતાં કપડાંમાં સજ થઈ સેખચલ્લી વિચારોમાં મલકાતી વચલા હોલમાં બેઠી હતી; અને આરટીસ્ટીક ટેસ્ટના તે જવાને જોયું કે બેશક તેની બેન સુંદરતાનો એક જેવાજોગ નમુનો હતી.

" રોબર્ટ, " તેણી પોતાનાં કાળાં પાંપણો ઉઠાવી બોલી. " પપા તો હવે છેકજ કંટાળો આપી રહયાછ. જો હમણા મને એવણુને રોકડું પરખાવવું પડીયું કે હું પરણુંછું તે એકલી મારાં પોતાનાં ભલાં માટે અને નહી કે એવણુ ધારેછ તેમ એવણુનાં સુખ સગવડ સાચવવા માટે."

" હમણા એવણુ કયાં છે ? " તેણીના ભાઈએ ચિંતાથી પુછીયું.

"કોણ જાણે, વળી 'ક્રી પીજન્સ'માં ભટકવા ગયા હશે; તે સિવાય બીજું એવણુને સુજ શું પડેછ ? બધો વખત તો ત્યાં પસાર કરેછ, હમણા એવણ એટલા ઉશકેરાઇ ગયા કે બોલવે વાત નહી; મને કહેછ કે લગ્નની એવણ બહાલી આપશે નહી, દેવળમાં 'બાન' પુકરાવવા દેશે નહી. સારૂં થયું કે બરમીંગહેમનાં દેવળમાં શેપર તરફથી 'બાન' પુકરાએછ. કહી કહીને એમજ કહેછ કે પહેલાં એવણનાં નામ ઉપર મોટી જેવી થમણી થવી જોઈએ; જાણે માતબર આસામી સાથનાં લગ્નથી, પરણતી છોકરીને નહી પણ તેણીના બાપને પહેલો લાભ થવો જોઇએ!"

"બીબી, મને લાગેછે કે બાવા સાથે આપણે ઘણી નાખતી છાણુતીથી કામ લેવું જોઇએ; હમણાં હમણાં હું એવણમાં ઘણો વિચિત્ર ફેરફાર થતો જોઉંછું; મને એવણની તબીયત માટે ઘણો ડર લાગેછ અને લંડનના કોઈ મોટા ડૉકટરને બોલાવવાનો મારો વિચાર થાએછ."

"ઓહો! તમે તો હવે ઘણા પૈસાવાળા થઇ ગયા દેખું! બેનના વરની બધી દોલતના એ તો પ્રતાપ હશે!" બીબીએ ચણકા કર્યો. "હું જાણુંછ, રોબર્ટ, કે તું મારા ભવિષ્યના ધણીનો ઘણો પૈસો ખરચી નાખેછ, પણ પરણીયા પછી મને એ બધાં ઉપર કાપ મુકવો પડશે."

" નાહાન છોકરી, તુને સ્વપ્નેબી ખબર નહી હશે કે શેપર પાસે કેટલી દોલત છે અને તે જેમ વધતી વપરાએછે તેમ તેના માલેકને વધતો કરાર મળેછે. હું હમણાંજ ત્યાં જઇ આવ્યો, આજે બધો વખત હું ત્યાંજ હતો. "

" એમ કે ? એવણે કાંઇ મારે માટે મોકલીચુંછ કે ?" તેણીએ ઉલટથી પુછીયું. પણ એક સ્ત્રીની ચતુરાઈથી તેણી પામી ગઈ કે રોબર્ટ કાંઇ નવી ખબરો સાંભળી આવ્યો હતો, એટલે તેણીએ ઝટ પુછીયું: " શું છે, રોબર્ટ, તારી આંખોમાં કાંઇ અજબ જેવો ચળકાટ દીસેછે! ભાઇ, જયાં છે ત્યાં તું કાંઇ નવી ખબર સાંભળી આવ્યોછે. આજે તું કાંઈ ઘણો ખુબસુરત લાગે છે ! શેપરે તુને કાંઇ અસાધારણ ખુશ ખબર કહી હોય તેમ તું ઘણોજ સુખી દેખાએછે! બોલ, બોબ, મને તો કહે, ભાઇ; એવણે જયાં છે ત્યાં તુને કહેલું હોવું જોઈએ કે એ પોતાની દોલત કેમ મેળવેછે, ખરૂં કેની ? "

" વૅલ, હા, એવણે મને પોતાનો કેટલોક મર્મ કહયોછે- હું તુને ખરાં દિલથી મુબારકબાદી આપુંછું, લીલી, તું દુનીયામાં સર્વેથી માતબર બાનુ છે, અને કુલ પૃથવી ઉપરના ખરેખરા એક નેકદિલ ગૃહસ્થની તું ધણીયાણી બનાર છે. "

" નેકદિલ તો સમજ્યાં, પણ શું એઓ એક બાદશાહ જેટલો દોલતમંદ છે ? એવણુ બધો પોતાનો પૈસો એટલો બરબાદ કરેછ કે મને બીહક રહેછ કે રખે એકાએક તળિયું આવી જાએ—"

" નહી, તેવી કશીજ ધાસ્તી રાખવાનું તુને કારણ નથી," તેણીના ભાઈએ કહયું.

" કેવું અજબ જેવું કે આપણી ગરીબી વખતેજ તે ચાલી ચલાવીને આપણે ત્યાં આવ્યા !" લીલી બોલી. "એ બધું તુને આભારી છે, વહાલા ભાઇ મારા, એમની પસંદગી પહેલાં તારી ઉપર ઉતરતે નહી તો એવણુ આપણે ત્યાં આવતા જતા થયા હતે નહી અને કોઈ બીજાં તરફથી ખેંચાણુ થયું નહતે !"

" તેવું કાંઇ નથી, લીલી. મને જોયો તે પહેલાં તારી તરફની એક નજરમાંજ એ તારા પરસ્તાર બની ગયા હતા. વહાલી બખ્તાવર બેન મારી, એ તો તારા બુલંદ નસીબાથી તારા ગરીબડા ભાઇનું કલ્યાણુ થયું છે."

" પણુ મને એમના પૈસા માટે કહે, બોબ. એમણે હજુર સુધી મને તે વાત કહીજ નથી અને હું જાણુવા માટે ઘણીજ ઇંતેજાર છું. એવણે કેમ પેસા મેળવ્યા ? બાપનો

વારસો તો હોયજ નહી, કારણ એવણે મને કહયું હતું કે એવણના પિતા સાધારણ ડૉકટર હતા. ”

“ મેં એ વાત કોઈનેબી નહી જણાવવાને વચન આપેલુંછે. એ પોતેજ તુને કહેશે. ”

“ વારૂ ત્યારે, હું પારખું છ તે ખરૂ છે કે નહી તેટલું તો મને કહે. એવણના કોઇ કાકા ઓસટ્રેલીયા ગયા હતા તે એવણને વારસો આપી ગયા, હેં ? ત્યારે શું કોઇ પ્રીન્સ સાથની દોસ્તીમાં એવણે એ દોલત મેળવી-છે ? કે કાંઇ અજબ જેવું પેટંટ લીધુંછ ? સોનાની ખાણ તો નહી મળી હોય ? ત્યારે તેલના કુવા ? કહેની બા, રોબર્ટ. ”

“ મારેથી કેહવાએજ નહી. વચનની જવાબદારી મેં મારે સર ઉઠાવેલીછે એટલે મારે મારા હોઠોને સીલ મારી મુકવી જોઈએ.”

“ તું ઘણો નાફકર છે, કેવી મને ટવળાવેછે. પણ વારૂ હવે તો મારે જવું જોઇએ. મારે હમણાં સાત વાગ્યાની ટ્રેનમાં બરમીંગહેમ જવુંછ, થોડી ખરીદીઓ માટે. રાત પડતાં પાછી આવસ.”

“ શાની ખરીદી ? ” ભાઈએ પુછીયું.

“ તમે માટીડાઓ તો એવાજ અકકલ વગરના

રહી ગયા! શેપર કહેછે કે પંદર દિવસમાં લગન કરી નાખીએ અને—"

" પંદર દિવસમાં ! એ ઘણું જલદી કેહવાય."

" અરે, હું તો એ મુહૂર્તને વળગીજ પડી. જેમ વહેલાં લગ્ન થઇ જાય તેમ સારૂં, નહીતો એકાએક હૅકટર આવીને ઉભો રહે તો શું થાએ? એક વાર હું પરણી ગઈ કે પછી મને તલભાર દરકાર નથી રેહવાની, પણ હૅકટર પહેલાં આવી પુગે અને તે ઉશકેરાયલો જેવો કાંઇ મારી ફજેતી કરી મુકે તેની મને ફકર છે. શેપરને તો તેની હૈયાતીનોબી ખ્યાલ નથી અને એ બે જણાએ લગન પહેલાં કદીબી ભેગું થવુંજ નહી જોઇએ."

" તેમ થતું જરૂર અટકાવવું જોઇએ." રોબર્ટ ઘણાં દુખથી બોલીયો.

" ગરીબ બીચારો હૅકટર," લીલી બોલી. " પણ અલબત, મારીજ માફક એ પણ વહેલોજ ભુલી જશે. મારેથી શેપરની ઉમદા માંગણી કેમ નામંજુર થાએ? મારી એકલીનું સુખ જોઉં તેવી એકલપેટી હું કદીબી થઇ શકું નહી, અને મારા બાપ ભાઈનાં ભલાં માટે મને આ પગલું લેવુંજ જોઇએ."

"ખોદા કરેને એનું સારૂંજ પરિણામ આવે." રૉબર્ટનું જીગર ધડકતું હતું. કાંઇ ન સમજ પડે તેવી લાગણી તેને થતી હતી, પણ પેલી ખુબસુરત બાળાનું પાંપણુ સરખું હાલતું નહતું.

"પણ હું એમ પુછું કે મી. સ્પરલીંગ આ વાત જાણેછે કે ?" રૉબર્ટે એકાએક પુછીયું.

"જરાબી નહી. કાલેબી તેવણુ અહિં આવી ગયા અને ડૉકટર હવે એકાદ મહિના પછી આવસે એમ કહેતા હતા. અમે ડહાપણ વાપરીને બરમીંગહેમનાં દેવળમાં 'બાન' પુકરાવીએછ અને ત્યાંજ લગ્નબી થસે, એટલે વીકર કશુંજ જાણનાર નથી. સારૂં થયું કે શેપરને પોતાનેજ અમારી સગાઇ આજસુધી છુપી રાખવાને ગમીયુંછે; ચાલ, ભાઈ, હું તો જાઉંછ, નહીતો મારી ટ્રેઇન ચુકી જવસ."

"પણ તુને શું શું ખરીદીઓ કરવીછ?"

"ઘણીબી. તમે માટીડાઓ એ વાતમાં નહી સમજો. મારાં લગ્નનો ડ્રૅસ હું એવોબી ઉમદા કરાઉંછ કે પ્રીનસેસ મેરીબી અદેખી થાએ. ઘરેણાં તો બધાં ઘણાંબી છે, પણ હીરાનાં બકલનાં શુઝ, મોંઘાંમાં મોઘાં ફુલની જાળીઓ, અને બોકે; વૅડીંગ કેક તો એક મીનારા જેટલું મોટું અને આરટીસ્ટીક કરવાની વરદી આપી ચુકીછું. શેપર કશું

કરવા ના કહેછ પણ એટલું તો જોઇએ. બધાંનાં બીલો લગ્ન પછીથી ચુકવાસે, અથવા તો બેબ, તારી પાસે મારા વરના પૈસા છે તેમાંથી આપ."

"લીલી, તું એમ બોલીજ કેમ શકેછ ? એમ તે મારેથી કરાએ? એકકી વખતે તે લાખ્ખો રૂપીયાથી મારો વિશ્વાસ કરે તેમાંથી એક પાઇબી અંગત ખરચમાં કે મોજ-મજાહમાં વાપરવી એ હું ગુન્હા સમજુંછ."

"વારૂં, નહી તો નહી; પરણીયા પછી બધું થઈ રહેશે; પણ બેબ, તું જરા શેપરને સમજાવજે કે લગ્ન કરવા જતી વેળાએ આઠ ઘોડાની ગાડીમાં મને જવા દે. એ તો કહેછ કે મોટરમાં જવાસે, પણ તે ફરરર કરતી જાએ અને ફરરર કરતી આવે તેમાં મારૂં શું વળ્યું! પરણીને આઠ ઘોડાની ગાડીમાં દમામ કરતાં આવીએ તો ટેમ્સફીલ્ડનાં લોકો મારો પોશાક અને ઘરેણાં બધાં જોઇ શકે."

"તેવી કાંઇ સલાહ આપવાનું કામ મારૂં નહી. બેબે છેડો છોડાવ્યો.

"એવો હઠીલો છે ! સાળા બનેવી એકએકને જોઇનેજ મળીયાછ ! ચાલ, હું તો જાઉંછ, રાતે નવ વાગે પાછી ફરસ."

લીલીના જવા પછી રોબર્ટને યાદ આવીયું કે શેપર રાત પડતાં આવનાર હતો, અને તેવો સંદેશો તેણે રોબર્ટ સાથે લીલી ઉપર કહેવાડીયો હતો, તે તો તે પોતાની બેનને કહેતાં ભૂલીજ ગયો. વખતસર તેને તે યાદ આવ્યું નહી તે માટે તે ઘણો પસ્તાયો અને પોતાનું કાંઈ ચિત્રકામ ઘણે દહાડે કાઢીને કામે બેઠો.

પરંતુ તેનું સઘળું ધ્યાન બધું આજ સવારથી શેપરને ત્યાં જે વખત તેણે પસાર કર્યો હતો, બધું અદ્ભુત જોવા અને જાણવા પામીયો હતો, તેના ઉપર અને તેના ઉપરજ જવા લાગીયું, એટલે ચિતરવાનું પડતું મુકી તેણે એક પુસ્તક ઉઠાવીયું. જયારે તે પેલા નેક જવાનને પડખે રહેતો ત્યારે તેનામાં પરમાર્થના પરગજુ ખ્યાલો ઉભરાતા, અને જયારે તે એકલો પડતો ત્યારે પૈસાના ચળકાટથી તેની આંખો અંજાઇ જતી, તેનામાં એકલપેટા ખ્યાલો ઉભરાતા. કદાચને એ તેનાં લોહીમાં ઉતરેલી ખામીઓ હોય. આખર કરો તો તે પૈસાના લોભી બુઢા મેકીનટાયરનો બેટો અને એકલપેટી લીલીનો ભાઈજ કેની ! પણ તેનામાં તેની નેક માતાના સદગુણો ભારોભાર હતા અને ખરાબ અસરથી લજવાઇને તે બુરા વિચારોથી ઝટ બાઝ આવતો. તેટલાં તેના પિતા હુસુક હુસુક માંહે આવ્યા.

ડોસાજીએ બીસચાર ગળે ઉતારીયો હતો અને તેમના ચકચક થતા ડાળા જોઇ તે સપુતનો ચેહરો ઝર્દ મારી ગયો. તે મુગે મોંઢે ત્યાંથી ચાલી જવા ધારતો હતો, તેટલાં બુઢાજીએ તરારો પાડીયોઃ

“ કેમ રે છોકરા, આજે સવારથી કયાં ગુમ થઈ ગયો હતો ? પેલી વાઉ વીંછણુ સાથે મને એકલો છોડીને પેલા એકલપેટા શેપરની સાથે મોજ મારતો હોસે! બીજું તુંને આવડેછેજ શું ? ”

“ પપા, મારા વહાલા પપા, તમે શું કામ ઉશકેરાઓછો—”

“ ઉશકેરાઉં નહી તો શું ભુખે પેટે અને ખાલી ગજવે ખરખર હસું ? હું બાપ જેવો બાપ, તે શું તમારે ત્રણેને મનસે કાંઇજ નહી ? આ લગ્નની મેં મંજુરી આપી તેના બદલામાં મને શું મળવાનું છે તે કોઈ કહેશો ? ”

“ શું લીલીનું સુખ અને નેકબખ્તિ એ તેણીના પિતાને કાંઈ કમતી બદલો મળેછે ? પપા, તમારા હાથમાં પૈસા સલામત નથી; મારાં ચિત્રો શેપરે ખરીદીયાં તે પૈસામાંથી મેં તમોને ખોબો ભરીને આપીયા અને મારી ખાતરી છે કે તમે તે ‘શ્રી પીજન્સ’નાં પીઠાંમાં બરબાદ

કર્યાં હશે. ઓ પપા, શું તમુને આગલી આપણી મોટાઇ અને આબરૂ યાદ આવતીજ નથી ? ”રોબર્ટે અતિ ઘણી કાકલુદીથી કહયું.

“ તેવા મુઠીભર પૈસાથી શું મારૂં દળદર ફીટે ? આ મારો જમાઈ થનો ગાડેગાડાં સોનુ એકઠું કરે અને હું મુઠીભર રૂપાંથી સંતોષ પામું એ કયા ફીલસુફની ફીલસુફી ? મેં કાલેજ એ એકલપેટા અગજપતિને કહયું કે મને એક હઝાર પાઉન્ડ ઉછીના આપ તો તે તો વળી નહી ! કહે જે એ તો મારા નિયમથી ઉલટું કહેવાય—!”

“ ઓ, પપા, તમે શું એટલા બધા હલકા પડીયા ?” રોબર્ટ ખજાલતથી પુકારી ઉઠીયો.

“ અરે એણે સાફ ના કહયું, સાંભળેછ કે, છોકરા ? પણ જોજે તો ખરો હું એને કેમ ઠેકાણે લાઉંછ તે. એને કહીએ જે વારેલા નહીં વળે તે હારેલા વળે. સમજીયો ?”

“ તમે શું બોલોછ તે મને સમજ પડતી નથી. ખોદાને ખાતર, પપા, તમે પોતે દુખી થઈને બીજાંનેબી દુખી ના કરો—”

“ તું જાણેછ, લોકો એને માટે શું કહેછ તે ? ” ડોસાએ પુછીયું.

" નહી, પણ કોઇ કાંઈ બોલતું હશે તો સારૂંજ બોલતું હશે. "

" સુજમાં રોજા બોલજે, સારૂં બોલાએછ ! અરે, લોકો તો પીઠાંમાં બધાં બોલેછ કે એ ખોટા સીકકા પાડનારો છે; તેથીજ પેલી મોટી ચીમનીવાળો આરડોબી બાંધીયોછ. એક દહાડો પકડાઇ ધરાઈ જશે; એને કહાએ કે તે પહેલાં જરા ભલાઈ કરી લે. "

"એ ઘણાજ નેક, ભલા, દયાળુ, બાદશાહી જીગરના માણસ છે, અને પપા, હું માંગી લઇને કહુંછ કે ખોદાને ખાતર તમે શેપરનો પીછો છોડો. એવાની પાસે એક પઇ નહતે તોબી એ ઘણા નેક હતે. "

ડોસો એક ગાંડાની માફક બરબર હસી પડીયો.

" એ કોણને સમજાવેછ, તું ? શેપર બેરૂચ પાસે એક પાઇબી નહતે તો તું એનો પડયો બોલ ઝીલી લેવા આ પ્રમાણે એની ખિદમતમાં એક પગે નાચવા ઉભો રહે કે ? એની પાસે એક પાઇ નહતે તો લીલી એની સાથે પરણવા તેયાર થતે કે ? તું અને હું બન્ને સારી રીતે જાણીએછ કે એ છોકરી, એના પૈસા ઉપર એની સાથે પરણી જવા તેયાર થઇછે. "

રોબર્ટે ગભરાટનો એક પુકાર મારીયો. ત્યાં ઉંબર

ઉપર શેપર બેરૂચને તેણે એકાએક આવીને ઉભેલો જોયો. કાંઈ મોટાં દુખના ઝટકાથી તેનું જીગર તુટી જતું હોય તેમ શેપરે પોતાના બન્ને હાથો છાતીએ મજબુત વળગાડી દીધા હતા અને તેનો અશો ચહેરો ફીકકો ફચ અને ગમ-ગ્વાર દેખાતો હતો.

" હું માફ માગુંછું; મારી મકસદ તમારી વાત-ચીત સાંભળવાની હતી નહી; હું એકાએક આવીને ઉભો. મી. મેકીનટાયર, તમારા સખુનો માનવા હું ના પાડુંછું. તમે કંઈ ઉદાસીપણામાં તમુને પોતાને ભૂલી જઈને આવું અઘટિત બોલના લાગોછ. તમારા અવિચારી શબ્દોથી હું મારૂં જીગર તુટવા દઈશ નહી. રોબર્ટમાં મેં એક સાચો મિત્ર મેળવ્યોછ; "લીલીબી મારી પોતાનીજ દરકાર કરેછ; એ બન્ને ઉપરનો મારો વિશ્વાસ તમે તોડી શકશો નહી. "

અને તે નમન કરી પેલા બાપ બેટા કાંઈ બોલે તે પુહેલાં ત્યાંથી પીઠ ફેરવી ચાલી ગયો.

" પપા, પપા, તમુને એ શું સુજ પડેછ ! " રોબર્ટ દુખથી કળ ખાઈને એક બેઠક ઉપર તુટી પડતાં બોલીયો. "શું તમેજ તમારાં ફરઝંદોનાં સુખનું સત્યાનાશ વાળવા બેઠાછ ? "

"હું હજુરથી એને ઠેકાણે લાવસ, તું જોજે તો ખરો," તે ડાસો, શેપરના જતા આકારની પાછળ હવામાં મુક્કી ઉગામનો બોલીયો. તેના ડાળા કાંઈ અજબ રીતે ચકચકતા હતા.

---

## પ્રકરણ સતરમું.

લીલી જ્યારે બરમીંગહેમથી પાછી ફરી ત્યારે તે સાંજરે શું બનીયું હતું તે રોબર્ટે કશું તેણીને જણાવીયું નહી. તેણી ખુશખુશાલ હતી અને પોતાની ખરીદીઓ અને જાતજાતની વરદીઆ બાબે ઉકમાઈથી ટાહેલાં કરીયા કરતી હતી અને શેપર કયારે આવશે તેની વાટ જોતી હતી. જ્યારે છેક દસ વાગવા આવ્યા ત્યારે તેણી બેચેન બની.

"શું થયું હોસે કે હજુર શેપર નહી આયા !" તેણી બોલી. "અમારા અદરાવા પછીનો આ પહેલોજ દહાડો છે કે જ્યારે મને એ મળવા આવ્યા નથી!"

રોબર્ટની છાતીમાં ધસકો પડીયો, પણ ઉઠીને બહાર બારીમાંથી જોતાં તેણે કહયું: "વરસાદ પડેછે અને ઠંડીબી કેટલી બધી છે, તેથી આજે તો નહી આવસે એમ લાગેછે."

" બીચારો હૅકટર તો વરસાદ, બરફ, તુફાન ગમે તે હોય તોબી હરરોજ આવતો હતો, પણ અલબત તે તો બહાદુર સેલર બચ્ચોબી ખરો કેની ?" તેણી બોલી. " આ તો પોચા આદમી છે; પણ એ બીમાર તો નહી પડીયા હોય ? રોજ રાતે નવ વાગતાં આવ્યા વગર રહેતા નથી અને આજે એમ કેમ ! "

"નહી, સીક તો નહીજ હોય, આજે અડધો દહાડો મેં એવણુની સાથેજ કાઢીયો હતો અને સાંજે પાંચ વાગતાં પછી અમે છુટા પડીયા ત્યારે એ તદન સારીકાની હતા. " રોબર્ટ બોલીયો, પણ અલબત કલાકેક ઉપર શેપર આવી ગયો હતો તે કહેવાનું તેણે અખાડાજ કર્યું.

બહાર વરસાદે હવે પોતાનું પુરૂં જોર બતાવવા માંડીયું હતું, એટલે તેના ધમધમાટથી મકાન અંદર કુદરતી રીતે વાત કરનારાંઓમાં ચુપકીદી ફેલાઈ. બુઢો મેકીનટાયર આ બધો વખત સગડી આગળ ફફડાટમાં બેસી રહયો હતો. લીલીની બધી બરીદીની રસીલી વાતો સાંભળી તેનાં ભવાંનો ચીલો વધતો ચઢીયો જતો હતો અને તેની આંખોમાં અદેખાઈ અને ક્રોધના ચમકારા જણાતા.

રાબેતા મુજબ તે આજે 'થ્રી પીજન્સ'ની મુલાકાતે ગયો હતો, નહી, પણ ગુપચુપ તે પોતાનાં ફરઝંદોને

પડતાં મુકી પોતાના ઓરડામાં ચાલી ગયો. આજે તેને એમ ફફડાટમાં વહેલો સુવા ચાલી જતાં જોઇ લીલીએ ધારીયું કે તેણીની બધી ખરીદીઓ સાંભળી બુઢો બાપ છેડાયો હતો, અને દેખવુંબી નહી અને દાઝવુંબી નહી, એ નિયમે ચાલવા તે ત્યાંથી ઉઠી ગયો હતો; પરંતુ તેણી બરમીંગહેમ ગઈ તે વખતે ઘર આગળ શું બનવા પામીયું હતું તેનો ખ્યાલ વટીક તેણીને આવ્યો નહી, તેમ તેણીના ભાઇએ તેણીને કશું જાણવા પણ દીધું નહી.

તેણીએ હવે પોતાનાં ભવિષ્યની ખુશબખ્તિભરી ગોઠવણો કહેવા માંડી. જયારે તેણી મહાલની શેઠાણી થશે ત્યારે કેવી મોટાઇ ભોગવસે તેજ બધા પ્લાનો જાણવા; જયારે શેપરની ગેરહાજરી હોય, ત્યારે તેણી પરગજુ કામનો એક શબ્દ વટીક કાઢતી નહી, ત્યારે તો મહાલની શેઠાણી દાખલ તેણી કેવો તોર વાપરનારી હતી અને કેટલી જાહોજલાલી ભોગવનારી હતી તે ઉપરજ વાતો ચલાવતી. રોબર્ટ અજબ થતો કે જે ધર્મિષ્ઠ પુરૂષ, સત્યયુગની સ્થાપનામાં રાતોદીન મશગુલ રહેતો તેની આ હવે પછીની મોહરદાર આઠ ઘોડાની ગાડીઓ, પ્રીનસેસના જેવા ઉમદા લેબાસો, રાજા બાદશાહની આગતાસ્વાગતા કરવાની પાર્ટીઓ અને ડીનરો, અને આખી દુનીયાની મુસાફરી, એવા વૈભવો સિવાય બીજું કશું વિચારી શકતી નહી. ગરીબોને

સહાય થવું કે પરમાર્થનાં કામો કરવાં કે સખાવતામાં નાણાં કાઢી આપવાં એ તો જાણે હવા ઉપર અધ્ધર ! તે તો ફક્ત શેપરની હાજરી વખતેજ લીલીએ બોલવાનું રાખીયું હતું એમ જણાતું.

" મને લાલ ઘોડાઓ ઘણાજ ગમેછ, સુફેદબી ઘણા રૂપાળા લાગેછ, પણ લાલનો દમામજ ઓર રહેછ. તેજી, તુફાની, ધમધમ દોડનારા, લાલ આઠ ઘોડા જોડેલી પાલખી જેવી પાદશાહી લૅનડોમાં ફરવાનું કેવું દબદબા ભરીયું લાગશે—?"

" પણ બેન, તું ભૂલી જાએછ કે આપણે તો પ્રજાજન છીયે, આપણને કાંઇ આઠ ઘોડાની ગાડીમાં ફરવાનો હક મળે નહી, તે તો બાદશાહી કુટુંબનાં લોકોજ કરી શકે. " રોબર્ટે કહયું.

" હું શેપરને કહેવાની છેઉં કે લંડનમાંબી આવુંજ એક સુંદર મકાન બાંધે, હમણાં તો હું કાંઈ એવું એવણને કહેતીજ નથી, કારણ હમણાં સુધી એ એકલા તથા કુંવારા છે, એટલે નાહક બધાંને પૈસા કાઢી આપવાનુંજ જાણેછ; પણ પરણવા પછીથી હું એવણને મારા ટેસ્ટને લાયકના સુધારસ. નકામું ટેમ્પીલ્ડનાં ગામડાંમાં આવું બાદશાહી મકાન ઉઠાવીયું ! પણ જયારે હું લંડનમાં

આવું બંધાવસ ત્યારે ખુદ મહારાણીજી મારા નસીબાની અદે-ખાઈ કરસે. વળી એવણે કાંઈ અત્યાર સુધીમાં હદપારનું પબલીક્નું ભલું કીધુંછ અને તેના બદલામાં એવણને પીયરેજ મળવીજ જોઈએ, અને પછી, રોબર્ટ, તારી બેન ઉમરાવઝાદી કહેવાસે. શું ધાર્યું ? ” તેણીએ હવામાં અધ્ધર ડોક ફફડાવી.

“ પપાને પેનશન ઝાંસીને કેથે ગામડે રાખવા પડશે,” તે બેરહેમ છોકરીએ ચલાવીયું. “ સાફ કહેવું પડશે કે અમારે ત્યાં પગ્ગી નહી મુકે; લોકો એવણની ખરાબ આદતો જાણે તો મને અને મારા અણજોપતિ ધણીને કેવું ખરાબ લાગે ? હવે, બોબ, તારે માંટે શું કરવું તેનો હું હમેશાં વિચાર કરૂંછ; જો પૈસાથી બની શકતું હશે તો તુને રોયલ એકેડેમીનો પ્રેસીડંટ બનાવશું. ”

છેક મોડું થયું ત્યારે તેણી પોતાના હવાઈ કિલ્લા ઉઠાવતી પરવારી અને તેઓ સુવા જવા માટે છુટાં પડીયાં. પરંતુ રોબર્ટનું મગજ એટલું તો બેબાખરૂં થયું હતું કે તે બીલકુલ ઉંઘી શકીયો નહી. તે એક દિવસમાં શું શું બનીયું હતું તે બધું એક મજબુત મનના મર્દ માટે પણ પુષ્કળ થઇ પડે, તો, રોબર્ટ જેવા પોચી ખાસીયતના જવાનનો શું આશરો ! લેબોરેટરીમાં જોએલો અજબ જેવો મર્મ, અણહદ દોલતનો પુરાવો, પોતે તેનો વારસ,

અને સત્યયુગની સ્થાપના, એ બધા ખુશ ખ્યાલો પછીથી તેના પિતાના કડવા ઝેરી સખુનો અને શેપરનું અચબુચ આવવું, તેનો ગમખ્વાર જવાબ, એ સઘળું તેની યાદદાસ્તમાં ચાલુ આવ્યા કર્યું, અને તેને સહેજબી ઉંઘ આવી નહી. તેણે ઘણુંબી ફાંફાં મારીયાં, કાંઈ હજનો વખત કોર ફેરવી, પણ તે જાતજાતના વિચારોના ધસારા તેનાં મગજ ઉપરથી કેમે કરીને હઠીયા નહી.

તેણે ઘડીયાલ કાઢીને જોયું તો ત્રણ વાગવા આવ્યા હતા. અંતે તે ઉઠીને બેઠો અને નીચે ખાણાંના ઓરડા-માંથી થોડો બ્રાન્ડી પીવાનો મનસુબો કર્યો કે કાંઇ નહી તો તે તેનાથી જરા સુઇ શકે.

તેણે પોતાનો દરવાજો ખોલીયો, પણ તેજ વખતે તેના કાન ઉપર દાદર ઉપર પડતાં ધીમાં ચોરીછુપીનાં પગલાંનો અવાજ પડયો. બારણું ખુલ્લું હોવાથી દીવાનો સહેજ ઉજાસ બહાર આવતો હતો તેનાથી રોબર્ટે જોયું કે એક લાંબો પાતળો આકાર, કાળા પહેરવેષમાં સજ થએલો, ધીરેથી દાદર ઉતરતો હતો. તે સ્થંભ થઇને ઉભોજ રહી ગયો. હવે તે પગલાં નીચેના હૉલમાં ગયાં અને સાવચેતીથી બારણાંની કળમાં કુંચી ફરવાનો અવાજ આવ્યો. ઉપર સુધી એક મજબુત પવનનો ઝપાટો ઉઠી

"એવણ શું શેપર બેરૂચ પાસે તેના પૈસાનો હીસાબ લેવા ગયા હશે!" તેણે પોતાનાં મનસે વમાસીયું. "એવણ રોજ એ વાતની ધમકી આપીયા કરતા હતા, પણ તેમ હોય તો સાથે અસતરો રાખવાનું શું કારણ!" તે દોડીયો; ચીકણા રસતાને લીધે તે પ્રીસલી પડતાં બે ચાર વાર જેમ તેમ બચી ગયો; અંતે મહાલના અહારના દરવાજા આગળ તે આવી પુગીયો.

ખોદાની મહેર! ત્યાં તો તમામ શાન્તી જણાતી હતી. તે ત્યાં થોડો વખત દમ ખેંચવા ઉભો રહયો. કશો અણસારો જણાતો નહતો, પણ ત્યારે શું તેનો પિતા ત્યાં નહી આવ્યો હોય! પણ તે કોઈબી બારીને રસતે તો દાખલ થાએજ નહી, કારણ શેપરે પોતાના બચાવનાં કેવાં છટકાં માંડેલાં હતાં તે તેણે તેઓ આગળ કહયું હતું; પણ તેમ તેજ ઘડીએ લેબોરેટરી માંહેલી ત્રણ બારીઓમાંની વચલી બારીનો રસતો સલામત હતો એમ શેપર પોતાની ભોળાઈમાં બોલી પડયો હતો, તે તેને યાદ આવ્યું, અને જયારે તેને તે યાદ રહયું હતું, ત્યારે તેનો બાપ તો તે ભૂલ્યો નહીજ હોય.

આ વખતે વાદળાંઓએ ખસી ચંદ્રમાને બ્હાર દેખાવ દેવાની તક આપી. રોબર્ટ હવે તરતજ લેબોરેટરીની બાજુએ ઝોક લઈને ગયો. બેશક તેની ફકર ખરી હતી. પેલીજ

વચલી બારીની બેર ઉપર એક પાતળો આકાર ચઢવાની તજવીજ કરતો હતો અને હજુરતો રોબર્ટ દૂરથી તે જોએ તેટલાં તો તે આકાર ઓરડા અંદર ઉતરીબી ગયો. માંહે જઈ હિમ્મતથી વીજળીની બત્તી સળગાવી અને અંધારાંમાં ઉભેલા રોબર્ટે કપાળ કુટીને જોયું કે તેનો નબળાં મગજનો બાપ ફતેહથી ખુશ થતો ત્યાંની ટેબલ આગળ બેસી પડી, ગઈ કાલે બનાવેલાં સોનાની લગડીઓ જે હજુર ત્યાંની ટેબલ ઉપરજ પડી હતી તેને બે હાથો પોહળા કરી પોતાની છાતીએ દાબતો હતો. તે દયાળુ બેટાનું જીગર જાણે કપાઈ ગયું; તે દેખાવથી તે ફીક્કો ફચ મારી ગયો. શું કરવું તે માટે તે હજુર અચોકસ હતો, તેટલાં તેનાં મુખમાંથી એક અજાએબીની ચીસ બહાર પડી જે અલબત પવનના સુસવાટામાં કોઈને સંભળાવી મુશકેલ હતી.

શેપર બેરૂચ તે ઓરડાને એક ખુણે આવીને ઉભેલો જણાયો. તે ત્યાં એકાએક કયાંથી આવીને ઉભો તે રોબર્ટ સમજી શકીયો નહી, પણ એટલી તો તેની ખાતરી હતી કે તે પહેલાં ત્યાં નહતો. તે ચુપ ઉભો હતો, તેના હાથોની તેણે અદબ વાળી હતી, અને તેના હોઠ ઉપર કડવું હસવું હતું. બુઢા મેકીનટાયરેબી શેપરને છેક તેજ ઘડીએ જોયો, અને તે બહસખુનો બોલી પડયો અને પેલા

અઝાનાને વધતા પ્યારથી વળગી રહી, શેપર તરફ ધિક્કારથી જોયા કર્યું.

" આખર આવો અંજામ આવ્યો ! " શેપર અંતે બોલીયો અને તેણે એક પગલું આગળ ભર્યું. " મારાં મકાનમાં એક ચોરની માફક દાખલ થવા જેટલી મૂર્ખાઇમાં તમે ઉતરી ગયા ! તમે જાણતા હતા કે આ એક બારીને કશો પહેરો નહતો, મેં પોતે તમોને કહયું હતું તે મને યાદ છે, મગર જો કોઇ પીંઢારા ઉતરી પડે તો તેમાંથીબી મારો બચાવ કેમ કરવો તે મેં તમોને કહયું હતું નહી. પણ તમે અહિં આવાં કામ માટે આવો ! તમે !" તે ઘણાંજ દુખથી બોલીયો,

બુઢા મેકીનટાયરે કાંઇ પોતાનો બચાવ કર્યો નહી. તે પેલાં સોનાને છાતીએ દાબીને ગુંગળાતા અવાજે બોલીયો: " મારૂં, બધું મારૂં. "

" હું તમારી બેટીને મારાં અંતકરણથી આલે ગણું છ, " શેપરે ચલાવીયું. " અને તેણીને ખાતર હું તમુને જાહેર કરીશ નહી. તમારી નામોશી હું બધાંથી છુપી રાખીશ. આજ રાતનો બનાવ કોઇ ત્રીજું આસામી કદી જાણનાર નથી; પણ જેવા આવ્યાછ તેવાજ તમે અહિંથી ચાલી જાવો, હું વધારે કાંઇબી તમોને કહેવા માંગતો નથી."

તેણે નજદિક જઈ તે બુઢાને સોનાંથી છુટા કરવાને તજવીજ કરી, પણ તેટલાં તો પોતાના ડગલાનાં ગજવામાં હાથ નાખી એક ચળકતી વસ્તુ બ્હાર ખેંચી કાઢી ભયંકર જંગલી બરાડ સાથ તે ડોસો, એક વિકાળ હયવાન માફક, પેલા પરાધીપતિને તોટે વળગી પડીયો. તેના હાડકાવાળા સખત હાથો, ગરીબ શેપરની પાતળી ગરદન આસપાસ એટલી મજબુતીથી વીંટાઇ ગયા કે એ પળ તે જવાન દમ પણ ખેંચવાને અશકત બની ગયો. તેટલાં તે ઝનુન ઉપર ચડેલા ડોસાએ પેલો અસતરો તેનાં મસ્તક ઉપર મારવા જોરથી ઉંચકયો, પણ સારે નસીબે ત્યાં બાંધેલા એક તાર સાથ અફળાઇને તે હથિયાર છટકીને સામે ઉછળી પડીયું. હવે તે જીવ ઉપર આવેલા બુઢાએ શેપરને બાચકાં ભરવાની તજવીજ કરી પણ તેટલાં તો રોબર્ટ, જેણે આ જુંબેસ જોતાંની સાથે બારીની અંદર કુદાવીયું હતું તેણે પાછળથી પોતાના બાપને ઘસડીને બાજુ કીધો, અને તેનું અફાડજીક કરતું બદન મજબુતીથી એક ખુરસીમાં દાબી દીધું.

બેરૂચ ટેમ્પલને અડેલી મુશકેલીએ દમ ખેંચતો હતો. તેની છાતીમાં જબરૂં દુખ થતું હોય તેમ તેણે પોતાના બન્ને હાથો જીગર ઉપર દાબી દીધા હતા.

" તું અહિં રોબર્ટ ? આ કેવું ભયંકર બનીયુંછે, નહી વારૂં ? પણ તું અહિં કેમ આવવા પામીયો ? "

" હું એવણુની પુઠેજ આવ્યો. મેં એવણુને જતા જોયા. "

" એવણુ મને લુટવાને મનસુબે અહિં આવ્યા હતા અને—અને—મારૂં ખુનબી કરતે. "

" મી. બેરૂચ, મારા ગરીબ પિતા બી ચોસ દીવાના થઈ ગયાછે, " રોબર્ટ ગમખ્વારીથી બોલીયો. તેનો અતિ ખેદનો અવાજ સાંભળી શેપરનું દિલ નરમ પડી ગયું.

" હું તો પહેલાંથીજ જાણુતો હતો કે એવણુનું મગજ નબળું પડતું જતું હતું; તુને મેં ઘણી વાર ચેતવણી આપી હતી. મારી ગરીબ લીલી, એણે આ બનાવ જાણવો નહી જોઈએ. રોબર્ટ, આજ રાતની હકિકત કદીબી એ મારી ગુલછડી જેવી પવિત્ર દિલની વહાલીને કેહતો ના."

" પણ હવે આપણે કરવું કેમ ? " રોબર્ટે પુછીયું.

તેઓ બન્નેએ જોઇ લીધું કે ચાલુ પૈસાની તંગીના હાય સોસારા અને સોનાની ભુખથી તે ડોસાની આગરી અસતી જતી હતી, તેમાં આજે, હાથે આવેલું ધન પાછું ખુચવાઈ જવાથી તે કમનસીબ બાપડો અચબુચ સરીયામ દીવાનો બની ગયો હતો, હજુરબી તે ખુરસી ઉપર બેઠો બેઠો.

પગો હલાવી અને હાથો અફાળી 'મારૂં, બધું મારૂં' કરતો હતો, જે દેખાવ પેલા બન્ને જવાનોનાં દિલને પાણી પાણી કરી નાખે એવો કરૂણાજનક હતો.

"આજ રાત્રિએ એવણને મારાં મકાનના એક ઓરડામાંજ રહેવા દઇએ, રોબર્ટ, અને સવારના ડૉકટરને બોલાવશું. ચાલ, આપણે સમજાવીને એવણને લઇ જઇએ."

શેપરે નજદિક જઈ પટાવીને ડોસાજીનો હાથ ઝાલીયો, પણ શરીરમાંનું તમામ લોહી બંધાઇ જાએ તેવી ચીચીયારી પાડી ડોસાએ હાથ છટકાવી નાખ્યો.

"તું એકલોજ એવણને સમજાવીને લઇ જરો ત્ય રે," શેપરે કહયું.

મગર બુઢા મેકીનટાયરને સોનાં આગળથી ખસવા નહી ગમતું હોય તેમ તેણે ઉઠવા સાફ ના પાડી અને તેઓ બન્ને તરફ કરડવા માટે ધસવા માંડયું.

અંતે શેપરને સારૂં સુજ પડયું. તેણે ટેબલ ઉપરથી એક સોનાની લગડી ઉઠાવી મેકીનટાયરના ખોળામાં મુકી કે ઝટ તેની જાદુઈ અસર થઇ. લાલચથી ગાન્ડા બનેલા તે બુઢાના ચહેરા ઉપર સુખી નિર્દોષ બાળક જેવું હસવું પથરાયું, અને રોબર્ટ તથા શેપરની વચ્ચે, પેલી સોનાની લગડી છાતીએ દાબી, તેને જયાં લઇ જવામાં આવે ત્યાં ચાલવા માંડયું.

આ વખતે તે બન્ને જવાનોની આંખોમાંથી આંસુની ધારા વહેતી હતી.

---

## પ્રકરણ અઢારમું.

નાસ્તાની ટેબલ ઉપર સવારે જ્યારે લીલીએ રોબર્ટને મોંઢે જાણીયું કે તેના પિતાનું મગજ એકેદમ ખસી ગયું હતું અને તેટલા માટે તેને ડૉકટરોને હવાલે લંડન મોકલવામાં આવ્યો હતો, ત્યારે લીલી કાંઈ ઘણી દલગીર થએલી લાગી નહી. એક રીતે તેણીએ છુટકારાનો દમ ખેંચ્યો કે તે લોભાનું વિઘ્ન વચ્ચેથી સદામાટેનું ગયું. રોબર્ટની આંખો, આખી રાતના ઉજાગરાથી અને પોતાના મુરબ્બી પિતાની કમનસીબીથી દુખ પામી રડેલો હોવાથી, સુઝીને લાલ થઇ આવી હતી; અવાજ દુર્બળ થઇ ગયો હતો; પણ લીલીને આજે વધારે ભુખ છુટેલી હતી, અને બેકન, ઇંડાં, માખણ, પાંઉ, જામ અને તે સાથે મઘમઘતાં કૉફીનાં પ્યાલાં તેણીએ રોજ માફકજ બેફીકર પુરાં કરવા માંડીયાં.

"હું તો તુને હમેશાં કહેતી હતી, બોબ, કે પપાનું ખસીયું જતું હતું, અને મને તો જરાબી અજાએબી નથી લાગતી. એટલું કહેની કે મારા ધણીના પૈસાના પ્રતાપે એઓને તુરતાતુરત ડૉકટરોની મદદ મલીછ."

આ રૂપાળી નાગણુ કેવી લાગણી વગરની હતી ! બન્ને ભાઇ બહેનમાં કેટલો આકાશ પાતાળ જેટલો તફાવત! રોબર્ટને ખાવાનું સુજતું નહતું, તેવી વખતે, લીલીએ પોતે જે મોટાઇ અને દમામ ભોગવનારી હતી તેનું પોતાનું ટાહેલું ચલાવવા માંડીયું.

પણ અહિં આ લોભી ઓરતને પોતાની મનમોજી આપમતલબી બકવા કરતી છોડી, આપણે આપણા નેકદિલ પરાધીપતિ તરફ ફરીએ. ગઈ રાતના બનાવથી તે અતિશય બેચેન બની ગયો હતો. તેનેલાગતુ કે તેનાં જીગરની ઉંડાણમાં કાતેલ જખમ થયો હતો; તેને ઘણી વાર ફકર થતી કે તેના પૈસાથી લોકોનું કલ્યાણ થવાને બદલે નુકશાન થતું હતું; અને આ જયારે તેની નજર સામે જીવતો જાગતો દાખલો આવીને ઉભો કે તેના પૈસાથી એક આબરૂદાર બુઝર્ગ માત્ર લુટારાની હિણુપસ્તીમાંજ ગબડીને થોભ્યો નહી, પરંતુ સાફ દિવાનો વટીક બની ગયો, ત્યારે તેણે પોતાની લાગણી શાંત કરવાને ઘણીએ તજવીજ કરી મગર તેનું મગજ શાન્તી પામ્યું નહી. તે બધા આગલા દિવસોના વિચારો કરતો. શરૂઆતમાં તે બુઢા મેકીનટાયરને મળ્યો ત્યારે તે મૂર્ખ બકવા કરનારો અને ધંધોધાપો પાછો સ્થાપવા માટેનો ખખારો લઈને ફરનો, કોઈને નુકશાન નહી પુગાડે તેવો એક ડોસો હતો, અને જયારથી

તેણે આ બધા તેના અખૂટ ખજાનાની વાત જાણી, ત્યારથી તે લાલચુ, અસંતોષી, આંખોમાં વિચિત્ર વિકાળ ચળકાટ ભરેલો, થતો ગયો. સોનાં માટેની તેની ભુખ તેણે શેપર આગળ પણ ઘણી વાર આડકતરી રીતે કહી સંભળાવી હતી, અને છેવટ ગઇ કાલે એક મોટી રકમ ઉછીની માંગવા જેટલી નામોશીમાં પણ તે ઉતર્યો હતો. જ્યાં તે પોતાની દોલતથી આશીર્વાદ પાંથરવાને સર્વેથી વધારે ખંતીલો હતો, ત્યાંજ અફસોસ કે દુખભરેલા શ્રાપ ઉતરીયા હતા!

તેણે એક મોટી હાય ભરી.

બપોરના મી. સ્પરલીંગ વીકર તેને મળવા આવ્યા. લોકોને મોંઢે અફવા સાંભળી તે તરત શેપર બેરૂચ આગળ આવ્યા હતા. તે બુઝર્ગ ભલા પાદરીને જોઇ આપણા ચરાધિપતિને ઘણી રાહત મળી.

“ છટ, છટ, છટ ! ” સ્પરલીંગે કહયું. “ ઘણુંજ ખોટું થયું, ઘણુંજ ખોટું; મગજ સદંતર ખસી ગયુંછે એમ તમે કહોછ અને તેબી વળી કોઇબી દહાડે પાછું ઠેકાણે નહી આવે તેટલી હદે ! મારા ખોદા ! એનાં છોકરાંઓને કેટલો બધો બળાપો થતો હશે; મને અઠવાડીઆંઓ થયાં એવો કાંઇ વહેમ મેકીનટાયર માટે પડતો હતોજ. કાંઇ મગજ ઉપર કેવોએક બોજો હોય તેવા તે લાગતા હતા, અને, રોબર્ટ મેકીનટાયર કેમ છે ? ”

" એ તો તંદન સારીપેઠે છે. આજે સવારે એ મારી સાથે હતે., " શેપરે કહ્યું.

" આહ ! તમે માનો ના માનો, મને એ જવાન આંખી ઘણો ફેરફાર થએલો લાગે છે. મને માફ કરશો, મી. બેરૂચ, તો હું થોડાક ગંભીર સખુનો તમને કહેવા આગું છું. એક વીકર દાખલ મને મારાં ગામમાં રહેનારાને સલાહ આપવાની ફરજ છે એમ માનીને તે સત્તાનો હું ઉપયોગ કરતો નથી, પણ હું સાઠ વરસ ઓળંગી ગયો છું અને તમારા બાપ જેવો કહેવાઉં, તેથી હું બોલું છું તે મને માફ કરજો. તમે ઘણા માતબર છેઓ અને બેશક તમે તમારી દોલત ઘણુંજ ઉમરાવ દિલથી અને દયાળુ જીગરથી લોકોનાં ભલાં માટે વાપરો છો. હા, સાહેબ, હું અતિશયોક્તિ વગર કહું છ કે એક કરોડ આસામીમાં એકળી તમારા જેવો સખાવતી અને નેકદિલ મળવો મુશકેલ છે; પણ શું તમોને કોઇ વાર એમ લાગીયું નથી તેનો ખોટો ઉપયોગ થાએછે? "

" મને કોઈ વાર એવી ફકર થાએછે ખરી, " તે શ્રીમા શોકાતુર અવાજે બોલીયો.

" આપણે બુઢા મેકીનટાયરની વાત પડતી મુકીએ; આવી તેની કમનસીબ હાલત વખતે તેના ઉપર સખત થવું એ મનુષ્યપણું નથી, પણ રોબર્ટનો વિચાર કરો.

પહેલાં તે પોતાનાં કામમાં કેટલી બધી ઉલટ લેતો હતો-આર્ટ તેજ તેનો મિત્ર, તેજ તેની મોજમજાઓ, અને તેજ તેની ભુખ હતી. જો તમો એને કોઇ પણ જગ્યાએ મળો તો પહેલા સખુનો તમે તેના તરફથી સાંભળો તો તે તેનાં પીકચરો માટેજ હોવા જોઇએ! કેવો આગળ વધવાને ઉલટમંદ, પોતાનાં ખભાંની મુસ્તાકીવાળો અને મનમોજી ખ્યાલનો એ જવાન હતો! હવે જુવો તો એ કશુંજ કરતો નથી! હુ ખાતરીથી તમુને કહી શકુંછ કે આ છેલ્લા બે મહિના થયા તેણે રંગની પીંછી વટીક પોતાના હાથમાં ધરી નથી. એક ઉદ્યોગી ખંતીલા જવાન ઉપરથી તે અચાસુ પરવારતો બની ગયોછે. તમારી આગળ ખુલ્લા શબ્દોમાં બોલવા માટે મને માફ કરજો, મી. બેરૂચ, પણ એ બધા તમારા પૈસાના ખેલ જાણવા. "

શેપર બેરૂચ હવે કશું બોલ્યો નહી; તેનો ચહેરો ફીકકો ફચ અને આંખો ગમખ્વાર જણાતી; તેને છાતીમાં કાંઇ એકાએક ચસક મારી આવી હોય તેમ તેણે પોતાના બન્ને હાથો જીગર ઉપર દાબી દીધા હતા.

" હવે મને થોડુંક ટેમરીલ્ડના ગામડીયાઓ માટે કહેવુંછે, " વીકરે આગળ ચલાવ્યું. " તમારી માયા મહેરબાની જોઇએ તે કરતાં જયાદા તેઓ ઉપર રેહાતી રહીછ, અને ત્યારથી તે લોકો ખભાંની મુસ્તાકી, હાડકાંની

રમત, પ્રમાણિક મહેનત, એ બધું ભૂલતા જાએછે. આ બુઢા બ્રુકસટનનો દાખલો જુવો. આટલી ઉમરે પણ એ આખો દહાડો મહેનત કરતો હતો અને બીજા જુવાનીયાઓને એક ઘડા સમાન હતો. તેના તબેલાનું છાપરૂં તે દહાડે તુફાનમાં ઉડી ગયું તો પહેલાંની માફક સીઢી ચઢીને જાતેજ ગોઠવી દેવાની તજવીજ કર્યા વગર તેણે ઘેર બેઠાંને મને ચીઠી લખી કે મી. બેરૂચના સખાવતી પૈસા-માંથી નવું છાપરૂં કરાવી આપો ! પેલો ટોમ સ્મીથ, જે હું કબુલ કરૂંછું કે હમેશાંનો નિર્ધન હતો, એટલે મદદને લાયક કહેવાય, પણ પહેલાં તે કાંઈબી મજુરી કરીને પોતાનાં અડધી ડજન પોરીયાંઓને બુક બાચકો બી લાવીને ખવાડતો હતો. હવે પારકે પૈસે તેને હરામખોરી સુજેછ અને બાકીનો વખત તે પીઠાંમાં પુરો કરેછે. કોઇ લોકો તેને શીખામણ આપેછે તો નફટાઇથી કહેછે હાડકાં કસવાના તેના દહાડા હવે ગયા ! એનાથી બીજાં-ઓને ખોટા દાખલા બેસેછે. એનીજ માફક લોકો કામ કરવાનું પડતું મુકી એકમેકની તારીમારી અને નિંદામાં વખત ગાળેછ. જે લોકોને તમારા પૈસાની મદદ મળી નથી તેઓ હવે અસંતોષી થતાં જાએછે. તેઓ પુરતું કમાઇને ખાતાં હતાં અને આબરૂ દરકારથી સુખી હતાં, તેઓ હવે સમજેછ કે શામાટે તમારી સખાવતનો ઝરો

તેઓ ઉપર પણ રેહાય નહી અને વધતું સુખ અને તમામ સગવડ તેઓ ભોગવે નહી. આ વિચારથી તેઓ આસતોષી બની ગયાંછે અને મને જોઈને થોભડાં ચડાવેછ કે. કોઈ કોઈ વખત તો દેવળમાં આવવાનુંબી અખાડા કરેછ; તે લોકો એમ સમજેછ કે હું ભલામણ કરૂં તો તેઓ માટેબી તમે દોલત કાઢી આપો; પણ તેવાંઓ મદદને લાયક નથી. જેઓ પોતે પોતાને મદદ કરી શકે એમ હોય તેઓને આઇતી મદદ કરવામાં પુણ્ય કે દાને-શમંદી નથી. ખરેખર, મામલો એટલો બગડી ગયોછ કે મને લાગીયું કે હવે તમારૂં ધ્યાન ખેંચેલું સારૂં. મને તો આ એ બપો નવો અનુભવ મલીયોછે. મારાં ગામમાં આવી વસનારા કોઇ પાંચ પૈસે સુખી આદમીઓને હું ઘણી વાર ઠપકો આપતો હતો કે તેઓ ગરીબ લોકને સહાય થતા હતા નહી એ શરમભર્યું હતું. પણ આ તો આબાએબી ભરેલું છે, સાહેબ, કે મારે તમુને કહેવું પડેછે કે તમે ઘણુંજ વધારે સખાવતી છેઓ, ઘણુંજ વધારે."

"તમારૂં ઘણું હેશાન માનું છું, મી. સ્પરલીંગ, તમે મને એ બધું જણાવ્યું તેથી," અતિ ઘણા દબાએલા અવાજે શેપરે કહયું. "હું એ ઉપર લાંબો દરીયાફત કરી જોઈશ-"

મી. સ્પરલીંગ આપણા પરાપોપતિનો હાથ મારા અને માનથી દબાવી વિદાય થયા કે ગરીબ શેપર પોતાના

ઓરડામાં જઈ પલંગ ઉપર ઉંધે મસ્તક પટકાઈ પડી, વેદના ભરેલાં ડુસકાંઓથી પુષ્કળ રડીયો. આખાં જીવનમાં તો શું પણ કુલ પૃથ્વી ઉપરનો આ સર્વેથી ધન-વાન નર તે પળે સર્વ કોઇથી વધારે દુખી હતો. આ મોટી અણુહદ સન્તાનો તે કેવી રીતે ત્યારે હવે ઉપયોગ કરે ! જયાંબી તે આશીર્વાદ પાંથરવા માંગતો ત્યાં આપ ઉતરતા ! તેના હેતુઓ કેટલા ઉદાર, કેટલા ભલા હતા, અને તેનાં પરિણામો કેવાં બુરાં આવતાં ! કેટલી દૂરઅંદેશીથી, વ્યાજબી થઇ પડે તેવી સખાવતો તેણે ટેમફીલ્ડનાં ગામડાંમાં કરી હતી, તે છતાં તે આખાં ન્હાનાં ગામડાંમાં જાણે ઝેરી બીજ વવાયાં હોય તેવાં તેનાં પરિણામો આવ્યાં હતાં ! અને જયારે આવી ન્હાની શરૂ-આતનો આવો છેડો આવ્યો હતો, ત્યારે કુલ ધરતીનાં મનુષ્યોને સુખી કરવાની તેની જે ગંજાવર યોજનાઓ હતી, તે બધી અમલમાં આવતાં શું થશે ! આવીજ રીતે સત્યયુગનો ફેલાવો થઈ શકે કે ? એક ઠંડું લખલખું તેનાં તનબદનમાંથી પસાર થઈ ગયું. તે કાંઇ ભૂલ તો નહી કરતો હોય ! તેનાં વિશાળ વાંચન ઉપરથી અને આ અદ્ભુત આસામી અવાર નવાર જે Day Dreams જોવા પામતો હતો, તે ઉપરથી તે એટલું તો જાણતો હતો કે કળીયુગ ટળીને સત્યયુગ આવવા પહેલાં અઠંધી પોણી દુનીયા દુઃખ

થવી જોઇએ. ભયંકર લડાઇઓ, મહા બુરા જીવલેણ રોગો અને દુકાળની વિપત્તિ, એ ત્રણ કુદરતી પ્રાણઘાતક ફટકાઓથી કળીયુગના જમાનાને શીક્ષા થવી જોઇએ, અને ત્યાર પછી જ્યારે મનુષ્યજાત શયતાનના શાગીરદ થવાનું છોડી ગેબના ફટકાઓ આગળ પશ્ચાતાપમાં સર નમાવવા શીખશે, ત્યારે સત્યયુગ સ્થપાસે, એ બધું તે જાણતો હતો, અને તેથીજ આદમજાતને આ આવતી આફતમાંથી બચાવવા તે પોતાથી બનતું કરવાને મથ્યો હતો; પણ આજે તરેહવાર શંકાઓથી તેનું તનબદન ધ્રુજતું હતું. તે કાંઈ જબરી ભૂલ તો નહી કરતો હોય ! પણ ત્યારે તેમજ હોય તો ખુદાતાલા તેને આટલી અગુહદ દોલતથી નવાજે શું કામ ! તેનામાં સત્યયુગ સ્થાપવાના અને કળીયુગ દૂર કરવાના ખ્યાલો ઉભરે કેવી રીતે ! આવા પરસ્પર વિરોધી વિચારોથી તેનું બળવાન ભેજું હાલમાં એવું ઘેરાઇ ગયું કે તેને કશું સુજ પડયું નહી.

અંતે ઘણી વાર પછી તે શાન્ત થયો, એટલે તેણે ઉઠી પોતાનું તાવથી ધગધગી આવેલું મસ્તક ઠંડાં પાણીથી છાંટયું, તે કાંઈ કુદરતને સુધારવાનો ગર્વ નહી કરતો હતો; તે તો માત્ર આદમીજાતની ભૂલ સુધારવાનોજ પ્રયત્ન કરતો હતો. કારણ પૈસાની તંગીમાંથી મુક્ત થતાં, મનુષ્યને સુખ સંતોષ મળે તેવી તેની નેક યોજના હજુર

બી તેને પડતી મુકવા ગમ્યું નહી. એમ તો શું દુનીયામાં બધાંજ પૈસાથી લોભાએ તેવાં હોએછ કે ! ગીરચ વસ્તીના અંધ્યાર મકાનમાં અડધી ભુખે ખાતાં, અને ટાઢથી થરથરતાં હઝારો નિર્ધનોને ખોરાકી પોશાકી આપવી, આબરૂથી પોતાનું ગુજરાન કરવાને તેઓને સમર્થ કરવાં, અશકત, લૂલાં, પાંગળાંને, આ કઠોર થઈ પડેલી જીન્દગીમાં સુખ-સગવડની સહાયતા આપવી, એ બધું ખોદાપસંદ કામ હતું, અને થોડાએક અપવાદોને ખાતર તે સત્યયુગની યોજના પડતી મુકે એમાં તેને ડહાપણુ લાગ્યું નહી.

વળી તેને લીલીનો ખ્યાલ આવ્યો. કેવી બિન સ્વાર્થી, ભલી, નેકદિલની મધુરી છોકરી ! તેના જેવા પરધોપતિને ઓળખવા છતાં, તેની સાથે અડધાં લગનનાં સગપણમાં આવવા છતાં, કેવી પૈસાની જરાબી તુમાખી નહી રાખનારી ! કાંઇ દરેકનું મગજ પૈસાનાં જોરથી ફરી જતું નથી, અને જે ભલાં હોએછે તે ભલાંજ રહેછે. વહાલી લીલી ! ખચિત આવા દુખી વખતમાં તે ગીડી છોકરીની સોબત તેનાં બેચેન મગજને ઘણી રાહત આપશે. હમણાંજ તે જઈને તેણીને મળી આવે. તેણીનો દિલસોજ અવાજ સાંભળતાં તેનું બધું દુખ દફે થઈ જશે. અરે, તે એને પહેલાંથી કેમ નહી યાદ આવ્યું !

બહાર તુફાન સમી ગયું હતું અને ઠંડા પવનું

ચાલતો હતો. સુગંધી ફુલોની ખુશનુમા સુવાસ એંચતો તે એલમડીન તરફ જવા નિકળ્યો. રસ્તે તેણે ઠેક ઠેકાણે બંધાવેલાં સુંદર રમણીય ઝુંપડાંઓની હારની હાર જોઇ, અને તે સાથે ત્રણ મહિના પહેલાં ત્યાં કેવાં ગંદાં ભાગાં ભાસતાં જેવાં, જાનવરો પણ નહી રહેવા ખુશી હોએ તેવાં, ખંડેરો હતાં, તેની મનસે સરખામણી કરી, અને ખચિત દરિદ્રતાથી પીડા પામતાં આસામીઓ આવાં સગવડ ભરેલાં મકાનોથી વધતાં સંતોષી શું કામ નહી થઈ શકે તે ઉપર તે અજબ થયો. બીચારાં ગરીબ લોકોની મંજુર બીજી શું શું ગીરદેશીઓ હશે તે બહારનાં સુખી લોકો શું સમજે ! તેનું દયાળુ દિલ તે લોકોની તરફ તરતજ પાછું એંચાયું. તેઓને સત્યયુગમાં જન્મ પામીયાં હોય એવાં સુખ સગવડમાં રાખવા માટે શું કરવું જોઈએ ! એક વાર તે લીલીને પરણુસે પછી પોતાની બાનુની સાથે કોઇબી ઝુંપડાંમાં જઇને ઉભો રહી શકશે; ત્યાંની કોઈપણ બીઓની અગવડો અને હાંદેસાઓ સાંભળી શકશે, બાળ બચ્ચાંઓમાં ભેળાઇ શકશે, અને કેટલી વધતી મદદ કરવાનું તેનાથી બની શકશે ! જ્યાં સુધી ગરીબ લાચાર માણસો આગળ વધવાની ઉલટ વગરની જીન્દગી ગાળે, ત્યાંસુધી તો તેઓ સુખી થએલાં કહેવાએજ નહી, આવા બધા તેનાં મનના તરંગો હતા.

એલમડીનના સીટીંગ રૂમમાં લીલી એકલીજ હતી, રોબર્ટ પોતાના કમનસીબ બાપ માટે વધતી ગોઠવણું કરવા લંડન તરફ ગયો હતો. શેપરને આવતો જોઈ તેણી એક ન્હાનાં બાળક માફક કુદકો મારી આગળ દોડી.

" ઓ, શેપર, મેં ધાર્યું હતું કે તમે આવશો. બીચારા પપા માટે મારો જીવ બળી જાએછે. " તેણી નરમ ગમગીન બનાવેલા અવાજે બોલી.

" એમ ના બળાપો કર, મારી લીલી, " તે ઘણીજ નમ્રતાથી તેણીના હાથો પસવારતાં બોલીયો. " કદાચને પપાને હજુરણી ઘણું ગંભીર બનવા પામ્યું નહી હોય. "

"મને તો છેક સવારના નાસ્તાની ટેબલ ઉપર રોબર્ટે ખબર આપી ત્યારે જાણીયું, અને મારા વહાલા પપાને મેં જોયા વટીક નહી તે પહેલાં ડૉકટરો તેમણુને લઈ ગયા! રોબર્ટ કહેતો હતો કે પહેલાં પપાને તમે હૉલમાં રાખીયા પછી ડૉકટરને સ્વાધીન કર્યા. શેપર, તમારી કેવી મહેરબાની!" તેણીએ મીઠા અવાજે કહયું.

તે અબળા ઘણી ચતુર અને પાખંડી હતી; આજસુધી તેણી શેપરને એમજ પટાવી લેતી આવી હતી. હાલમાં તેણીએ પોતાના અઠરાએલાના ચહેરામાં કાંઈ મોટો ફેરફાર જોયો: તે ગંભીર તો સદાનો હતો મગર આજે તે હદબ્હાર શોકાતુર લાગતો હતો એટલે તેણી બોલી:

"મારાં દુખની કહાણી બાજુ રહેવા દેવો, પણ એમ કેમ, શેપર, તમે કાંઇ આજે ઘણા દીલગીર જેવા લાગોછ ?"

"હા, લીલી, તેમજ છે. આજે સવારે મી. સ્પરલીંગ મારે ત્યાં આવ્યા હતા અને તેવણ કાંઈ કલાકેક મારી સાથે વાતે બેઠા."

તે છોકરી સખ્ત ચોંકી અને ફીક્કી ફચ થઇ ગઇ. મી. સ્પરલીંગ, એટલે હેકટરના બાપ સાથે એક કલાકસુધી વાત! શું તેણે બધો ભેદ એને કહી દીધો હશે! પણ તે બનેજ કેમ? વીકરને સ્વપનેબી ખ્યાલ થઇ શકે નહી કે લીલી આ પરાધીપતિ સાથે અદરાએલી હતી; કારણ તેઓનું સગપણ ખાસ શેપરનીજ ખાહેશથી તદન છુપું રાખવામાં આવ્યું હતું,

"પછી ?" તેણીએ જેમ તેમ અવાજ સ્થિર કરીને પુછીયું.

"તેવણ કહેછ કે મારી સખાવતે ભલું કરતાં ખુરૂં વધારે કીધુંછે; હું જેના સમાગમમાં આવ્યોછ તેઓની ઉપર મારા પૈસાએ ખરાબ અસર કીધીછે; અલબત આવા ખુલ્લા શબ્દોમાં તેવણ બોલીયા નહી, પણ તેમનાં બોલવાનો અર્થ એવોજ થવા જાએછ."

"ઓહ, તેટલુંજ કે ?" એક મોટા છુટકારાના દમ સાથે લીલીએ કહયું. "મી. સ્પરલીંગ શું કહે કે બોલે તે તમારે આટલું મન ઉપર નહી લેવું જોઇએ. કેવું કહંગું ! બધાં તો જાણેછ કે તમારી મદદ આઇનની ઘડીએ મળી નહી હતે તો ગરીબો તો શું, પણ માતબર ઉમરાવોબી કોડી વગરના રસતે રઝળવા જેવી હાલતમાં આવી ગયા હતે, અને તે બધાંને બચાવી લેવાનો આ બદલો ? હું અજબ થાઉંછ કે મી. સ્પરલીંગ આવુ] મૂખાઇભરેલું કેમ બોલી શકીયા હશે!"

"રોબર્ટનાં પીકચરનું કામ કેમ ચાલેછ ?"

"ઓ, હાલમાં તો એ છોકરો છેકજ પરવારતો થઇ ગયોછ. અને કાંઇ મહિનાઓ થયા પોતાનાં કામને હાથબી નથી લગાડયો ! પણ તમે શું કામ તે પુછોછ ? વળી પાછું તમારાં ભવાં ઉપર ગમગીનીનું વાદળું ચઢેલું જણાએછ, એમ કાં વારૂ ?" તેણીએ મીઠાસથી પટામણે અવાજે કહયું.

"હું ધારૂંછ કે કાંઈ બધાંજ એક સરખાં હોતાં નથી" તે તેણી તરફ હેતથી જોતાં બોલીયો. "પણ એકજ એવું છે કે જેના ઉપર પૈસાએ જરાબી ખરાબ અસર કરી નથી. ડીયર, મારી ખાતરી છે કે તું એટલી ભલી, નિષ્કલંક અને માયાળુ છે કે હું એક સાધારણ કલાક હતે

તોણી તું મને ચાહતે, ખરૂં કેની લીલી ? ”

“હાજ તો. એ સવાલજ કેવો ? ”

“ એ કેવું અજબ જેવું છે, નહી વારૂં, કે જે એકજ અબળાને હું મારાં જાનો જીગરથી ચાહું છ અને જેનામાં હું મારૂં તમામ સુખ જોઉંછ, તેણીના ઉપરજ મારા પૈસાએ કશો બીગાડો કર્યો નથી ! વહાલી, એ માટે હું કેટલો નસીબદાર છું ? મને તો એમજ લાગેછ કે ખુદાતાલાની ઉત્પન્ન કરેલી મનુષ્યજાત ઉપરથી સદંતર મારો વિશ્વાસ નહી ઉઠી જવા માટે તે માલેકે તુને પેદા કરીને મારે રસતે મુકીછે. જો એક પવિત્ર મનની સુંદરીના પ્યાર વગર આ દુનીયા હતે તો તે કેવી નિરસ સુકી લુખી અસુખી હતે ! જયારે આજે સવારે મને મારી આસપાસ બધું અંધકાર જેવું જણાયું, જાણે હું મારી જીંદગીથીબી ધરાઈ ગયો, ત્યારે મને તારો ખ્યાલ આવ્યો, અને તારાં હેતમાં મારી આખી દુનીયા સમાએલી હતી એમ મને લાગીયું. આહ ! તારામાં અને એકલી તારામાંજ મને સંપુર્ણ વિશ્વાસ છે. ”

“અને મારો તમારામાં છે, મારા શેખર, તમુને મળવા અગાઉ મારામાં હેતની લાગણી કદી ઉભરાઈ હતીજ નહી. ” તેણી શરમાવાનો ડોળ કરતાં બોલી.

પરંતુ એકાએક શેપરે જોયું કે તેણીના ચહેરા ઉપરની તમામ સુરખી ઉડી ગઇ અને તેણી મુડદાં જેવી સફેદ બની ગઈ; તેણીની આંખો જાણે બહાર નીકળી પડી. દરવાજો અડધો બંધ હતો અને શેપર, તે અડધાં બંધ બારણાંને અઢેલીને ઉભો હતો, જયારે લીલીનો ચહેરો ખુલ્લા દરવાજાની સામે હતો અને તે બ્હારનું જોઇ શકતી. શેપર બ્હાર શું બનતું હતું તે જોઇ શકતો નહી.

" હેકટર ! " લીલીએ ખાખી સુકકા હોઠોમાંથી ચીચ્યારી પાડી.

એક ઉતાવળું પગલું અને તે જોરેમંદ જવાને કુદકો મારી ઓરડામાં આવતાં તે નાજુક નારને પોતાની મજબુત બાથમાં ઝીલી લીધી.

"મારી વહાલી, મારા જાન કરતાં વધારે, લીલી !" તે બોલ્યો. "હું ધારતોજ હતો કે તું મને એકાએક જોઇને અજબ થસે; હું સ્ટીમરથી સીધ્ધો આવ્યો અને જાણી જોઇને તુને કાગજ લખ્યું નહી. આ વખતે તો છ મહિનાની રજા મળીછે, એટલે વહાલી, તારી સાથે પરણી જવા માટે પુરતો વખત છે, કેમ ? "

અને તે ખુશીમાં આવી ગએલા જવાને, લીલીને ઉઠાવી, આનંદમાં આવી જઇ ગોળગોળ ચકરડી ખાધી. તેમ કરવા જતાં અર્ધું બંધ દરવાજાને અઢેલી ઉભેલા

એક અજાણ્યા પુરૂષ તરફ તેની નજર ખેંચાઇ અને તે અજાએબીથી થોભી ગયો. શેપર કાગળના તાવ જેવો ફીકકો પડી ગયો હતો; હૅકટરના ચહેરા ઉપર આશોકની રતાશ ધાઈ આવી. તેણે સેલર ઢબે શેપરને નમન કર્યું અને લીલીનો ઠંડો હાથ હજુર પોતાના હાથમાંજ ઝાલી રાખી તેણે કહયું:

" માફ કરજો, સાહેબ, મેં તો તમોને જોયાજ નહી. આવી ઘેલી દિવાની રીતે વર્તવા માટે દલગીર છું, પણ જ્યારે ચાર મહિના દરીયા અને આસમાનની વચ્ચે ડોળા ખાઇ જમીન ઉપર ઉતર્યો ત્યારે બધી રીતભાત ભૂલી જવાય તેમાં નવાઇ નથી. એ તો અમે સેલરોની ડૅક–મૅનર્સ કહેવાય ! અને મારી માફક તમેબી ચાર માહનાની લાંબી ગેર-હાજરી પછીથી તમારી અદરાએલી વહાલીને એકાએક મળો તો એમ મારીજ માફક દીવાના બની જાઓ કેની, વારૂ ? "

શેપર બેરૂચ એક પથ્થરનાં પુતળાં જેવો સ્થિર જણાતો હતો; જાણે તેનો દમ બંધાઈ ગયો હોય, જાણે સાંભળવાની અને સમજવાની બધી શકિત તેણે ગુમાવી હોય! પણ લીલી, જવાન હૅકટરનો હાથ છટકાવી તેનાથી ખસીને દૂર ગઇ.

" તુંને મારૂ કાગલ જીબ્રાલટરમાં મલીયું કે નહી ?" તેણીએ તીખાસથી પુછયું.

"જીબ્રાલટર અમે ગયાજ નહી મડીરા હતા, ત્યાંથીજ ઘર પાછા ફરવાનો તાર મળ્યો. એ એડમીરેલ્ટીના

સહેલાણી જીવડાઓને તું ઓળખતી નથી, ડીયર. બસ એકદમ ઓરડરો આપવાથીજ વાત. પણ કાગજ કે પત્રની મને શું દરકાર છે, જ્યારે હું પોતેજ મારી લીલીને મળીને વાત કરી શકું છ ત્યારે! પણ તેં મને હજુર તારા મિત્ર સાથે ઓળખાવ્યોબી નથી?"

"એક સખુન, સાહેબ," હવે જાણે શેપર બેરૂચ ઉપરથી ગાફેલીયતની બેહોશી ઉતરી હોય તેમ તેણે ધ્રુજતા અવાજે કહયું. "હું તમને બરાબર સમજીયોછ કે નહી તેની મારી ખાતરી કરશો? કાંઇ ભૂલ તો નથી થઇ? તમે એમ કહોછ કે તમે મીસ મેકીનટાયર સાથે પરણવા માટે અદરાએલાછો?"

"હાજ, તો. આજે પાંચ વરસ થયાં અમે અદરાએલાં છેયે. હું હમણાંજ ચાર મહિને પાછો આવ્યો અને હવે હું અમારાં લગ્ન માટે ચાર અઠવાડીયાંબી ઘોભનાર નથી." હૅકટરે કહયું.

"ચાર માહના! મને આંહ આવવાનેબી ચાર માહનાજ થયા." તે ઘણુાજ ધ્રુજતા અવાજે બોલ્યો. "એક છેલ્લો સવાલ, સાહેબ. રોબર્ટ મેકીનટાયર આ તમારી સગાઇ માટે જાણેછ?"

"અલબત વળી. એની સંભાળમાં તો હું મારી અદરાએલી વ્હાલીને મુકી ગયો હતો. પણ એ બધું મને

પુછવાનું કારણ શું ? તુને શું થયુંછ, લીલી, કાંઇ બોલતી કેમ નહી ? અરે પણ ઓ ! બાપદાદા આવો ! આ આદમી તો બેભાન થઇ જતો લાગેછ ! ”

એક જબરો લપેરો ગરીબ, ગરીબ શેપર બેરૂચે ખાધો. તેના ચહેરા ઉપર દુનીયાભરની નિરાશા અને દુખનો ખાખી રંગ ફરી વળ્યો, તેનાં જીગરમાં અસહય દુખનો એક એવો સખ્ત ઝટકો વાગીયો કે જાણે તુટી જતાં દિલને તે થોભાવતો હોય તેમ તેણે પોતાના હાથો મજબુતીથી છાતી ઉપર દાબી દીધા. પછી એકજ નજર તેણે પેલી હીણભાગી જુઠી મતલબી અબળા જેણીએ તેનાં સુખનું તમામ સત્યા- નાશ વાળી દીધું હતું, તેણીના તરફ ફેંકી અને પીઠ ફેરવી તે ત્યાંથી નીકળી ગયો.

“ કોઇ વિચિત્ર આદમી દેખાએછ! ” હેકટર તેની પુઠે જોતાં બોલ્યો. “ પણ આ બધાંનો માયનો શું, લીલી?”

તેણી આ બધો વખત એક ભયભિત પુતળાં જેવી સ્થિર ઉભી રહી હતી.

હવે પેલા પરાધેપત્નિનાં જવા સાથ, તેણીના તમામ ઉંચ ખ્યાલોનો પુરેપુરો અણધારેલો છેડો આવી ગએલો જાણી, તેણી એકેદમ ત્યાંના એક સોફા ઉપર ઉંધે મસ્તક તુટી પડી ડચકાંઓ ખેંચવા લાગી.

“ એનો માયનો એ કે તેં મારે નાશ કર્યોછે,

તેણી હાથો પગો અફાળી બખાળી. " નાશ, નાશ, નાશ સિવાય બીજુ કશું નહી. ઓ, તું કયાંથી ફુટી નીકળ્યો! એકાદ મહિનો મોડેથી આવતાં તુને શું થયું હતું! તેટલાં તો હું તદન સલામત હતે, તદન. અને તું કહેછ કે તુંને મારૂં કાગલ નહી મલીસું ? "

" તે તારાં કાગલમાં શું લખાયેલું હતું ? " હવે તે રંગીલા ખુશ મીજાજના જવાને એકાએક સખ્ત કઠોર અવાજે પુછયું. તેને લાગ્યું કે કાંઇબી બુરૂં બનવા પામ્યું હતું ખરૂં.

" તેમાં મેં સાફ લખ્યું હતું કે આપણી સગાઈ તોડી નાખવી, કારણ હું શેપર બેરૂચ સાથે પરણવાની હતી. અરે એક અબજોપતિ! અબજોપતિ! ઓ ભિખારી, તેં વચ્ચે ફુટી નીકળી આ કેવી મારી ખરાબી કરી નાખી. જા હું તુને ધિકકારૂંછ. મારાં ખરાં જીગરથી ધિકકારૂંછ, અને જયાંસુધી હું જીવસ ત્યાં સુધી તુને કદીબી માફ નહી કરીસ. ચાલી, જા અહિંથી, અને ફરી કદીબી અમારા ઉંબરે તારો બદબખ્ત ઓળો પડવા દેતો ના. "

"એજ તારો છેલ્લો જવાબ છે, લીલી?" હજુરબી તે ભોળા સેલર બાવાએ તે ખુબસુરત બલાને નમ્રતાથી પુછયું.

" છેલ્લો, સદંતર છેલ્લો, " તેણીએ પગો અફાળી જીવ જીકાટી કાઢયો.

" ત્યારે છેલ્લી સલામ. હું મારા પપાને મળીને ન્હીમંથ

પાછો ઉપડી જવસ." અને તે નિરાશ થએલો જવાન આવ્યો હતો તે કરતાં જુદીજ લાગણી સાથ એલમડીન છોડી ગયો.

---

## પ્રકરણ ઓગણીસમું.

તેજ રાત્રિએ દસ વાગતાંનો વખત હતો, ત્યારે એલમડીનના દરવાજા કોઇએ બ્હારથી ગગડાવી નાખ્યા.

બ્હાર વરંડાની ઉપર મહાલનો વડો બટલર જોન્સ ઉભો હતો. તેને માંથે ટોપી નહતી અને જાણે તે આખે રસ્તે દમ લીધા વિના દોડયો આવ્યો હોય, તેમ સખ્ત હાંફતો હતો. તેના ગભરાટથી ફાટેલા ડોળા અને ધ્રુજતા હોઠો જોઈ, કાંઇ મોટી આફત ઉતરી આવી હોય તેવા ભયનો ખટકો રોબર્ટને તરત થયો.

" મી. મેકીનટાયર, સાહેબ, માફ કરજો, પણ તરતજ જરા મહાલ તરફ આવશો ? " ધાસ્તીથી કરકર થતા દાંતો અને ઉડી જતા હોઠોથી તે નોકરે કહયું. " અમે બધા અમારા માસ્ટર માટે ફ્કરમાં પડીયાછ. "

રોબર્ટે ઝટ ટોપીં ઉઠાવી લીધી અને એકેદમ દોડવા માંડયું. તે આખો દિવસ અજબ રીતની ઉશકેરણી અને સત્યાનાશીભરીયો ગયો હતો અને હમણાં તેને લાગતું કે કાંઈ જબરજસ્ત આફત આવી પડનારી હતી. તે એક પળભી અફસોસ નહી અને જોન્સબી તેની સાથે દોડતોજ રહયો.

" તમારા માસ્ટરને શું થયુંછે ? " રોબર્ટે હાંફતાં હાંફતાં પુછયું.

" અમે નહી જાણુતા, સાહેબ, પણ અમે લેબોરેટરીનાં બારણાં ઠોકીએછ તો માંહેથી કશો જવાબ આવતો નથી, અને તોબી અમારી ખાતરી છે કે તેવણુ ત્યાં અંદરજ છે, કારણુ માંહેથી દરવાજો બંધ છે. એવણુની આખા દિવસની રીતભાતથી અમે બધા ડરી ગયાછ. "

" આખા દહાડાની રીતભાત, એટલે ? "

" હા, સાહેબ, આજે સવારે એવણુ બ્હાર ગયા હતા, ત્યાંથી પાછા ફર્યા ત્યારે કાંઈ પોતાને મનસે વાતો કરતા ઘેલા દીવાના જેવા તેવણ મહાલમાં ધસી આવ્યા. તેવણુની આંખો એવી દુખથી ફાટી ગએલી દેખાતી હતી કે અમારા ભલા માસ્ટર તરફ જોતાં જાણે ત્રાસ લાગે. પછીથી તેવણે ઓરડામાં કાંઇ બારસો ફેરા ખાધા. ટેબલ ઉપર બપોરનું ખાણું તૈયાર હતું તે તરફ ઝાંખીને જોયું વટીક નહી. અંતે તેવણ મ્યુઝીયમ તરફ ગયા અને બધાં પોતાનાં ઝરઝવેરાતો એકઠાં કરી તેવણુ લેબોરેટરીમાં લઇ ગયા. અમે જાણુતા નથી કે ત્યાર પછીથી તેવણે અંદર શું શું કર્યું પણ ભઠ્ઠીમાંથી જબરજસ્ત ધુંવાના ગોટેગોટા બ્હાર નિકળતા હતા જયારે રાત પડી ત્યારે અંદરના ઉજાસમાં અમારા માસ્ટરના આકારને અમે

લેબોરેટરીમાં અહિં તહિં ફરતો જોયો. માફ કરજો, સાહેબ, પણ જાણે કોઇ ભૂતપીશાચથી ઘેરાયલું આદમી હોય તેવો તેમનો દેખાવ જણાતો હતો. બપોરથી કશું અન્ન પાણી મોઢાં ઉપર મુકેલું નહી, અને બસ કામ કામ અને કામ તેઓએ કર્યાં કીધું. હવે અંદર તમામ શાન્ત થઇ ગયુંછ, ભઠ્ઠી ઠંડી થઇ ગઇછ, ધુંવો બ્હાર નીકળતો નથી, અને અમને કશો જવાબ અંદરથી આપતા નથી એટલે અમે ગભરાઇ ગયાછ અને પોલીસને બોલાવી લાવવા મેં મીલરને મોકલ્યોછે અને હું તમો સાહેબને બોલાવવા આવ્યો."

જયારે જોન્સ આ ખુલાસો આપી રહયો, ત્યારે તેઓ બન્ને મહાલ આગળ આવી પુગ્યા હતા. બ્હાર લેબોરેટરીના દરવાજા આગળ દરેક નોકરો ધાસ્તીથી ફીકકા જેવા ટોળું વળીને ઉભા હતા. ટેમપ્રીન્હડનો કોન્સટેબલ પણ તરતનોજ આવેલો હતો.

"આ લેવો, મી. મેકીનટાયર આવ્યા !" નોકરોમાંના કેટલાએક બોલી ઉઠયા.

"સાહેબ, આપણને દરવાજો તોડવો પડશે." તે પોલીસે રોબર્ટને કહયું. "બારણું ખખડાવીએછ તેનો કશો જવાબ મળતો નથી, એટલે કાંઇભી બુરૂં બનેલું હોવું જોઇએ."

રોબર્ટની જીભ તાળવે ચોંટી ગઇ હતી. તેણે ફકત માથું હલાવ્યું; એટલે પચીસ ત્રીસ આસામીઓએ સામટા મળીને દરવાજો હડસેલવામાં મદદ આપી કે અંદરની

કુંચીની કળ તુટી ગઈ અને બારણું ધડાકા સાથ ખુલી ગયું.

તે લેબોરેટરીના ઓરડામાં અધવચ ખાખી રાખનો ઢગનો ઢગ પડેલો હતો; તેની બાજુમાં એક બીજો ચળકતી જેવી રજકણનો ઢગ પડેલો હતો જે ત્યાંની ઇલેકટ્રીક લાઈટમાં ઝળઝળ થતો હતો. તે આખા ઓરડામાં ભય લાગે તેવો બધો વિનાશ પંથરાએલો જણાતો. તુટેલી બરણીઓ, ફુટેલા બાટલાઓ, મરડાએલા તારો, ભાંગેલાં સાંચાકામ, ઠારેઠાર રાખના ડુંગરો અને તેની અધવચે એક ખુરસી ઉપર તે દમામદાર મહાલનો માલેક, પરાપોપતિ એપર બેરૂચ, પોતાના હાથો છાતી ઉપર દાબી, જાણે પોતાના ભારી મેહેનતનાં કામ પછીથી આસાએશ લેતો હોય તેમ શાંત બેઠો હતો. તેના ચહેરા ઉપર એટલી કુદરતી શાંતી હતી કે છેક નજદિક જઈ તેને ઉઠાડવાની તજવીજ કરતાં જણાયું કે તે નેકબખ્ત નર આ ફાની જેહાન છોડી ગયો હતો.

રોબર્ટ ડુસકાઈ પડયો.

તે, સત્યયુગને શોધનાર, કુલ પૃથવીનાં મનુષ્યોને સુખ બક્ષવા માટેજ જીવનાર, ખરો ખોદાપરસ્ત, આવી અણધારેલી રીતે અકાળ મૃત્યુને શરણ થયો! રોબર્ટને લાગ્યું કે તેની આખી દુનીયા ડુબી ગઈ હતી.

ઘણુંજ માનથી તે ભલા માસ્ટરને તેના નિમકહલાલ

નોકરો ઉઠાવીને તેના ઓરડામાં લઇ ગયા, પણ રોબર્ટ, ગાફેલ જેવો ચકરી ખાતાં મગજે અને અંધારી આંખોએ ત્યાંજ પડી રહયો. અંતે પેલા પોલીસના માણસે તેનાં ખભાં ઉપર હાથ મુકયો, ત્યારે તે કાંઇક હોશમાં આવ્યો.

" આપણે આપણી ફરજ બજાવવી જોઇએ, " તે સરકારી આદમી બોલ્યો અને રોબર્ટ ચોંકયો.

" આ દેખીતા આપઘાત જેવું જણાએછે ! " તે પાછું બોલ્યો. " જુવોની, મી. મેકીનટાયર, મરનાર કાંઈ કાગળ લખી ગયાછે કે ? "

તમ્મર આવતાં મગજે જવાન રોબર્ટ ઉઠીને ઉભો થયો અને દુખથી ફાટી નીકળતા ડોળાએ તેણે ચોબાજુ જોયું. એક જબરજસ્ત કુહાડી ત્યાં પડી હતી તેનાથી શેપરડે પોતાની અદભુત શોધની બધી મશીનરી ભાંગી નાખેલી જણાતી. પડોસના રૂમમાં જે છત સુધી ઠીચોઠીચ ભરેલી સોનાની લાદીઓ તેણે ગઈ કાલેજ જોઈ હતી, તે આખો ઓરડો ખાલી ખમ જેવો ચાર દીવાલો માત્ર બતાવી આપતો હતો. સાંચાકામ ભાંગવા પહેલાં તેણે તે બધાં સોનાને એક પછી એક રૂપ આપીને છેવટ પ્રોટાઈલ નામની ખાખમાં ફેરવી નાખીયું હતું અને તે પેલા શખના કમ હતા. મ્યુઝીયમમાં જે દુનીયા વર્ણનાં ઝરઝવાહીરો હતાં તેનોબી તેજ હાલ કરેલો હતો અને પેલી ચળકતી

રજકણુ તેની ગવાહી આપતી હતી. કોઈને કદી ખ્યાલ પણ જવાનો હતો કે આ ખાખરાખ અને રજકણુના ઢગલા અબજોના અબજો રૂપીયાના બનેલા હતા! ત્યાંની એકેએક ચીજનો નાશ થયો હતો. આ એક દિવસમાં શેપર બેરૂચે કેટલી હાડકાંતોડ મહેનત કરેલી હોવી જોઈએ!

આ વખતે રોબર્ટને પેલી કબાટ માંહેલા સંગેમરમરના બોક્ષમાં મુકાએલું આ પરાધીપતિનું વીલ અને સોનું કેમ બનાવવું તેના ખુલાસાનું કાગળ યાદ આવ્યું. શું તે હજુર સલામત હશે! તેણે નજર ઉંચકી કબાટ તરફ જોયું; તે ખુલ્લી અને ખાલી પડેલી હતી.

"જુવો, સાહેબ, જયાં મી. બેરૂચ બેઠા હતા ત્યાંની ટેબલ ઉપરથી આ કાગળ મલી આવ્યું છે. તમારે નામનું છે, વાંચો, અને તેનાથી આપણુને બધો ખુલાસો મળશે."

ધ્રુજતે હાથે તે જવાન આરટીસ્ટે પેલા પ્રતાપશાળી પુરૂષના પોતાના હાથના અક્ષરનું કાગળ લીધું અને ભમતા મગજથી નીચે પ્રમાણે પોતાના મનસે વાંચીયું:—

"રોબર્ટ, હું કેવી રીતે તારી ઉપરનો આ મારો છેલ્લો સંદેશો લખવાને શરૂ કરૂં! સત્યયુગ સ્થાપવાના મારા ખ્યાલોનો સદંતર નાશ થયોછે, અને તે મોટામાં મોટી નિષ્ફળતાથી મારૂં જીગર તત્કાળ તુટી નથી ગયું એ મને અજાએબી લાગેછ; જોકે તેમાં મને અતિશય વેદના

જાએછ, તું ધારી શકે તે કરતાં પણ વધારે; છતાં હું જીવતો છેઉં, પણ એક એવે ઠેકાણે હું ચાલી જાઉંછું કે જ્યાંથી તું કદીબી મારો પત્તો મેળવનાર નથી.

" પૈસાથી સુખ અને સંતોષ મળે, અને સંતોષી સુખ મળ્યું કે સત્યયુગને શોભાવનારાં કામો સુજ પડે, એવી મારી આશા ઉમેદ એક જબરા ફટકાથી જમીન-દોસ્ત થઇછ ! અરેરે, કળીયુગ ! આ તારી કેવી ફતેહ !

" જે પૈસાએ મને સુખ બક્ષયું નથી, જેને આબરૂદાર મુફલીસોને બેહયા હરામખોર બનાવ્યા, સંતોષી સુખીયારાઓને લાલચુ લોભીયા બનાવ્યા, નિર્દોષ બુઝર્ગને મગજથી બેમગજ કીધા, વિશ્વાસુ મિત્રને, ઠગબાજીમાં સામેલ કીધો, અને અને—ઓ મારૂં જીગર ફાટી જાએછ, સત્યતાની દેવી જેવી, ફરેશ્તાઇ ખુબસુરતી ધરાવતી સુંદ-રતાની પુતળીને દગાખોર....ઓ નહી, નહી. ઓ બારેહકતાઅલા, હું એ બધું ખમી લેતે, સત્યયુગની આશા ઉમેદોનો ભંગ, હું સર ઝુકાવીને ચુપકીદીમાં વેઠી લેતે, પણ આ-આ-હદ થઇ ! અને તેથી મેં કસમ ઉઠાવ્યા કે પૈસા જેવી પાપી ચીજનો નાશ થાએ તો મારી પાછળ હું એ સત્યાનાશીનો સોદો કોઇને વારસામાં નહી આપી જાઉં. મેં તેથી બધું ફના કીધુંછ. બધું—બધું—બધું.

" મને માફ કરજે, રોબર્ટ, હું જો તારી જીન્દગીમાં

જનમ્યો નહતે, તારા સમાગમમાં આવ્યો નહંતે, તો હું આગળના જેવો એક સાચો, નિર્દોષ, તારા ખુદાઇ હુન્નરે તરફ પરસ્તાર, અને પૈસાના લોભને તુચ્છકારનાર, રહયો હતે; મગર તેના બદલામાં પૈસાથી જે અણુહદ દુખો મેં વેઠયાં તેમાંથી તુંને સદંતર મુકત કરી જાઉંછું.

“ અને હું પોતેબી સદંતર ખાલી હાથે ચાલી જાઉંછું; દુનીયાને એવે છેડે હું જવસ કે જયાંથી કદીબી તુને મારો પત્તો મળનાર નથી. ઓ, પણ અરે, મારી છાતીમાં અણુહદ દુખની વેદના થઇ રહીછે. હું વધારે વખત જીવી શકશ એમ મને લાગતું નથી; અને તેમ જો થાએ તો ખુદાતાઅલાની મોટી નવાંજેશ સમજીશ.”

“ રોબર્ટ, આ મહાલમાં જે કાંઇ હોએ તે વેચીને બરમીંગહેમનાં ગરીબોનાં કલ્યાણ અર્થે અપાય, અને આ મકાન પણ એક સેનીટેરીયમ તરીકે લોકોનાં ભલાં માટે વપરાય એવી મારી ખાહેશ છે. જે જે બેંકોમાં મારૂં નાણું છે તે હું વારસ વગર જતો હોવાથી સરકારી તીજોરીને સ્વાધીન જશે, કે જેથી તે તમામ પ્રજાવર્ગનાં ભલાં માટે ખરચાસે—ઓ અરે ! રોબર્ટ, મને ઘણુંજ દુખ થાએછ, ઓ, આ મજબુત ચમટો, આ ઉચકલું, ઓ ખોદાવંદ—તાઅલા—”

બસ ખલાસ ! આ તે કાગળ હતું; અને બેબાખરાં મગજે રોબર્ટે જાણી લીધું કે તે નેકદિલ મર્દના હાથમાંથી

વેદનાનાં પરિણામે કલમ પડી ગઈ હશે, અને એકાદ બે તેવાંજ ડચકલાં, અને તે માલેકનાં નામ સાથે તેનો પવિત્ર આત્મા ફરેશ્તાઓ સાથે મળી ગયો હશે.

"સાહેબ, આપઘાત કે ?" પોલીસમેને રોબર્ટને તે કાગળ વાંચ્યા પછી સ્થિર જેવો ઉભેલો જોઇ નજદિક જઈ ધીમેથી પુછયું.

"નહી," તેણે ખોખરા સાહદે કહયું. "તેવણનું જીગર તુટી ગયું."

*　　　*　　　*

આ પ્રમાણે તે માતબર મહાલની બધી કીંમતી વસ્તુઓ, તેનાં દુનીયા વર્ણનાં ચિત્રો, જગજાહેર પુસ્તકો વેચાઇ સટાઇ ગયાં, અને તેની ઉપજ ગરીબોનાં કલ્યાણ અર્થે વપરાઇ. બીચારા શેપર બેરૂચે પોતાની હૈયાતી દરમ્યાન મુશ્કીલીઓને રાહત આપવામાં જેટલા આશીર્વાદ નહી મેળવ્યા, તેથી વધારે મરણબાદની દુવાઓ તેને પહોંચી હશે. તેજ દોલત, તેની હૈયાતિમાં તેને અને તેની ચોબાજુનાં લોકોને સુખ આપી શકી હતી નહી. તેના પૈસાથી જે બુરૂં બનવા પામ્યું હતું તેની અસર લાંબો વખત સુધી તેની પાછળ રહી. ગરીબ બુઝર્ગ મેકીનટાયર ડબ્લુરબી કાઉન્ટીની લ્યુનેટીક એસાયલમમાં સોનાના ઢગ-

લાઓ સમજી, લાકડાંના ટુકડાઓને છાતીએ વળગા અને અબજોની દોલતના ભાગલા કરવામાં આવે તો તેને ફાળે કેટલા આવે તે ઉપર પાઉન્ડ, શીલીંગ, પેન્સની ગણત્રીમાં ભેજાંનું પુરેપુરૂં દહીં કરેછે.

રોબર્ટ મેકીનટાયર અસલના જેવો સંતોષી રહયો નથી. સોનું કેમ બનાવવું તે તેણે પોણે ભાગે તો જાણ્યું હતું, એટલે પોતાના પૈસાનો મોટો ભાગ નવી જાતની મશીનરી ખરીદવા અને રસાયણી કામો પાછળ વખત અને વિચાર બરબાદ કરતાં તે જવાનીમાં બુઢા જેવો થઈ ગયો-છે. તે પોતાનો ખુદાઇ હુન્નર લગભગ ભૂલી ગયોછ અને સોનુ બનાવવા માટે જે એક વાતની બાતમી બાકી રહી ગઇ હતી, તેની શોધ પાછળ તે હજુરબી મંડી રહયોછે. તેની બેન લીલી આજેબી જેવીને તેવીજ ખુબસુરત અને ઠસ્સાબાજ છે. એકકે તડાકે તેણીના મોટાંમાં મોટાં સુબનો પ્યાલો કડાક દઇને તુટી ગયો હતો તેનાથી તે વધતી બેસબર, જયાદા ગુસ્સેબાજ અને ઘણી સખ્તદિલ થઇ ગઈ હતી. તેણી પોતાના ભાઇનું ઘર સાચવતી હતી, અને પરાધીપતિ પછી કોઈ ઓછામાં ઓછો લાખોપતિ મળે તેની શોધમાં છે. આપણો જવાન હેકટર સ્પરલીંગ હજુર નેવીમાંજ નોકરીએ છે. તેના ઝઇફ દાનેશમંદ પિતાની સલાહ પ્રમાણે તે છેક કમાનડર થવા બાદ પરણસે એમ

તેણે નક્કી કસદ કર્યોછે. શેપર બેરૂચના પૈસાથી તેજ ફક્ત લલચાયો નહી, અને પેલી પચાસ પાઉન્ડ જેટલી નોટ કબુલવાથી પણ અલગ રહયો, એટલે તેજ ખરેખરો સુખી થએલો કહેવાય કે તે લીલીની બળાગતમાં ફસવાથી બચી ગયો.

*　　　*　　　*

ભલાં વાંચનાર,

આ રીતે સત્યયુગની શોધ પાછળ મંડનાર અને સુખ અને આબાદીની સ્થાપના કરવા ધારનાર, આપણા અર્ધ પયગામબર જેવા પવિત્ર દિલના શેપર બેરૂચનો આવો અકાળ આખેરી અંજામ આવ્યો. આમાં ખરી કમનસીબી આ કળીયુગમાં જીવનારાંઓની છે. આ પાપી ધરતી ઉપરનો ભાર, કુદરતનાં બળ વગર મનુષ્યજાતના હાથે ઓછો થનાર નથી; વિદ્વાનોની ગણત્રી છે કે આ કળીયુગનો આખેરી જમાનો છે અને ચંદરોઝમાં હવે સૃષ્ટિ સત્યયુગનું સુખ સંતોષ ભોગવતી થશે તે વખતે ખોદાવંદતાઆલા આપણા નેકબખત શેપર બેરૂચને તેના પરાધોની સાથે પૃથવી ઉપર પાછા મોકલશે.

---

ખુદા હાફેઝ.